श्रीपुष्पदंतविरचित

श्रीशिवमहिम्नः स्तोत्र

[સ્વામી મધુસૂદન સરસ્વતીની ટીકાના અનુવાદ સાથે]



ॐ नमः शिवाय

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

રૂ. ૨-૫૦

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

શ્રીપુષ્પદંતવિરચિત

श्रीशिवमहिम्नः स्तोत्र

[સ્વામી મધુસૂદન સરસ્વતીની ટીકાના અનુવાદ સાથે]

★

અનુવાદક :

લાલજી નારાયણજી બ્રહ્મભટ્ટ

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

★

રૂ. ૨-૫૦

સંવત ૨૦૩૬ : આવૃત્તિ ૧૧મી : ઈ. સ. ૧૯૮૦

૩૫૦૦–૮–'૮૦

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, ભદ્ર : અમદાવાદ

પરિચય

[આગલી આવૃત્તિમાંથી]

આ શિવમહિમ્ન: સ્તોત્ર એક ગંધર્વરાજે રચેલું. એનું નામ પુષ્પદંત હતું. ખરેખર કુંદપુષ્પની કળીઓ સમાન એના દાંત ધોળા અને સુંદર હતા. જેવો એ શરીરે સુંદર હતો, તેવો જ એ ગુણ અને ઐશ્વર્યથી શોભતો હતો, એમ કહેવાય છે. એ ક્યાં અને ક્યારે થઈ ગયો એ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી; પરંતુ એને વિષે એવી એક દંતકથા ચાલે છે કે, કાશીનરેશના પ્રમદવનમાં એ હંમેશ ગુપ્તપણે પેસી જઈ પુષ્પો ચોરી લાવતો હતો. એનામાં અંતર્ધાન થઈ અવરજવર કરવાની કોઈ દૈવી શક્તિ હતી, તેથી કોઈના પણ સમજવામાં તે આવ્યું નહિ કે, આમ પુષ્પોની ચોરી કરનાર કોણ છે અને ક્યાંથી આવે છે. કાશીરાજ પણ વિચારમાં પડી ગયા કે, 'મેં આ અંત:પુરને યોગ્ય ક્રીડાવનની મર્યાદા સચવાય એવો સારો બંદોબસ્ત રાખ્યો છે, છતાં આ ચોર કોઈના જાણવામાં ન આવે એવી રીતે પુષ્પો લઈ જાય છે; તો કોઈ પણ પ્રકારે

એને પકડવો તો જોઈએ જ. એનામાં કોઈ દૈવી શકિત હોવી જોઈએ કે જેથી એ ગુપ્તપણે અહીં આવે--જાય છે.' એમ વિચારી એની દૈવી શકિતનો નાશ કરવા પ્રમદવનમાં ઠેરઠેર શિવનિર્માલ્ય (બિલ્વપત્ર) મુકાવ્યું અને મનમાં સંકલ્પ કરી એ બોલ્યો કે, 'આ પ્રમદવનમાં જે કોઈ શિવનિર્માલ્યનું ઉલ્લંઘન કરી ચોરી કરવા આવે તેની અંતર્ધાનાદિ સર્વ શકિતઓ નષ્ટ થઈ જજો.' બન્યું પણ એમ જ. રોજના નિયમ પ્રમાણે પુષ્પદંત આવ્યો અને વચમાં પડેલાં શિવનિર્માલ્ય તરફ દુર્લક્ષ કરી અહંકાર વડે વ્યાપ્ત થઈ એ શિવનિર્માલ્યનું ઉલ્લંઘન કરીને અંદર પેઠો કે તરત જ તેની શકિત અને ગતિ બંને કુંઠિત થઈ ગયાં. પછી તો પોતે શકિતહીન થઈ વિચારમાં પડયો કે, 'અરે! મેં આજે એવી કોઈ મોટી ભૂલ કરી છે કે જેને લીધે મારી શકિત નષ્ટ થઈ છે! એમ વિચારી તેણે આજુબાજુ જોયું, તો રસ્તામાં વેરેલું શિવ-નિર્માલ્ય એના જોવામાં આવ્યું. પછી એને ખાતરી થઈ કે, 'આ શિવનિર્માલ્યની મેં અવગણના કરી, તેનું જ આ પરિણામ છે, એટલે જલદી પ્રસન્ન થનાર અને દયાના ભંડાર એવા શિવ-પરમાત્માની સ્તુતિ કર્યા વગર તેમની પ્રસન્નતા થશે નહિ.' આમ પોતાના મન સાથે નિશ્ચય કરી તેણે તે જ સ્થળે ઊભાં ઊભાં અનન્ય ભાવ વડે જે સ્તુતિ કરી, તે જ આ શિવમહિમ્ન: સ્તોત્ર છે.

ગંધર્વરાજ પુષ્પદંતે આ સ્વરચિત શિવમહિમ્ન: સ્તોત્ર ગાઈને ભગવાન સદાશિવને પ્રસન્ન કર્યા હતા. તેથી સદાશિવની

પ્રસન્નતા સારુ આજે પણ સર્વે શિવભક્તો અનન્ય ભાવથી એને ગાય છે ને પોતાને કૃતાર્થ માને છે. બ્રાહ્મણના મુખે તો એનો હંમેશ માટે વાસ હોય છે; બાળક અને વૃદ્ધ સર્વ કોઈ એનો રોજ પાઠ કરે છે. આ સ્તોત્રની મહત્તા શિવની રુદ્રી સમાન છે; અગિયાર વખત શિવમહિમ્નઃ સ્તોત્રનો પાઠ કરવાથી એક રુદ્રીપાઠ થયેલો મનાય છે.

ખરેખર આ સ્તોત્ર ઉત્તમ કોટિનું છે. સાધારણ સંસ્કૃત ભણેલો માણસ એનો અર્થ સમજી શકે નહિ એ દેખીતું છે. ટીકાના આધાર વગર ઘણી ગૂંચો એમાં રહી જવા સંભવ છે; કેમ કે આ સ્તોત્રમાં શિવના સગુણ અને નિર્ગુણ સ્વરૂપનું વર્ણન કરેલું છે; એમાં મોટે ભાગે શિવના સગુણ મહિમાનો વિસ્તાર છે; તોપણ દશેક શ્લોકોમાં તો કેવળ નિર્ગુણ મહિમા જ ગાયો છે. આ શ્લોકોની કઠિનતા અને યોગ્યતા બ્રહ્મસૂત્ર જેવી છે. જેવી રીતે સૂત્રમાં અક્ષરો બહુ જ થોડા હોવા છતાં તેમાં સંદેહરહિત સર્વસારભૂત અર્થભાર ભરેલો હોય છે, તેવી જ રીતે આમાં પણ વેદાંતની વિચારસરણીથી વેદાંતના સર્વ સિદ્ધાંતોનો સાર સમાવવામાં આવેલો છે. આ હકીકત ધ્યાનમાં લઈ પરમકૃપાળુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમધુસૂદન સરસ્વતી સ્વામીજીએ આ સ્તોત્ર ઉપર સંસ્કૃત ભાષામાં વ્યાખ્યા કરેલી છે. જોકે કલકત્તાના જગન્નાથ ચક્રવર્તીએ તથા બીજા પંડિતોએ પણ આ સ્તોત્ર ઉપર ટીકાઓ કરેલી છે; પરંતુ સ્વામીજીએ કરેલી વ્યાખ્યાની સમાનતા કોઈથી પણ થઈ શકી નથી; તે તો અનુપમ જ છે.

સ્વામીજીએ કરેલી આ 'शिवविष्णवर्थव्याख्या' જયારે મેં જોઈ, ત્યારે જ મને ભાન થયું કે શ્રીપુષ્પદંતે આ શિવમહિમ્નઃ સ્તોત્રની રચના અસાધારણ બુદ્ધિશકિતથી કરેલી છે. પ્રથમ દૃષ્ટિએ એમાં માત્ર શિવસ્તુતિ જ દેખાઈ આવે છે, પરંતુ ઝીણવટથી જોતાં દરેક શ્લોકમાં શિવવિષ્ણુ ઉપર અર્થ થાય એ પ્રમાણેની પદરચના થયેલી જોવામાં આવે છે. શિવવિષ્ણુની અભેદતા અર્થાત્ હરિહરની એકતા શાસ્ત્રોને તથા વિદ્વાનોને જે માન્ય છે, તે એમાં સુંદર રીતે સિદ્ધ કરી બતાવેલ છે. તેવી જ અસાધારણ બુદ્ધિશકિત-નો પરિચય સ્વામીજીએ પોતાની 'शिवविष्णवर्थव्याख्या' રચીને કરી બતાવ્યો છે. આમ ગંધર્વરાજ અને સ્વામીજીમાં રહેલાં ભાષાજ્ઞાનનાં અને તત્ત્વજ્ઞાનનાં આપણે જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. મારું મસ્તક તો તેમનાં આ શુભ કામો અને શુભ નામો પ્રત્યે હમેશાં પૂજ્ય ભાવે નમતું રહે છે.

શિવ અને વિષ્ણુ, બંને પક્ષે અર્થ ઘટાવી શકાય, એવા શ્લેષ રચનાવાળા આ શ્લોકોનો અનુવાદ કરવા હું પ્રેરાયો છું. કારણ કે શિવસ્વરૂપમાં અને વિષ્ણુસ્વરૂપમાં હું ભેદ માનતો નથી, છતાં મારું મન હમેશાં શિવસ્વરૂપાનુરાગી હોઈ, શિવગુણ-કથનમાં મજા માણે છે. શ્રી ભર્તૃહરિ યોગીંદ્રનાં વચનો મને આ વખતે યાદ આવે છે, તેમણે 'વૈરાગ્યશતક'માં કહ્યું છે:

महेश्वरे वा जगतामधीश्वरे जनार्दने वा जगदन्तरात्मनि ।
न वस्तुभेदप्रतिपत्तिरस्ति मे तथापि भक्तिस्तरुणेन्दुशेखरे ॥

મહેશ્વરે વા જગનાથ ઈશ્વરે, જનાર્દને વા જગપાળુ ઈશ્વરે;
ન ભેદબુદ્ધિ મનમાં ધરું ખરે, છતાં સુભક્તિ મુજ ચંદ્રશેખરે.

સ્વામીજીએ પણ પોતાની વ્યાખ્યાનમાં સ્થળે સ્થળે આવા ભેદભાવનું ઉન્મૂલન કરેલું છે અને વ્યાખ્યાને અંતે નીચે મુજબનો શ્લોક આપ્યો છે :

भूतिभूषितदेहाय द्विजराजेन राजते ।
एकात्मने नमो नित्यं हरे च हराय च ॥

એકરૂપ હરિ અને હરને મારું નિત્ય નમન હો; બંને ભૂતિ-ભૂષિત શરીરવાળા હોઈ દ્વિજરાજ વડે શોભે છે. અહીં 'ભૂતિ' અને 'દ્વિજરાજ' આ શબ્દો પર શ્લેષ છે. હરપક્ષે ભૂતિ એટલે ભસ્મ અને હરિપક્ષે ભૂતિ એટલે સંપત્તિ અર્થાત્ લક્ષ્મી અર્થ લેવાનો છે; તથા દ્વિજરાજ (ચંદ્ર) વડે શંકર અને દ્વિજરાજ (ગરુડ) વડે શ્રીવિષ્ણુ શોભે છે એમ સમજવું.

આ પ્રકારના હરિહરના અભેદજ્ઞાન માટે બંને પક્ષે અર્થ ઘટાવવામાં તેમની અસાધારણ કુશળતા જણાઈ આવે છે.

મહિમ્ન : સ્તોત્રના મૂળ સંસ્કૃત શ્લોકોનો ગુજરાતીમાં સરળ અર્થ આપ્યો છે, તે થોડું ભણેલા માણસો પણ સમજી શકે એવા હેતુથી આપેલો છે; અને તેની નીચે વિવરણ આપેલું છે. આ વિવરણ સ્વામીજીની વ્યાખ્યાને આધારે કરેલું છે. તેમાં કેટલેક ઠેકાણે મૂળમાં જ્યાં વિસ્તૃત વિવેચન કરેલું છે, તેના અનુસરણમાં

રુક્ષતા આવી ન જાય તેટલા માટે તારવણી કરીને કેવળ ભાવ જ લીધો છે. ઉપરાંત મધુસૂદન સ્વામીજીએ વિષ્ણુપક્ષે જે અર્થ પોતાની ટીકામાં આપ્યો છે, તે પણ અહીં લીધો નથી. વળી પૂર્વાપર સંબંધ જળવાય એવા હેતુથી દૃષ્ટાંતો પણ આપેલાં છે. આવી રીતે સર્વ કોટિના શિવભક્તોની સેવામાં મારું આ કાર્ય પરિણમે એવી પરમ દયાળુ પરમાત્મા પ્રત્યે યાચના છે.

આ પુસ્તકની છેવટે મૂળ શ્લોકોનો સરળ સમશ્લોકી અનુવાદ આપ્યો છે. તે સંસ્કૃત નહિ જાણનાર શિવભક્તયનુરાગીને પાઠ કરવામાં ઉપયોગી થશે તો મારો પ્રયત્ન સફળ થયો ગણીશ.

લાલજી નારાયણજી બ્રહ્મભટ્ટ

श्रीपुष्पदंतविरचित

श्रीशिवमहिम्नः स्तोत्र

શિવનો અપાર મહિમા

ગુણોનું વર્ણન કરવું તે સ્તુતિ કહેવાય છે. તે ગુણવર્ણન, ગુણ જાણ્યા વગર કરી શકાય નહિ. જેની સ્તુતિ કરવી હોય તેમના ગુણોનું જ જો જ્ઞાન ન હોય, તો તેનું વર્ણન કેમ થઈ શકે? ભગવાનના ગુણ અનંત ને અસંખ્ય છે. તે ગુણોનું સાચું જ્ઞાન કોઈને પણ થઈ શકે તેમ નથી, તો પછી પરમાત્માની ગુણવર્ણન-રૂપ સ્તુતિ કેમ કરી શકાય? બીજું અશક્ય અને અયોગ્ય કાર્યનો આરંભ કરવાથી હાંસી થાય છે, એ પ્રસિદ્ધ છે. એવી કોઈને જો શંકા થાય તો તે દૂર કરવાના નિમિત્તે પોતાની વિનયશીલતા બતાવી ગંધર્વરાજ ભગવાનની સ્તુતિ કરવાનો આરંભ કરે છે.

महिम्नः पारं ते परमविदुषो यद्यसदृशी
स्तुतिर्ब्रह्मादीनामपि तदवसन्नास्त्वयि गिरः ।
अथावाच्यः सर्वः स्वमतिपरिणामावधि गृणन्
ममाप्येषः स्तोत्रे हर ! निरपवादः परिकरः ॥ १ ॥

હે મહાદેવ! જો તમારા મહિમાની પરમ સીમાને નહિ જાણનારાની (મારી) સ્તુતિ અયોગ્ય ઠરે, તો બ્રહ્માદિ દેવોની વાણી પણ તમારા વિષે અયોગ્ય જ ગણાય; અને જો પોત-

પોતાની બુદ્ધિની મર્યાદા પ્રમાણે સ્તુતિ કરનારા સર્વ કોઈ નિંદાને પાત્ર ન હોય, તો મારો પણ આ સ્તોત્ર વિષેનો પ્રયત્ન નિર્દોષ એટલે યોગ્ય જ છે. ૧

હે મહાદેવ! તમે ભક્તનાં સર્વે દુ:ખો હરનારા છો, તેથી તમારું 'હર' એવું નામ યોગ્ય જ છે. આપ સર્વનાં દુ:ખ હરનાર છો તેથી મારું દુ:ખ પણ આપ અનાયાસે દૂર કરી દેશો. (મારા ઉપર કૃપા કરવામાં આપને વિશેષ શ્રમ થવાનો નથી) એવો અહીં ભાવ છે. હે પ્રભો! આપ તો અનંત મહિમાવાળા છો. 'તમારો મહિમા આવો છે, આટલો છે' એમ નહિ જાણનાર (મારા જેવો) કોઈ આપની સ્તુતિ કરે તો તે અયોગ્ય ઠરે છે; પરંતુ સર્વજ્ઞ તરીકે પ્રસિદ્ધિ પામેલા બ્રહ્માદિક દેવોએ કરેલી આપની સ્તુતિ પણ અયોગ્ય ઠરે છે; કેમ કે તેઓ પણ આપના મહિમાનો પાર પામી શકતા નથી. અહીં કોઈ શંકા કરશે કે બ્રહ્માદિ દેવો તો સર્વજ્ઞ છે, છતાં પાર પામી શકતા નથી એમ કહેવું અઘટિત છે; તો તેના સમાધાનમાં માત્ર આકાશનું ઉદાહરણ બસ થશે. જેમ આકાશનો પાર, છેડો મર્યાદા કે અંત—એવું કંઈ જ નથી, તેથી તે અનંત કહેવાય છે, તેમ ઈશ્વરનો મહિમા પણ અનંત છે; તેનો પણ પાર, છેડો કે હદ નથી. એમ જ્યાં પાર કે છેડો એવી કંઈ વસ્તુ જ નથી તો તેને જાણવાનું પણ કેવી રીતે બને? જે વસ્તુની સંભાવના હોય, તે વસ્તુ વિષે જ કંઈક જાણવાનું શકય થાય છે; પરંતુ મૂળમાં જેની સંભાવના જ નથી, તેને વિષે જાણવાનું પણ શું હોય? આવી રીતે બ્રહ્માદિ દેવો સર્વજ્ઞ છતાં ઈશ્વરના મહિમાનો જો પાર પામી ન શકે તો તેથી તેમની સર્વજ્ઞતામાં કંઈ

જ બાધ આવી શકતો નથી એમ સિદ્ધ થયું. અને સાથે સાથે એમ પણ સિદ્ધ થયું કે ઈશ્વરના અનંત મહિમાનો પાર કોઈ પણ પામી શકતું નથી. 'नभः पतन्त्यात्मसमं पतत्रिणः ! પક્ષીઓ પોતપોતાની શકિત અનુસાર આકાશમાં ઊડે છે, કોઈ થોડે ઊંચે જાય છે, તો કોઈ વધુ ઊંચે જાય છે. પરંતુ આકાશનો પાર તો કોઈ પામી શકતું નથી.' તેમ હું પણ, મને જેટલું જ્ઞાન છે તે પ્રમાણે વર્ણન કરી શકીશ અને મારાથી વિશેષ જ્ઞાનવાળો કોઈ હશે તે વિશેષ વર્ણન કરી શકશે; પરંતુ તમારા મહિમાનો પાર તો કોઈ પણ પામી શકતું નથી, જેથી સ્તોત્રના વિષયમાં મેં આ આદરેલો પ્રયત્ન દોષિત ઠરતો નથી. આવી રીતે આ શ્લોકના પૂર્વાર્ધમાં ઈશ્વરનો મહિમા અનંત છે એ વર્ણવ્યું છે અને ઉત્તરાર્ધમાં સ્તુતિ વિષે (આ અશક્ય કાર્યનો આરંભ કરવાથી હાંસીપાત્ર તો નહિ થવાય? એવી) આવેલી શંકાનું સમાધાન કરી લઈ, પોતપોતાની શકિત અનુસાર કરેલી સ્તુતિ યોગ્ય જ છે, એમ બતાવવામાં સ્તોત્રકારની મોટી કુશળતા જણાઈ આવે છે.

આ ૧ લા શ્લોકથી ૨૯ મા શ્લોક સુધીના બધા જ શ્લોકો શિખરિણીવૃત્તમાં છે. સંસ્કૃત પિંગળમાં તેનું લક્ષણ 'रसै रुद्रैश्छिन्ना यमनसभलागः शिखरिणी' એવું છે. એનું ગુજરાતીમાં અમે આપેલું લક્ષણ નીચે મુજબ છે. તે સમજવાનું અને કંઠે કરવાનું સુલભ થશે:

રસે રુદ્રે થોભી, યમનસભલાગે અનુસરો;
કરો કાવ્યે ક્રીડા, શુભ શિખરિણી વૃત્ત ઉચરો.

यगण, मगण, नगण, सगण અને भगण એવા પાંચ ગણના પંદર અક્ષરો છે અને છેવટે એક લઘુ તથા એક ગુરુ છે એમ સત્તર અક્ષરોના, છ અને અગિયાર એવા બે ભાગ કરી પહેલા છ અક્ષરે વિરામ લેવો.

શિવનું નિર્ગુણ અને સગુણ સ્વરૂપ

જેમ પહેલા શ્લોકમાં કહેલું છે, તેમ આ બીજા શ્લોકમાં પણ ઈશ્વરની સ્તુતિ કરવી અશક્ય છે, એમ વર્ણવ્યું છે:

अतीतः पन्थानं तव च महिमा वाङ्मनसयो-
रतद्व्यावृत्या यं चकितमभिधत्ते श्रुतिरपि ॥
स कस्य स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥ २ ॥

તમારો મહિમા વાણી અને મનના માર્ગનું ઉલ્લંઘન કરી રહેલો છે. શ્રુતિ પણ વિસ્મય પામીને જેને અભેદભાવે વર્ણવે છે, તે મહિમાની સ્તુતિ કોણ કરી શકે? તે કેટલા ગુણવાળો છે, તે પણ કોણ કહી શકે? અને તે કોનાથી જાણી શકાય એવો છે! તોપણ (ભક્તો ઉપરની કૃપાને લીધે ધારણ કરેલા તમારા) સાકાર સ્વરૂપમાં કોનાં મન અને વાણી પ્રવેશતાં નથી? ૨

હે મહેશ! તમારા સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપની મહિમાને મન તથા વાણી વિષય કરી શકતાં નથી. શ્રુતિ ભગવતી પણ કહે છે કે, ' यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा

સહ—જે સચ્ચિદાનંદ પરમાત્માને પામ્યા વગર મન સાથે વાણી પણ પાછી ફરે છે.' વળી એ જ ભગવતી પરમેશ્વરના સગુણ સ્વરૂપનું પ્રતિપાદન કરતાં, મારાથી કંઈ અયોગ્ય તો બોલી નહિ જવાય. એવા ભયથી તથા નિર્ગુણ સ્વરૂપનું પ્રતિપાદન કરતી વખતે સ્વયંપ્રકાશ ઈશ્વરનું જ્ઞાન, કોઈ અન્ય પ્રમાણને અધીન તો નહિ થઈ જાય એવા વિચારથી બીતાં બીતાં કહે છે: સગુણ પક્ષે सर्वं खल्विदं ब्रह्म–આ સર્વ બ્રહ્મ જ છે.' એવું અભેદભાવે વર્ણન કરે છે; અને નિર્ગુણ પક્ષે માયા તથા તેનું કાર્ય જે આવરણ-વિક્ષેપાદિ, તેનો ત્યાગ કરાવી જહદ્—અજહદ્ લક્ષણા વડે તેનું પ્રતિપાદન કરે છે. લક્ષણાના પ્રકારો ત્રણ છે: (૧) જહદ્ લક્ષણા, (૨) અજહદ્ લક્ષણા અને (૩) જહદ્—અજહદ્ લક્ષણા. તે પૈકી જહદ્ લક્ષણામાં પદનો મૂળ અર્થ બધો છોડી દઈ, તેની સાથે સંબંધમાં આવતો હોય એવો બીજો અર્થ ગ્રહણ કરવો પડે છે; જેમ કે, कुसुमितद्रुमा गङ्गा–જેમાં વૃક્ષો પ્રફુલ્લિત થયાં છે, એવી ગંગા.' અહીં ગંગાના પ્રવાહમાં વૃક્ષોનું હોવું અસંભવિત છે, માટે ગંગા શબ્દનો મૂળ અર્થ 'પ્રવાહ' છોડી દઈ તે શબ્દ વડે 'તીરપ્રદેશ' એવો અર્થ લેવો પડે છે, જેથી ગંગાને તીરે ખીલેલાં પુષ્પોવાળાં વૃક્ષો છે એવો અર્થ થાય છે. અજહદ્ લક્ષણામાં પદના મૂળ અર્થને કાયમ રાખી વિશેષણ—વિશેષ્યભાવ ગ્રહણ કરવો પડે છે. જેમ કે, 'રાતો દોડે છે.' અહીં રાતો તો વિશેષણ છે, માટે તે કંઈ દોડી શકે નહિ. પરંતુ તેનું વિશેષ્ય જે ઘોડો વગેરે હોય, તેનું ગ્રહણ કરવું પડે છે; એટલે કે રાતો ઘોડો દોડે છે. એવો અર્થ લેવો પડે છે. આ રીતે મૂળ અર્થને કાયમ

રાખી તે પદમાં વિશેષણ—વિશેષ્યભાવ ગ્રહણ કરવો પડે છે. પણ જહદ્—અજહદ્ લક્ષણામાં પદના મૂળ અર્થનો થોડોક અંશ છોડી દેવો પડે છે, ને થોડોક અંશ કાયમ રાખવો પડે છે. (આમ છે, તેથી તો તેનું 'ભાગત્યાગલક્ષણા' એવું બીજું નામ પણ છે.) જેમ કે, सोऽयं देवदत्तः। ઘણાં વર્ષ ઉપર જે જોયેલો, તે જ આ સામે ઊભેલો દેવદત્ત છે.' અહીં ઘણાં વર્ષ ઉપર જોયેલું તેનું સુકુમાર રૂપ અને હાલમાં જોવામાં આવતું તેનું પ્રૌઢ રૂપ, આ બંને ધર્મો છોડી દઈ દેવદત્તનું સામાન્ય સ્વરૂપ જ લક્ષમાં લઈને, આપણે તેને ઓળખીએ છીએ. એ જ પ્રમાણે 'तत्त्वमसि।' તે તું છે.' એવું જે વેદનું મહાવાકય છે, એમાંના 'तत् એટલે તે' એ ઈશ્વરવાચક પદમાંથી સર્વજ્ઞપણું અને 'त्वम् એટલે તું' એ જીવવાચક પદમાંથી અલ્પજ્ઞપણું, એમ થોડા થોડા અંશનો ત્યાગ કરી બંનેમાંથી કેવળ ચૈતન્ય અંશનું ગ્રહણ કરવું; અને 'असि એટલે છે' એ પદ વડે તેમનું ઐકય અર્થાત્ અભેદપણું સમજવું. બીજી રીતે કહીએ તો 'માયામાં પ્રતિબિંબિત એવું જે તત્પદલક્ષ્ય ચૈતન્ય અને માયાકાર્ય એવું જે અંતઃકરણ, તેમાં પ્રતિબિંબિત એવું જે ત્વંપદલક્ષ્ય ચૈતન્ય, તે બંનેમાંથી માયાનો તથા અંતઃકરણનો ઉપાધિવાળો ભાગ છોડી દઈ બાકી રહેલું જે બિંબભૂત શુદ્ધ ચૈતન્ય, તે તું છે.' એવી સાક્ષાત્કાર વૃત્તિ થતાંની સાથે માયા અને તેનું કાર્ય જે અજ્ઞાન, તેની વૃત્તિ થઈ જાય છે. આવી રીતે માયાદોષની નિવૃત્તિ થતાં, શુદ્ધ ચૈતન્યનું સમ્યક્ જ્ઞાન ઉત્પન્ન થાય છે. એમ અભેદભાવે વેદ જેનાં વખાણ કરે છે, એવા પરમાત્માને મન તથા વાણી પહોંચી શકતાં નથી, તો

પછી એવા સગુણ અને નિર્ગુણ ઈશ્વરના મહિમાની સ્તુતિ કોણ કરી શકે? જો સગુણ ઈશ્વરની સ્તુતિ કરવા બેસીએ, તો તે અનંત ગુણયુકત હોવાથી કોઈથી સ્તવી શકાય એવા નથી અને જો નિર્ગુણ સ્વરૂપની સ્તુતિ કરવા જઈએ, તો સર્વ ધર્મોથી રહિત હોવાથી કોઈથી જાણી શકાય એવું નથી; તેથી જ ' पदे त्वर्वाचीने ' એમ કહી ઈશ્વરના સાકાર સ્વરૂપની વાત કરેલી છે. એમાં ભકતો ઉપર-ના અનુગ્રહથી નંદી, પાર્વતી પિનાક વગેરે ધારણ કરેલાં હોઈ, કોનાં મન તથા વાણી પ્રવેશતાં નથી એટલે સ્તુતિ કરવા ઉત્સાહિત થતાં નથી? મતલબ કે સૌનાં થાય છે.

શિવની વેદવાણી

આ પ્રમાણે ઈશ્વરની સ્તુતિ કરવી યોગ્ય છે, તોપણ કોઈ નવીન શબ્દરચનાવાળી સ્તુતિ જો નહિ થાય તો તેમનું મનો-રંજન થશે નહિ. અને જો મનોરંજન નહિ થાય તો તેમની કૃપા થશે નહિ. જો કૃપા નહિ થાય. તો મારા દુ:ખના ઉપાયરૂપ ફળ-પ્રાપ્તિ મને થશે નહિ, એવો વિચાર કરી હવે સ્તુતિની સફળતા દર્શાવતાં સ્તવે છે:

मधुस्फीता वाचः परमममृतं निर्मितवत-
स्तव ब्रह्मन्किंवागपि सुरगुरोर्विस्मयपदम् ।
मम त्वेतां वाणीं गुणकथनपुण्येन भवतः
पुनामीत्यर्थेऽस्मिन् पुरमथन ! बुद्धिर्व्यवसिता ॥ ३ ॥

હે પ્રભો! મધ જેવી મધુર અને પરમ અમૃત સમાન (અલંકારવાળી) વેદવાણી તમે ઉત્પન્ન કરો છો; તો પછી બ્રહ્માજીની વાણી પણ આપને શું આશ્ચર્યકારક લાગે? (ન જ લાગે.) છતાં આપના ગુણોનું વર્ણન કરવાના પુણ્ય વડે હે મહાદેવ! મારી આ વાણીને હું પવિત્ર કરું, એ હેતુથી જ આ (સ્તુતિરૂપ) કામમાં મારી મતિ તત્પર થયેલી છે. ૩

હે પુરમથન! તમે શબ્દાલંકાર અને અર્થાલંકારવાળી અતિ કોમળ તેમ જ મધુર, અમૃત સમાન આનંદ આપનારી વેદવાણી, શ્વાસોચ્છ્વાસની જેમ અનાયાસે ઉત્પન્ન કરો છો; તો પછી તમને બ્રહ્માજીની વાણી પણ શી રીતે વિસ્મય કરશે?' 'गजा यत्र न गण्यन्ते मशकानां तु का कथा। જ્યાં હાથીઓનો પણ હિસાબ નથી ત્યાં મગતરાં બિચારાં કોણ માત્ર?' એ ન્યાયે જ્યાં બ્રહ્માજીની વાણી પણ ફીકી પડે, ત્યાં મારી પામર વાણીનું શું ગજું? એમ કહેવાનો આશય છે; છતાં હે ત્રિપુરાંતક! તમારા ગુણોના વર્ણનથી થયેલા પુણ્યે હું મારી વાણીને પવિત્ર કરું અને એ અભિપ્રાયથી જ મારી મતિ આપની સ્તુતિ કરવા પ્રેરાયેલી છે. અહીં પરમાત્માની વેદવાણી માંહેના શબ્દના માધુર્યને મધની તથા અર્થના માધુર્યને અમૃતની ઉપમા આપેલી છે, એ ઉપરથી એમ પણ સમજાઈ આવે છે કે, જે વાણીમાં શબ્દાલંકાર કરતાં અર્થાલંકારની અધિકતા હોય તે જ ઉત્તમ વાણી છે.

શિવની સગુણ શક્તિ

ઈશ્વર સ્તુતિ કરવા યોગ્ય છે અને તેમની સ્તુતિ કદી નિષ્ફળ નીવડી નથી. એવું પ્રતિપાદન કર્યું. હવે જો કોઈ પાપી ઈશ્વરના અસ્તિત્વ વિષે શંકા ઉઠાવી વાદ કરવા ઊભો થતો હોય, તો તેનું નિરાકરણ કરી બતાવતાં સ્તવે છે:

तवैश्वर्यं यत्तज्जगदुदयरक्षाप्रलयकृत्
त्रयीवस्तुव्यस्तं तिसृषु गुणभिन्नासु तनुषु।
अभव्यानामस्मिन्वरद ! रमणीयामरमणीं
विहन्तुं व्याक्रोशीं विदधत इहैके जडधियः ॥४॥

હે વર દેનાર પ્રભો! જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારું, ત્રણે વેદોએ (સાચી) વસ્તુરૂપે પ્રતિપાદન કરેલું અને સત્ત્વાદિ ગુણોએ કરીને ભિન્ન એવાં ત્રણે શરીરમાં અલગ અલગ સ્થપાયેલું એવું જે તમારું ઐશ્વર્ય છે, તેનું ખંડન કરવા આ લોકમાં કેટલાક મંદબુદ્ધિવાળા (મીમાંસક વગેરે), જેમનું આ ત્રણ લોકમાં કદી કલ્યાણ નથી, એવા લોકોને મનોહર લાગતું; પણ ખરી રીતે અમનોહર, એવું આક્ષેપવાળું—ભાષણ (બકવાદ) મોટેથી કરે છે. ૪

હે ઈષ્ટ વરદાન આપનાર મહાદેવ! આપ સર્વની મનોકામના પૂર્ણ કરો છો; તેથી 'વરદ' એવું આપનું નામ યોગ્ય જ છે. આકાશાદિ પ્રપંચની ઉત્પત્તિ, પરિપાલન અને સંહાર કરનારું,

ત્રણે વેદના મુખ્ય પ્રતિપાદન યોગ્ય વિષયરૂપ અને ખરી રીતે એક છતાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણયુક્ત (બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ એવાં) ત્રણે સ્વરૂપોમાં તદ્દન અલગ અલગ સ્થપાયેલું અર્થાત્ પ્રગટ થયેલું તમારું જે ઐશ્વર્ય છે, તેનો વિરોધ કરવા આક્ષેપ કરી કરીને આ લોકમાં કેટલાક જડબુદ્ધિવાળા મીમાંસકો વગેરે બકવાદ કરે છે; પરંતુ ત્રણે લોકમાં જેમનું કોઈ ઠેકાણે અને કોઈ કાળે કલ્યાણ થવાનું નથી એવા અભાગી પુરુષોને એવા આક્ષેપો ખરી રીતે મનોહર ન હોવા છતાં મનોહર લાગે છે; જ્યારે કોઈ વસ્તુ રમણીય ન હોય, છતાં રમણીય લાગે ત્યારે એમ જાણવું કે, એના અભાગ્યની એ નિશાની છે.

વેદની સઘળી શાખાઓમાં બ્રહ્મનાં બે લક્ષણોનું પ્રતિપાદન કરનારાં અનેક વાકયો છે. આ બે લક્ષણોમાં એક તટસ્થ લક્ષણ અને બીજું સ્વરૂપ લક્ષણ છે. તેમાં તટસ્થ લક્ષણની વ્યાખ્યા એવી છે કે જે ધર્મ સર્વસામાન્ય ન હોય પણ અસાધારણ હોય અને કોઈ કોઈ વખતે ધર્મીની સાથે રહેતો હોય, તો તે તટસ્થ લક્ષણ છે એમ જાણવું. જેમ કે છત્રચામરાદિ એ ચિહ્ન સર્વસાધારણ નથી; પરંતુ ખાસ વિશિષ્ટ વ્યકિત સાથે એટલે કે રાજાની સાથે જ તેનો સંબંધ હોય છે. વળી એ ચિહ્ન રાજાની સાથે રહેનારું છે, છતાં સર્વ કાળે રહેતું નથી. તેથી છત્રચામરાદિ ચિહ્ન રાજાનું તટસ્થ લક્ષણ કહેવાય છે, અને સ્વરૂપલક્ષણ તો વસ્તુની સાથે સર્વ કાળે રહેનારું હોય છે; જેમ કે 'ચંદ્રનો ઉજ્જવળ પ્રકાશ.' એમાં ઉજ્જવળ પ્રકાશ, એ ચંદ્રનું સ્વરૂપ લક્ષણ છે; તે કદી પણ ચંદ્રથી અલગ થતું નથી. એવી જ રીતે,

'જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયનું કારણ બ્રહ્મ છે' એવું જે શ્રુતિમાં વર્ણવેલું છે, તે બ્રહ્મનું તટસ્થ લક્ષણ છે; અને 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म। બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે, સત્ય છે અને અનંત છે' એવું જે શ્રુતિવચન છે તે બ્રહ્મનું સ્વરૂપલક્ષણ છે. આ પ્રમાણે જો વેદમાં સ્વરૂપલક્ષણ ન કહ્યું હોત, તો કેવળ તટસ્થ લક્ષણથી જિજ્ઞાસુઓની શંકાનું સમાધાન થાત નહિ; કેમ કે કોઈ વળી એવી શંકા લાવે કે, 'બ્રહ્મ' એ શબ્દ વડે પ્રધાન કાળ, ગ્રહ, લોકપાળ વગેરેનું અહીં ગ્રહણ કેમ ન કરવું? એમાં પણ જગતનું કારણ હોવાપણાનો સંભવ છે; તો તેના સમાધાનમાં ઉપર્યુક્ત બંને લક્ષણો કામ લાગશે. જીવાદિ વિષે જગતનું કારણ હોવાપણાનો સંભવ રહેતો નથી એવો નિશ્ચય થાય અને બુદ્ધિ સ્થિર થાય એટલા માટે જ તટસ્થપણાનો ઉપયોગ છે; અને પ્રધાન વગેરે જગતનું કારણ નથી, પણ બ્રહ્મ જ છે, એવો નિશ્ચય થવા સારુ સ્વરૂપલક્ષણનો ઉપયોગ છે એમ સમજવું. ખરી વસ્તુ આ છે છતાં કેટલાક મંદબુદ્ધિઓ ઈશ્વરનું ઐશ્વર્ય સર્વ પ્રમાણોથી સાબિત થઈ ચૂકયું છે; છતાં તે વિષે શંકાશીલ બની જેઓ તેનું ખંડન કરવા તૈયાર થાય છે, તેઓ મંદબુદ્ધિ છે, એમ અહીં 'यत्' તથા 'तत्' એ બંને શબ્દોથી સૂચવ્યું છે, 'जडधियः' એ પદને છઠ્ઠી વિભક્તિના એકવચન વડે લઈ આવો અર્થ પણ થઈ શકે; જેઓનો સંસારમાંથી ઉદ્ધાર નથી એવા અભવ્ય લોકોમાંના કોઈ જડબુદ્ધિ મનુષ્યનો આપના ઐશ્વર્ય વિષે જે અરમણીય આક્ષેપ હોય છે, તેનું ખંડન કરવા 'एके' મુખ્ય સિદ્ધાંતીઓ તેની સામે રમણીય આક્ષેપ કરે છે. આ અર્થમાં પૂર્વ પક્ષકારે તે જડબુદ્ધિ

આક્ષેપ કરનારાનું તુચ્છપણું દર્શાવ્યું છે. અને 'एके' પદના બહુવચન વડે સિદ્ધાંતીઓનું મહત્ત્વ દર્શાવેલું છે, એમ સમજવું.

તર્કથી ન સમજાય તેવી શિવની શક્તિ

'આત્મા સ્વાનુભવથી જ સિદ્ધ છે.' આ કથન જેઓ સહન કરી શકતા નથી અને એનો નિષેધ કરવા તત્પર થઈ જાય છે; વળી વેદનો અર્થ પણ પોતાના મત પ્રમાણે કરે છે, તેમનું સમાધાન તર્ક વડે જ કરવું જોઈએ. એવો અનુમાન નામનો તર્ક 'जगदुदयरक्षाप्रलयकृत्' એ પદ વડે પાછળના શ્લોકમાં બતાવેલો છે. 'અખિલ સૃષ્ટિ કર્તાવાળી છે; કેમ કે તે કાર્ય છે, જે જે કાર્ય હોય છે, તે તે કર્તાવાળું હોય છે. જેમ કે ઘડો એ કાર્ય છે તેથી કુંભાર વગર તે બની શકતો નથી.' હવે પાછળ બતાવેલા બકવાદનું કારણ, જે પ્રતિકૂળ તર્ક છે, તેને ઉત્પન્ન કરનાર પૂર્વ પક્ષીઓનું નિરાકરણ કરવા તેમના જ કુતર્કો જણાવી સ્તુતિ કરે છે અથવા તે પૂર્વપક્ષીઓ કેવા આક્ષેપો કરે છે, તે જણાવતાં સ્તુતિ કરે છે.

किमीहः किं कायः स खलु किमुपायस्त्रिभुवनं
किमाधारो धाता सृजति किमुपादान इति च।
अतर्क्यैश्वर्ये त्वय्यनवसरदुःस्थो हतधियः
कुतर्कोऽयं कांश्चिन्मुखरयति मोहाय जगतः ॥५॥

(જો ભગવાન શંકર જ સૃષ્ટિકર્તા હોય તો) તે સ્રષ્ટાની (સૃષ્ટિ રચવામાં) ચેષ્ટા કઈ? કાયા કઈ? ઉપાય કયો? વળી તેનો

આધાર કોણ? અને તેની સામગ્રી શી? કે જે તે વડે ત્રિભુવન રચે? ખરેખર! અચિંત્ય સામર્થ્યવાળા આપને વિષે અવસર વિનાનો આ કુતર્ક કેટલાંક મંદબુદ્ધિ મનુષ્યોને (જગતને ઠગવા) વાચાળ બનાવે છે. ૫

હે પ્રભો! તમારું ઐશ્વર્ય તર્ક વડે સમજાય તેવું નથી, તોપણ કેટલાક દુષ્ટ બુદ્ધિવાળાને આ કુતર્ક (તર્કાભાસ) લોકોમાં ભ્રમ ઉત્પન્ન કરાવવા વાચાળ બનાવે છે. તેઓ મરજીમાં આવે તેમ સ્વતંત્રપણે તર્ક કરી બકવાદ કરે છે. ખરેખર! શ્રુતિને ત્યજી દઈ જે તર્ક કરેલા હોય છે તે તર્ક નથી, પણ તર્કાભાસ છે. ગૌતમમુનિ એક તાર્કિક હતા, છતાં તેમણે તર્કનું લક્ષણ નીચે મુજબ આપ્યું છે: 'अनिष्टप्रसञ्जनलक्षणवान् तर्कः। જે અનિષ્ટ કાર્યના ઉપયોગમાં લેવાય છે, તે તર્ક છે.' આ ઉપરથી સમજવું ઘટે છે કે, તાર્કિકોએ જે શ્રુતિવિરુદ્ધ તર્કો કરેલા હોય છે, તે મુમુક્ષુજનોને પોતાના જ્ઞાનમાર્ગમાં વિઘ્નરૂપ નીવડે છે; માટે શ્રુતિવિરુદ્ધ તર્કો સર્વથા ત્યાજ્ય ગણવા. વાસ્તવિક રીતે જોતાં આત્મજ્ઞાન કોઈ પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે સાધ્ય થઈ શકતું નથી. તે તો ગુરુભક્તિથી અને વેદ ઉપરની અચળ શ્રદ્ધાથી જ સાધ્ય કરી શકાય છે. તર્ક વડે તો અનાત્મ વસ્તુનું જ્ઞાન થઈ શકે છે. આત્મવસ્તુનું નહિ. જુઓ: વેદાંતીઓ અને મીમાંસકો છ પ્રમાણ માને છે, જ્યારે નૈયાયિકો માત્ર ચાર જ માને છે: (૧) પ્રત્યક્ષ, (૨) અનુમાન, (૩) ઉપમાન અને (૪) શબ્દ. અર્થાપત્તિ અને અનુપલબ્ધિનો નૈયાયિકો અનુમાનમાં જ સમાવેશ કરી લે છે. તેને સ્વતંત્ર પ્રમાણ તરીકે સ્વીકારતા નથી. હવે ક્રમ પ્રમાણે દેખા-

ડવામાં આવે છે કે, આત્મા કોઈ પણ પ્રમાણ વડે જણાતો નથી; જેમ કે (૧) 'अशब्दमस्पर्शम्। આત્મા શબ્દસ્પર્શથી રહિત છે' એવું શ્રુતિવચન છે. તે ઉપરથી નક્કી થાય છે કે, ઇન્દ્રિયો વડે આત્માનું ભાન થઈ શકતું નથી, જેથી પ્રત્યક્ષ પ્રમાણ આત્મજ્ઞાનમાં સહાયક થઈ શકતું નથી. (૨) અનુમાનમાં કંઈક ચિહ્ન કે નિશાની જોઈએ; પરંતુ 'नैव च तस्य लिङ्गम्। તેને કંઈ પણ લિંગ (જાણવામાં ઉપયોગી થાય એવી નિશાની) નથી; એવું શ્વેતાશ્વેતરોપનિષદનું કહેવું છે. જેથી આત્મા લિંગરહિત હોવાથી અનુમાનનો વિષય થતો નથી. (૩) 'न तत्समश्चाप्यधिकश्च दृश्यते—તેના સમાન અને તેનાથી અધિક એવું બીજું કંઈ પણ દેખાતું નથી.' એવું શ્રુતિવચન છે; તેથી પણ સિદ્ધ થાય છે કે, આત્મા હેતુ અને દૃષ્ટાંતથી પર છે. અને ઉપમા જ્ઞાન તો સાદૃશ્ય જ્ઞાનને આધીન છે. તેથી તે પણ આત્મજ્ઞાનમાં સહાયક થઈ શકે નહિ. (૪) આત્મા નામરૂપથી રહિત છે, એમ શ્રુતિ વર્ણવે છે. જેથી શબ્દપ્રમાણ પણ એમાં કામ આવે નહિ. હવે કોઈ શંકા લાવે છે, કે, तं त्वौपनिषदं पुरुषं पृच्छामि। હું તો તે ઉપનિષદોમાં વર્ણવેલા પુરુષ વિષે પૂછું છું' એ પ્રમાણે શ્રુતિએ જ આત્માને ઉપનિષદ વડે જાણવા યોગ્ય કહેલો છે; તો પછી આત્મા શબ્દપ્રમાણ વડે ગમ્ય નથી એમ કહેવું યુકત નથી, તો તેના સમાધાનમાં જણાવવાનું કે, આત્મામાં શબ્દપ્રવૃત્તિ થવાને કંઈ કારણ નથી, તેથી તે શબ્દપ્રમાણનો વિષય થાય નહિ. 'यतो वाचो निवर्तन्ते' એ શ્રુતિવચનથી પણ સિદ્ધ થાય છે કે, વાણી એનું વર્ણન કરતાં થાકી જાય છે, તો વળી એ એમ કહેશે કે, અમે

કહેલું શ્રુતિવચન શું મિથ્યા છે? તો તેના જવાબમાં કહેવાનું કે, તમે આપેલા શ્રુતિપ્રમાણથી આત્માના નિર્વિશેષ સ્વરૂપનું જ્ઞાન થાય છે, માટે તે શ્રુતિને પણ પ્રમાણ સમજવી અને આત્મ-સ્વરૂપના જ્ઞાન માટે શ્રુતિ સિવાય બીજું કંઈ સાધન નથી, એ એ વાત સત્ય છે, તોપણ 'નેતિ નેતિ—આત્મા આવો નથી, આત્મા આવો નથી' એ પ્રમાણે કહીને શ્રુતિ પણ આત્માની ઉપર અધ્યસ્ત (આરોપિત) ધર્મોનો નિષેધ કરે છે; અને એમ કરી સર્વાધિષ્ઠાન, સન્માત્ર, નિર્વિશેષ સ્વરૂપ એ જ આત્મા છે એમ બતાવે છે; અને તેટલે અંશે તે પ્રમાણ છે. 'આત્મા આવો છે, આવો છે,' એમ સાક્ષાત્ કથન કરવા તો શ્રુતિ પણ સમર્થ નથી (૫) અર્થાપત્તિપ્રમાણ પણ આત્માને વિષય કરી શકશે નહિ. જુઓ: 'દેવદત્ત દિવસે ભોજન કરતો નથી તોપણ પુષ્ટ છે.' આ દૃષ્ટાંતમાં દેવદત્તની પુષ્ટતાની 'એ રાત્રિમાં ભોજન કરતો હશે' એવી કલ્પના કર્યા વગર સંગતિ થશે નહિ; પરંતુ આત્મામાં તો સકળ ધર્મો કલ્પિત હોવાથી તેને વિષે એકાદ ધર્મની અનુપ-પત્તિ એટલે અસંગતિ સંભવતી નથી, તેથી અર્થાપત્તિને અહીં અવકાશ નથી. (૬) આત્મા ભાવસ્વરૂપ હોવાથી અનુપલબ્ધિ પ્રમાણનો પણ વિષય નથી; કારણ કે આત્મા સ્વયંપ્રકાશ છે, અને તેથી જ સ્વતઃપ્રમાણ છે. આ પ્રમાણે તર્ક અથવા પ્રમાણથી આત્મજ્ઞાન સાધ્ય થતું નથી, એમ સિદ્ધ થાય છે; છતાં મૂઢ લોકો કુતર્કો કરે છે કે, તમારો વિધાતા સૃષ્ટિના સર્જનમાં કંઈ ક્રિયા કરે છે? તેનું શરીર કેવું છે? તે સૃષ્ટિની રચનામાં કયા ઉપાયો લે છે? કોની સહાય લઈ અર્થાત્ કોનો આધાર લઈ સૃષ્ટિ

રચે છે? જગત શાનું બનેલું છે? માટી જેમ ઘડાનું ઉપાદાન-કારણ છે, તેમ જગતનું ઉપાદાનકારણ શું છે તે કહો; કેમ કે ઘડો બનાવનાર કુંભાર પોતાના હાથ વડે ચક્ર ફેરવે છે; તેમ જ પાણી અને દોરીની મદદ તથા ચક્રના આધારથી ઉપાદાનકારણ જે માટી છે, તેનો ઘડો બનાવે છે, તે આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. તો તેના સમાધાનમાં કહેવાનું કે, જો કુંભારની પેઠે વિધાતા જગત બનાવતો હોય, તો તે પણ કુંભારની જેમ શરીર આદિ ધર્મોવાળો હોઈ અનીશ્વર અને પરતંત્ર જ હોવો જોઈએ ને? હવે તમે આ દોષ દૂર કરવા કદાચ એમ કહેશો કે, કુંભારની જેમ ઈશ્વરી શરીરી નથી, તો તેના જવાબમાં કહેવાનું કે, તમે પોતે જ ઘડાનું દૃષ્ટાંત આપ્યું હતું અને સૃષ્ટિ કર્તાવાળી છે, એમ પણ તમે જ કહ્યું હતું; તમે ગમે તેમ બોલો, પણ તમારો મત કોઈ રીતે ગ્રાહ્ય થઈ શકતો નથી. તમારા તર્કને અવકાશ નથી, માટે એ બધા કુતર્કો ઠરે છે. અઘટિત—ઘટના કરવામાં કુશળ એવી માયાને સ્વાધીન રાખી સર્વ પદાર્થોનું સર્જન કરનાર પરમાત્મામાં તમારા કુતર્કો ચાલે તેમ નથી.

આ ઉપરથી એવો સાર નીકળે છે કે, મુમુક્ષુએ ‘अचिन्त्या खलु ये भावा न तांस्तर्केण योजयेत् ।’ એ ઉક્તિ અનુસાર ચિંતવી ન શકાય એવી બાબતમાં તર્ક (અનુમાન) કરવાની માથા-ફૂટ કરવી નહિ. વળી દૃષ્ટાંત હમેશાં એક દેશમાં જ લાગુ પડે છે. જુઓ: ‘न हि दृष्टान्ते सर्वसाम्यमस्ति ।’ ઘડો બનાવવામાં જેટલી સામગ્રી જોઈએ તેટલી જ સામગ્રી જગત બનાવવામાં જોઈએ, એવો કંઈ નિયમ ન હોય. વ્યાપ્તિના અભાવમાં દૃષ્ટાંતમાં

રહેલી સર્વ બાબતો સાધ્યમાં હોવી જ જોઈએ; એ માન્યતા ભૂલ-ભરેલી છે; નહિ તો 'પર્વત અગ્નિવાળો હોવો જોઈએ, કેમ કે તે ધુમાડાવાળો છે, રસોડાની પેઠે.' આ અનુમાનમાં રસોડામાં ધુમાડાની અને અગ્નિની વ્યાપ્તિ થઈ, ત્યારે ત્યાં એક પંખો પણ જોવામાં આવેલો, તેથી પર્વત ઉપર પણ તે હોવો જોઈએ એમ ઠરે છે; પણ એમ તો હોતું નથી. આ તર્ક દૂષિત હોવાથી અગ્રાહ્ય છે. આમ અવકાશ વગરનો અને કવખતે કરેલો આ કુતર્ક મૂર્ખ મનુષ્યોને (બીજા ભોળા લોકોને ભોળવવા) વાચાળ બનાવે છે.

ખરી વાત તો આ છે કે અક્ષરબ્રહ્મ જ આ સર્વ ભૂતોનું ઉપાદાન તથા નિમિત્તકારણ છે. છતાં કોઈ તર્ક કરે કે બ્રહ્મ જગતનું કારણ નથી; કેમ કે, સૃષ્ટિની પૂર્વે એકલું જ હતું અને માટી, ચક્ર વગેરે સહકારી સાધનો સિવાય કુંભાર જેમ ઘડો બનાવી શકતો નથી, તેમ સહાયરહિત બ્રહ્મ સૃષ્ટિની રચના કરી શકે નહિ; તો આવા તર્કનું મિથ્યાપણું બતાવવા અમે આ નીચેનો મુંડ-કોપનિષદનો મંત્ર રજૂ કરીશું.

'यथोर्णनाभिः सृजते गृह्यते च यथा पृथिव्यामोषधयः संभवन्ति ।
यथा सतः पुरुषात् केशलोमानि तथाऽक्षरात्संभवतीह विश्वम् ॥

જેમ કરોળિયો બીજા કોઈની જરૂર વિના જ પોતાના શરીર-માંથી તંતુઓ કાઢી પાથરે છે અને પાછો પોતાના શરીરમાં સંકેલી લે છે, તેમ બીજા કોઈની સહાય વગર પરમાત્મા આ જગતમાં ઉત્પાદક થાય છે.' ત્યાં વળી કોઈ એવો તર્ક કરે કે, 'જગત બ્રહ્મથી ભિન્ન નથી' તેથી તે બ્રહ્મની જેમ પોતાના જ સ્વરૂપનું

ઉપાદાનકારણ થઈ શકતું નથી; તે જ પ્રમાણે સ્વરૂપથી અભિન્ન એવા જગતનું પણ તે ઉપાદાન હોઈ શકે નહિ; તો તેના સમાધાન માટે પણ આ મંત્રમાં કહેલું છે કે, જે પ્રમાણે પૃથ્વીમાં સઘળી વનસ્પતિ પૃથ્વીથી અભિન્નપણે ઉત્પન્ન થાય છે, તેમ આ જગત બ્રહ્મમાંથી અભિન્ન ઉત્પન્ન થાય છે. વળી કોઈ એમ કહેશે કે જગત બ્રહ્મથી અત્યંત વિલક્ષણ હોવાથી તેનું ઉપાદાન હોઈ શકે નહિ; કેમ કે બ્રહ્મ તો ચૈતન્ય છે, જ્યારે જગત જડ છે. જેમ માટીનો ઘડો તંતુઓથી વિલક્ષણ છે, માટે ઘડાનું ઉપાદાનકારણ તંતુ હોઈ શકે નહિ. એ તર્કનું નિરાકરણ પણ એમાં જ છે કે જેવી રીતે સજીવ (ચેતનયુક્ત) પુરુષમાંથી એના સ્વરૂપથી વિલક્ષણ એવા કેશ (લોમ) ઉત્પન્ન થાય છે; તેમ ચરાચર જગતની ઉત્પત્તિ, કોઈ નિમિત્તની અપેક્ષા વિના અક્ષરબ્રહ્મમાંથી જ થાય છે. મતલબ કે બ્રહ્મ જ આ સર્વનું ઉપાદાન અને નિમિત્તકારણ છે. 'प्रकृतिश्च प्रतिज्ञा दृष्टान्तानुपरोधात् ।' એ બાદરાયણસૂત્રમાં આ વિષય સ્પષ્ટ કરેલો છે તે શાંકરભાષ્ય જોવાથી સમજાશે. વ્યાવહારિક ન્યાય અથવા તર્ક બ્રહ્મના વિષયમાં યોજવો યોગ્ય નથી; કેમ કે એ અનુમાનથી સમજી શકાય એવું નથી; તે તો શ્રુતિ વડે જ સમજવા યોગ્ય છે; માટે શ્રુતિને અનુસરવું અને અનુકૂળ અર્થ કરવો.

અનુકૂળ તર્કથી ઈશ્વરની સિદ્ધિ

આ પ્રમાણે પ્રતિકૂળ તર્કોનો પરિહાર કરી અનુકૂળ તર્કને અનુસરી સ્તુતિ કરે છે:

अजन्मानो लोकाः किमवयववन्तोऽपि जगता-
मधिष्ठातारं किं भवविधिरनादृत्य भवति ।
अनीशो वा कुर्याद् भुवनजनने कः परिकरो
यतो मन्दास्त्वां प्रत्यमरवर संशेरत इमे ॥ ६ ॥

હે દેવોમાં શ્રેષ્ઠ! અવયવવાળાં આ સઘળાં જગત શું ઉત્પત્તિ વિનાનાં હોય ખરાં? અને જગતની ઉત્પત્તિની ક્રિયા કર્તા વગર કંઈ બની શકે ખરી? જો ઈશ્વર સિવાય બીજો કોઈ કર્તા હોય, તો સર્જનની સામગ્રી કઈ! આ બધાં કારણોથી તમે સિદ્ધ જ છો; છતાં જેઓ તમારા પ્રત્યે સંદેહ ધરે છે, તે મૂર્ખા છે. ૬

પૃથ્વી જળ, તેજ, વાયુ અને આકાશ—એવાં પંચમહાભૂતોથી બનેલી આ સૃષ્ટિ અવયવવાળી છે; માટે સર્જેલી અર્થાત્ જન્મવાળી હોવી જોઈએ. જુઓ: 'સૃષ્ટિ જન્મવાળી છે, કેમ કે તે અવયવવાળી છે; જે જે પદાર્થો અવયવવાળા હોય છે, તે તે બધા જન્મવાળા હોય છે; જેમ કે ઘડો અવયવવાળો છે, માટે તે જન્મવાળો અર્થાત્ જન્ય છે' એમ અનુમાન કરી શકાય. 'यावद्विकारं तु विभागो लोकवत् ।' કડાં, બાજુબંધ, કુંડળ વગેરે જે જે વિકારવાળાં (કાર્ય) હોય છે, તે તે પરસ્પર ભિન્ન હોય

છે; અને જેટલા જેટલા જન્મેલા પદાર્થો છે, તે તે પોતાના જેવા અનેક પદાર્થોથી ભિન્ન હોઈ બીજા પદાર્થોથી જ ઉત્પન્ન થયેલા હોય છે, એવો અનુભવ છે. મતલબ કે આ સૃષ્ટિના કર્તા ઈશ્વર સિવાય બીજો કોઈ નથી, એ વાત સિદ્ધ જ થાય છે. એ પ્રમાણે અનુમાનના દોષોનું નિવારણ કરી, બીજા એવા શંકિત દોષોનું નિરસન ચોથા ચરણમાં કરેલું છે કે, હે પ્રભો! આપ તો સર્વે પ્રમાણો વડે સિદ્ધ જ છો; છતાં તમારા વિષે જે સંદેહ ધરે છે તે સર્વે મૂર્ખા જ છે. 'यतो वा इमानि भूतानि ज़ायन्ते। येन जातानि जीवन्ति। यत्प्रयन्त्यभिसंविशंति। तद् ब्रह्म। વળી आनन्दो ब्रह्म इति व्यजानात्—જે (સચ્ચિદાનંદપરમેશ્વર)થી આ ભૂતો પ્રાણીપદાર્થો ઉત્પન્ન થાય છે, જેને લીધે જન્મીને જીવે છે અને છેવટે જેના તરફ જાય છે ને જેમાં લય પામે છે, તે બ્રહ્મ જ છે; તેમ જ આનંદ બ્રહ્મ છે. એમ તેણે જાણ્યું' ઇત્યાદિ વચનોથી બ્રહ્મનું પ્રતિપાદન કરતી અનેક શ્રુતિઓ જ પરમાત્મા વિષે મુખ્ય પ્રમાણરૂપ છે, એટલે તર્ક પણ શ્રુતિને અનુકૂળ થાય એવો જ કરવો જોઈએ; કેમ કે ઈશ્વરને શ્રુતિના આધાર વગર અનુમાનનો વિષય કરી શકાતો નથી. મતલબ કે અનુમાન અથવા તર્ક સ્વતંત્રપણે ઈશ્વરને ઓળખવામાં સહાયક થઈ શકતાં નથી. માટે જ શ્રીશંકરાચાર્ય મહારાજે પણ કહ્યું છે કે, 'श्रुतिमतस्तर्कोऽनुसंधीयताम्—વેદને અનુકૂળ થાય એવા જ તર્ક કરવા જોઈએ.'

અનેક સંપ્રદાયોનું સંગમસ્થાન

પ્રતિકૂળ તર્કોનો પરિહાર કરીને તથા ભગવાનથી વિમુખ લોકોનું નિરાકરણ કરીને હવે સર્વ શાસ્ત્રોનું એક પરમાત્મામાં જ (સીધેસીધું કે આડકતરી રીતે) તાત્પર્ય અથવા પર્યવસાન છે, તે બતાવતાં સ્તુતિ કરે છે:

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥७॥

ત્રણ વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પાશુપત દર્શન અને વૈષ્ણવ દર્શન—એમ ભિન્ન ભિન્ન શાસ્ત્રો અને તેના માર્ગો હોવાથી 'આ શ્રેષ્ઠ છે અને આ હિતકર છે' એમ રુચિઓની વિચિત્રતાને લીધે હે પ્રભો! સરળ અને કુટિલ એવા જુદા જુદા માર્ગોનો આશ્રય કરનારાઓને—જેમ પાણી સમુદ્રને મળે છે, તેમ—તમે જ પ્રાપ્ત થાઓ છો. ૭

હે પ્રભો! અનેક સરળ અને કુટિલ માર્ગોનું અનુસરણ કરનારા અધિકારી તથા અનધિકારી સર્વ લોકોના સાક્ષાત્ અથવા પરંપરા વડે તમે એક જ પામવા યોગ્ય છો; તમારા સિવાય બીજો પામવા યોગ્ય કોઈ નથી. જેવી રીતે ગંગા, નર્મદા, ગોદાવરી વગેરે નદીઓ સીધેસીધી સમુદ્રને મળે છે, અને યમુના, સરયૂ, ગોમતી વગેરે

નદીઓ કુટિલ અર્થાત્ વાંકા માર્ગોનો આશ્રય લઈને એટલે ગંગા-આદિ મહાનદીઓને મળી જઈ, તેઓના દ્વારા અંતે સમુદ્રને જ મળે છે; એમ વેદાંતના શ્રવણમાં અને મનનમાં જેમની શ્રદ્ધા છે, તેવા ઉત્તમ અધિકારીઓ સાક્ષાત્ સીધા તમને પ્રાપ્ત થાય છે; જ્યારે બીજા તેથી ઊતરતા અધિકારીઓ કર્મોપાસના વડે અંતઃ-કરણની શુદ્ધિ કેળવીને પરંપરા વડે અંતે તમને જ પ્રાપ્ત કરે છે. અહીં કોઈ શંકા કરશે કે, તેઓ સરસ તથા શીઘ્ર ફળદાયી એવા ઉત્તમ માર્ગ મૂકીને આડાઅવળા કુટિલ (વાંકા) માર્ગોનું અનુસરણ કેમ કરતા હશે? તો તેના સમાધાનમાં કહેવાનું કે, માર્ગો અનેક છે; તેમાંથી 'આ શ્રેષ્ઠ અને આ મોટો છે; એનાથી જ મારું કલ્યાણ થશે.' એવા પ્રકારની જુદી જુદી ઇચ્છા મનુષ્યને પૂર્વજન્મકૃત કર્મોને લીધે થાય છે અને તેથી સરળ કયો અને વાંકો કયો, એવા વિવેક વગર પોતે વાંકા માર્ગને જ સરળ સમજી તેમાં પ્રવૃત્ત થાય છે.

હવે તે માર્ગરૂપ શાસ્ત્રોનું નિરૂપણ કરીશું: त्रयी सांख्यं योगः એ પંક્તિમાંના 'ત્રયી' શબ્દ વડે અઢાર વિદ્યાઓનું અહીં સૂચન કરેલું છે. (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) સામવેદ, (૪) અથર્વવેદ—એ ચાર વેદ થયા. (૧) શિક્ષા, (૨) કલ્પ, (૩) વ્યાકરણ, (૪) નિરુક્ત, (૫) છંદ, (૬) જ્યોતિષ—આ છ વેદનાં અંગ થયાં. (૧) પુરાણ, (૨) ન્યાય, (૩) મીમાંસા, (૪) ધર્મશાસ્ત્ર—એ ચાર ઉપાંગ છે અને (૧) આયુર્વેદ, (૨) ધનુર્વેદ, (૩) ગાંધર્વ-વેદ, (૪) અર્થશાસ્ત્ર—આ ચાર ઉપવેદ છે. એ સર્વે મળી અઢારે વિદ્યાઓ થઈ; પણ વિદ્યાઓ તો ચૌદ જ મનાય છે. જુઓ:

'पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रितः ।
वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश' ॥ इति

ચાર વેદ, છ અંગ અને ચાર ઉપાંગ મળી ચૌદ વિદ્યાઓ જાણવી; ચાર ઉપવેદોને એમાં સ્થાન નથી; પરંતુ અહીં તો ઉપપુરાણોનો પુરાણોમાં, વૈશેષિક શાસ્ત્રનો ન્યાયમાં, વેદાંતશાસ્ત્રનો મીમાંસામાં અને રામાયણ, મહાભારત તથા સાંખ્ય, પાતંજલ, પાશુપત, વૈષ્ણવ વગેરેનો ધર્મશાસ્ત્રમાં સમાવેશ જાણી લેવો.

ઉપર ગણાવેલાં બધાં શાસ્ત્રો આસ્તિકો માટે છે. એ સિવાય માધ્યમિક, યોગાચાર, સૌત્રાંતિક, વૈભાષિક, ચાર્વાક અને દિગંબર એવાં છ શાસ્ત્રો—પ્રસ્થાન નાસ્તિકોનાં છે. આ નાસ્તિક—શાસ્ત્રો વેદબાહ્ય છે, જેથી આસ્તિકોએ સર્વને નિરુપયોગી જાણી લેવાં. હવે ઉપર્યુક્ત વેદાનુકૂળ શાસ્ત્રોનું એક પરમાત્મામાં જ કેવી રીતે પર્યવસાન થાય છે, તે જુઓ. પારાશર—સ્મૃતિમાં કહ્યું છે કે:

'न कश्चिद्वेदकर्ता स्याद्वेदस्मर्ता चतुर्मुखः ।
वेदो नारायणः साक्षात्स्वयंभूरिति शुश्रुम ॥

વેદ સાક્ષાત્ નારાયણસ્વરૂપ છે; તેમ જ તે અનાદિ છે. તેમનો કોઈ કર્તા નથી, પણ તેમનું સ્મરણ કરનાર ચતુર્મુખ(બ્રહ્મા) છે. તે ચારે વેદોમાં કર્મ, ઉપાસના તથા જ્ઞાન, એ ત્રણ કાંડ મુખ્ય છે. જ્ઞાનકાંડ તો સ્પષ્ટપણે જીવ—બ્રહ્મની એકતાનો બોધ કરે છે; જ્યારે કર્મકાંડ અને ઉપાસનાકાંડ અંતઃકરણની શુદ્ધિ કરાવીને એકાગ્રતા દ્વારા અંતે જીવ—શિવની એકતાના જ્ઞાનમાં પરિણમે છે.

આયુર્વેદાદિ ચાર ઉપવેદો છે; તેમાં આયુર્વેદના કર્તા બ્રહ્મા અને અશ્વિનીકુમાર તથા ધન્વંતરિ છે. તેમાં નાના પ્રકારના રોગો અને તેમનું નિવારણ કરનારી ઔષધિઓનું નિરૂપણ છે. એ આયુર્વેદ પણ વૈરાગ્ય દ્વારા જ્ઞાનમાં જ પરિણમે છે; કેમ કે આયુર્વેદ પ્રમાણે રોગોની નિવૃત્તિ કરવા છતાં તેઓ ફરીથી ઉત્પન્ન થાય છે; માટે સર્વ રોગોનું મૂળ માત્ર અજ્ઞાન જ છે; અને એ અજ્ઞાનની નિવૃત્તિ તો માત્ર જ્ઞાનથી જ થાય છે. એવી રીતે આયુર્વેદ પણ જ્ઞાનમાં જ પરિણમે છે. ધનુર્વેદના રચનાર વિશ્વામિત્ર છે; તેમાં ક્ષત્રિયો માટે યુદ્ધના પ્રકાર અને નાના પ્રકારનાં શસ્ત્રાસ્ત્રોનો વિધિ દર્શાવેલો છે; તે ઉપરથી દુષ્ટ લોકોનો પરાજય કરી, પ્રજા-પાલનરૂપ સ્વધર્માચરણ દ્વારા અંતઃકરણની શુદ્ધિ કરાવીને ધનુર્વેદ પણ અંતે જ્ઞાનમાં પરિણમે છે. ગાંધર્વવેદના કર્તા ભરતમુનિ છે; તેમાં નાના પ્રકારના સ્વર, તાલ તથા ગીતો અને વાદ્યોની રીતિ બતાવેલી છે; તેથી તેનું પણ ગીતો અને વાદ્યો વડે ચિત્તની એકાગ્રતા દ્વારા જ્ઞાનમાં પરિણામ આવે છે. તેવી જ રીતે અર્થશાસ્ત્રનું પણ સમજવું. તેના કર્તા અનેક છે. તેમાં દ્રવ્ય સંપાદન કરવાના ઉપાયો છે, તેનું પણ વૈરાગ્ય દ્વારા જ્ઞાનમાં જ પરિણામ આવે છે; કેમ કે અનેક ઉપાય કરવા છતાં ભાગ્ય વિના દ્રવ્યની પ્રાપ્તિ થતી નથી.

હવે વેદનાં છ અંગો વર્ણવીશું. તેમાં શિક્ષાના રચનાર પાણિનિ છે. વેદના સ્વરોના ઉચ્ચારણની રીતિ એમાં દર્શાવેલી છે તેથી વેદ ભણવામાં એ ઉપયોગી હોઈ વેદનું અંગ ગણાય છે. કલ્પસૂત્રના રચનારા કાત્યાયન અને આશ્વલાયનાદિક મુનિઓ છે; તેમાં વેદોક્ત કર્મોનાં અનુષ્ઠાનનો વિધિ કહેલો છે; તે પણ વેદમાં ઉપયોગી હોવાથી

વેદનું અંગ છે. વ્યાકરણના કર્તા પાણિનિ છે. વ્યાકરણના શબ્દોની સિદ્ધિ બતાવેલી છે તેથી તે પણ વેદનું અંગ છે. 'નિરુકતના કર્તા યાસ્ક મુનિ છે. તેમાં વેદના અપ્રસિદ્ધ શબ્દોના અર્થનું નિરૂપણ હોવાથી તે ઉપયોગી છે. તેથી તે પણ વેદનું અંગ ગણાય છે. છંદશાસ્ત્ર અર્થાત્ પિંગળના રચનારા પિંગળ મુનિ છે; તેમાં વેદના છંદોની રીતિ દર્શાવેલી હોવાથી તે પણ વેદનું ઉપયોગી અંગ છે. એ પ્રમાણે જ્યોતિષ પણ વેદનું અંગ છે; તેમાં વેદોકત કર્મોના અનુષ્ઠાન માટે યોગ્ય કાળ દર્શાવેલો છે. તેના કર્તા સૂર્ય અને ગર્ગાદિ મુનિઓ છે. વેદના તાત્પર્યમાં આ બધાં ઉપયોગી છે, તેથી વેદાંગ કહેવાય છે; અને ચારે વેદનું જે તાત્પર્ય છે, તે જ તાત્પર્ય તેમનું પણ છે; જુદું નથી.

પુરાણો અઢાર છે; તે બધાં વ્યાસમુનિનાં રચેલાં છે. દાન, તપ, વ્રત અને ઉપાસનાના પ્રકારો એમાં છે, તેથી અંતઃકરણની શુદ્ધિ કેળવીને એકાગ્રતા દ્વારા એ પણ જ્ઞાનમાં જ પરિણામ લાવે છે.

ન્યાયશાસ્ત્રના કર્તા ગૌતમ મુનિ છે; તેમાં વિશેષે કરીને વાદવિવાદની યુકિતઓની પ્રધાનતા બતાવેલી છે. એ યુકિતઓનું મનન કરવાથી બુદ્ધિની સૂક્ષ્મતા વધે છે અને સૂક્ષ્મ વસ્તુ બ્રહ્મને ઓળખવાની યોગ્યતા આપે છે; માટે એ પણ જ્ઞાનમાં સહાયક છે. મીમાંસાના બે પ્રકારો છે: (૧) પૂર્વમીમાંસા, (૨) ઉત્તરમીમાંસા. પૂર્વમીમાંસાના કર્તા જૈમિનિ મુનિ છે; તેમાં યજ્ઞાદિક કર્મોનાં અનુષ્ઠાન-ની રીતિ દર્શાવેલી છે. જો તેનું વિધિપુરઃસર અનુષ્ઠાન થાય, તો તે પણ અંતઃકરણની શુદ્ધિ કરાવીને જ્ઞાનમાં પરિણમે છે. ઉત્તરમીમાંસાના

કર્તા વ્યાસમુનિ છે. તેમાં સર્વ ઉપનિષદોનું તાત્પર્ય સમાયેલું છે; તેથી તે તો જ્ઞાનથી ભરેલું છે. તેવી રીતે ધર્મશાસ્ત્ર જે સ્મૃતિઓ કહેવાય છે, તેમના કર્તા મનુ, યાજ્ઞવલ્કય, અંગિરા, દક્ષ, સંવર્ત, સાતાતપ, પરાશર, ગૌતમ, હારીત, આપસ્તંબ, શુક્ર, બૃહસ્પતિ વગેરે દેવર્ષિઓ અને બ્રહ્મર્ષિઓ છે. તે સર્વમાં વર્ણાશ્રમોના કાયિક, વાચિક અને માનસિક સર્વ ધર્મોનું બહુ બહુ પ્રકારે નિરૂપણ કરેલું છે; તેથી તે પણ અંતઃકરણની શુદ્ધિ દ્વારા જ્ઞાનમાં જ પરિણમે છે.

હવે સાંખ્યશાસ્ત્રના કર્તા કપિલ મુનિ છે; તેમાં પ્રકૃતિ અને પુરુષનો વિવેક કરેલો છે; તેનું તાત્પર્ય પણ જ્ઞાનમાં જ છે. યોગ-શાસ્ત્રના કર્તા પતંજલિ છે; એમાં અષ્ટાંગયોગનું નિરૂપણ છે; એ પણ ચિત્તની એકાગ્રતા દ્વારા જ્ઞાનમાં જ પરિણામ લાવે છે. તે સિવાય બીજાં જે વૈષ્ણવતંત્ર અને શૈવતંત્રાદિ તંત્રશાસ્ત્રો છે, તે સર્વનો પણ ધર્મશાસ્ત્રમાં જ સમાવેશ થાય છે; કેમ કે તેમાં પણ ઉપાસના વગેરે માનસિક ધર્મોનું નિરૂપણ કરેલું છે. એ પ્રમાણે સર્વ શાસ્ત્રોનું પ્રયાણ વેદાંતપ્રતિપાદ્ય એક પરમાત્મામાં જ થતું જોવામાં આવે છે. બીજી રીતે કહીએ તો તે તે શાસ્ત્રો વડે યોજાયેલા અનેક માર્ગો અંતે એક પરમાત્મામાં જ વિરામ પામે છે; છતાં એ પ્રમાણે તેમના તાત્પર્યને નહિ જાણનારા લોકો રુચિજોગા માર્ગે જાય છે; તેથી સર્વનો સીધા માર્ગમાં પ્રવેશ થઈ શકતો નથી; છતાં એમ ન માનવું કે, વાંકો માર્ગ લીધા પછી તેમને ઈશ્વરપ્રાપ્તિ થતી નથી! તેઓ પણ અંતઃકરણની શુદ્ધિ કેળવીને સરસ માર્ગે જ આવી જાય છે ને અદ્વિતીય શુદ્ધ ચૈતન્યને પામે છે; માટે હે પ્રભો! મનુષ્ય ગમે તે માર્ગનો આશ્રય લે, પરંતુ તે સર્વને અંતે

તમારી જ પ્રાપ્તિ થાય છે એ નક્કી છે. જુઓ :

'आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कार ईश्वरं प्रति गच्छति ॥

આકાશમાંથી વરસેલું પાણી જેમ અંતે સાગરમાં જ જાય છે, તેમ સર્વ દેવોને વિષે કરેલા નમસ્કારો એક ઈશ્વરને જ પ્રાપ્ત થાય છે.' એટલે કે હરકોઈ સંપ્રદાય કે પંથનું અનુસરણ કરનારો મનુષ્ય અંતે તો એક ઈશ્વરને જ પામે છે.

શિવની રાંક જેવી ઘરવખરી !

હવે ઈશ્વરનું પુરાણપ્રસિદ્ધ સગુણ સ્વરૂપ વર્ણવે છે :

महोक्षः खट्वाङ्गं परशुरजिनं भस्म फणिनः
कपालं चेतीयत्तव वरद तंत्रोपकरणम् ।
सुरास्तां तामृद्धिं दधति तु भवद्भ्रूप्रणिहितां
नहि स्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति ॥८॥

હે ઇષ્ટ વરદાન આપનાર મહાદેવ ! તમારા કુટુંબનું પોષણ કરવાનું સાધન—મોટો પોઠિયો, ખટ્વાંગ, ફરશી, મૃગચર્મ, ભસ્મ, સર્પો અને ખોપરીઓ આટલું જ છે; છતાં દેવો તો આપની ભ્રૂકુટિના ઈશારાથી અપાયેલી તે તે સમૃદ્ધિને ધારણ કરે છે. ખરેખર ! વિષયોરૂપી ઝાંઝવાનું જળ, પોતાના આત્મામાં જ આનંદ માણનાર યોગીને ભમાવી શકતું નથી. ૮

શ્લોકમાં ગણાવેલી ૭ વસ્તુઓથી જ જેની ઘરવખરી પરિપૂર્ણ થઈ જાય છે એ દરિદ્રી દેવનું આરાધન કરવાથી શું

વળવાનું છે એમ કોઈ કહે તો તેનો ઉત્તર શ્લોકના ઉત્તરાર્ધમાં જ આપેલો છે કે, હે ભગવન્ ! તમે પોતે ભલેને દરિદ્રીના વેશમાં હો, પરંતુ સર્વ દેવોને જે અસાધારણ સંપત્તિ પ્રાપ્ત થયેલી છે, તે તો કેવળ તમારા કૃપાકટાક્ષનું જ ફળ છે. વળી ઇંદ્રાદિ દેવતાઓ જે અલૌકિક તેજ અને સામર્થ્ય ભોગવે છે તે પણ આપની સેવાનું જ ફળ છે. આપ દરિદ્રી નથી, પણ મહાન વિભૂતિવાળા દેવાધિદેવ છો; કારણ કે જે બીજાને ધનવાન અને સામર્થ્યવાન બનાવે છે, તે પોતે જ અધિક ધનવાન અને સામર્થ્યયુક્ત હોય છે એવો જગતનો અનુભવ છે.

ઠીક તમારા મહાદેવ જો એવા અતિશય ઐશ્વર્યવાળા છે, તો તેમની ઘરવખરી આવી તુચ્છ કેમ છે? એમ કોઈ શંકા કરનારો નાસ્તિક નીકળે તો તેનો પણ જવાબ ચોથા ચરણમાં આપેલો છે, જે સચ્ચિદાનંદસ્વરૂપ હોઈ પોતાના આનંદમાં જ મગ્ન રહેનાર છે, તેને શબ્દાદિ વિષયોની મિથ્યા ઇચ્છા કદી લોભાવી શકતી નથી. જેમ ખારવાળી ભૂમિમાં જ્યાં પાણીનું નામ પણ હોતું નથી, ત્યાં સૂર્યનાં કિરણોને લીધે, ભૂમિ તપવાથી જળ ભર્યું હોય એવો ભાસ થાય છે અને પાણી પીવાની ઇચ્છાથી તે તરફ દોડી જનારાં મૃગલાં છેતરાય છે: તેમ વાસ્તવિક રીતે જોતાં વિષયો મિથ્યા હોઈ અત્યંત દુઃખ આપનારા અને મનુષ્યને ફસાવનારા છે; છતાં અજ્ઞજનોને તે સુખ ઉપજાવનારા જણાય છે, તેથી જ તેઓ તેમાં આસક્ત રહી અંતે દુઃખનો અનુભવ કરે છે; પરંતુ નિજાનંદી પુરુષો તેને વિષરૂપ જાણીને દૂરથી જ ત્યજી દે છે. આ પ્રમાણે મનુષ્ય પણ આત્માનંદમાં મગ્ન બની વિષયોથી છેતરાતો નથી, ત્યારે નિત્યમુક્ત

અને જ્ઞાનસ્વરૂપ એવા ચરાચરના સ્વામી વિષયરૂપ ઝાંઝવાના જળથી ન લોભાય એમાં નવાઈ શી? સત્ય છે કે આત્માનંદમાં જ રમી રહેલા દેવાધિદેવ શંકરને વિષયરૂપી ઝાંઝવાનું જળ લોભાવી શકતું નથી. તે તો વિશેષ પરિવાર કે આડંબરનો સ્વીકાર કર્યા વગર જ નદી, ભસ્મ, અજિન વગેરે અલ્પ સાધનોથી સદા સંતુષ્ટ રહેનારા છે, જેથી એવા વૃષવાહન પરમાત્માની આરાધના જ શ્રેયસ્કર છે.

ઈશ્વરના પુરાણપ્રસિદ્ધ સ્વરૂપ વિષે ઉપર જણાવેલાં સાત સાધનો એ પ્રમાણે પુરાણમાં વર્ણવેલાં છે; પરંતુ ખરી રીતે પુરુષ પ્રધાન, મહત્તત્ત્વ, અહંકાર, પંચતન્માત્રા, ઇંદ્રિયો અને પંચ-મહાભૂતો એ સાત સાત સાધનો જ ઉપર્યુક્ત સાત સાધનોના સ્વરૂપે, ગુપ્તપણે ભગવાન સદાશિવની સેવા કરી રહેલાં છે, અર્થાત્ એ સાત તત્ત્વો જ આ જગતરૂપી કુટુંબના ભરણપોષણ માટે પૂરતાં છે એમ સમજી લેવું. શાસ્ત્રો પણ એમ જ કહે છે.

સૃષ્ટિ માટે વિવિધ મતો

એ રીતે સ્તવનને યોગ્ય એવા ઈશ્વરના સગુણ સ્વરૂપનું વર્ણન કર્યું. હવે સ્તુતિના પ્રકાર બતાવી સ્તવન કરે છે:

ध्रुवं कश्चित्सर्वं सकलमपरस्त्वध्रुवमिदं
परो ध्रौव्याध्रौव्ये जगति गदति व्यस्तविषये ।
समस्तेऽप्येतस्मिन्पुरमथन तैर्विस्मित इव
स्तुवंजिह्रेमि त्वां न खलु ननु धृष्टा मुखरता ॥९॥

કોઈ (સાંખ્ય અને યોગદર્શનકાર) સર્વ જગત નિત્ય છે એમ માને છે. બીજો (બૌદ્ધ) આ બધું અનિત્ય છે. વળી અન્ય (નૈયાયિક) સઘળા જગતમાં નિત્યતા અને અનિત્યતા ભિન્ન ભિન્ન વિષયોમાં માને છે; આથી હે પુરમથન! તે બધા સ્તુતિના પ્રકારોથી વિસ્મય પામેલાની પેઠે હું તમારી સ્તુતિ કરતાં શરમાતો નથી! અહો! ખરેખર! વાચાળતા ઘણી જ નિર્લજ્જ છે.

સાંખ્ય અને પાતંજલ મતના અનુયાયીઓ આ સર્વ જગતને જન્મ અને નાશથી રહિત માને છે. સસલાનું શિંગડું અને વાંઝણીના છોકરા પેઠે જે વસ્તુ અસત્ છે અર્થાત્ જેની સંભાવના જ નથી, તેની ઉત્પત્તિ કયાંથી હોય? અને સત્ એટલે આત્મા, જે હમેશાં સત્સ્વરૂપે વિદ્યમાન છે, તેનો કદી નાશ થતો નથી; કારણ કે અસત્‌ની જો ઉત્પત્તિ થાય, તો તે અસત્ નથી; અને સત્ વસ્તુનો જો નાશ થાય, તો તે સત્ નથી. બીજી રીતે કહીએ તો જગતની જે વ્યકત અવસ્થા તેનું નામ ઉત્પત્તિ, અને અવ્યકત અવસ્થા તેનું નામ નાશ છે. ઈશ્વર પણ તે વ્યકત અને અવ્યકત અવસ્થાનો જ નિયામક હોઈ શકે છે, પણ અસત્‌ની ઉત્પત્તિ તથા સત્‌નો વિનાશ કરવા ઈશ્વર પણ સમર્થ નથી, એ અભિપ્રાયે સત્કાર્યવાદ નામનો આ એક પક્ષ જગત સત્ય છે એમ કહે છે.

(સાંખ્યદર્શન સત્કાર્યવાદને માનનાર છે. સત્કાર્યવાદમાં કાર્ય અને કારણ ભિન્ન નથી, પણ કેવળ કારણની વ્યકત અવસ્થામાં જ છે. આ જગત પ્રલયકાળમાં અવ્યકત રહે છે અને ઉત્પત્તિકાળમાં વ્યકત થાય છે; માટે કારણ સત્ય છે અને એનાથી ઉત્પન્ન થયેલું કાર્ય પણ સત્ય છે આ એનો સિદ્ધાંત છે.)

બૌદ્ધમતના અનુયાયીઓ 'આ સર્વ અનિત્ય છે,' એમ માનનારા છે, ઘટાદિ સત્ વસ્તુ કદી સ્થિર (નિત્ય) નથી હોતી; પદાર્થમાં સફળ ક્રિયાપણું હોવું એ જ તેનું સત્પણું છે, એટલે ક્ષણિક જલપાનથી ક્ષણિક તૃષાશાંતિ, ક્ષણિક ભોજનથી ક્ષણિક ક્ષુધાશાંતિ વગેરે જે સફળતા હોવી તે જ પદાર્થનું સત્પણું છે; પરંતુ આ સફળ–ક્રિયા માત્ર એક ક્ષણમાં જ સમાપ્ત થઈ જતી હોવાથી બીજી ક્ષણમાં તેનું અસત્પણું નક્કી થાય છે; આમ 'ક્ષણિક વિજ્ઞાન' માનનારા આ બૌધમતાનુયાયીઓ, આ સર્વ ક્ષણિક છે, તેથી પરમેશ્વર પણ ક્ષણિક વિજ્ઞાનની પર પરારૂપ હોઈ અસત્ની ઉત્પત્તિ કરવાને તથા સત્ની સ્થિરતા કરવાને તે સમર્થ નથી થતો એમ કહેનારા છે. આ સુગમતાનુવર્તીનો 'સર્વક્ષણિકતાવાદ' નામે બીજો પક્ષ થયો.

આ બન્નેથી જુદો એવો ત્રીજો પક્ષ તાર્કિકોનો છે. તેઓ ઉપર્યુકત બંને પક્ષના યુકિતવાદને સહન કરતા નથી. એ લોકો એમ પ્રતિપાદન કરે છે કે, આ સર્વ સૃષ્ટિમાં કેટલાક નિત્ય અને કેટલાક અનિત્ય એમ ભિન્ન ભિન્ન ધર્મોવાળા પદાર્થો છે. આકાશ, કાળ, દિશા, આત્મા, મન અને પૃથ્વી વગેરેના પરમાણુઓ નિત્ય મનાય છે. જ્યારે સર્વ કાર્યદ્રવ્યો અનિત્ય છે. ઈશ્વર અનિત્ય પદાર્થની ઉત્પત્તિ તથા નાશનો નિયામક છે, પણ નિત્ય દ્રવ્યની ઉત્પત્તિ કે વિનાશનો તે નિયામક નથી એમ તેઓ માને છે.

આરંભવાદી ન્યાયવૈશેષિક અસત્યવાદી છે. આ મતમાં જગતનું મૂળ કારણ ચતુર્વિધ પરમાણુ જ સત્ય છે અને કાર્યસમૂહ સત્ પરમાણુમાંથી ઉત્પન્ન થયા છે. હવે આ કાર્યસમૂહ ઉત્પત્તિની

પહેલાં હતો નહિ માટે અસત્ છે એમ માનેલું છે. આ અસત્કાર્યવાદ છે. વેદાંતમાં અસત્કાર્યવાદ નથી; તેમ જ સત્કાર્યવાદ પણ નથી; પરંતુ સત્કારણવાદ છે. એમાં કારણરૂપી બ્રહ્મ જ સત્ય છે; કાર્યરૂપી જગત છે, તે ઝાંઝવાના જળ જેવું ભ્રમમાત્ર છે; અને કારણ ઉપર જ માત્ર વિવર્ત છે. એવો એ વેદાંતીઓનો સિદ્ધાંત છે. આ વેદાંતમત સિવાયના ઉપર જણાવેલા ત્રણે મતોમાં દ્વૈતનો અંગીકાર કરેલો છે; માટે ઉપાધિયુક્ત અને સંકુચિત એવા સ્વરૂપના વર્ણન વડે ઈશ્વરની સ્તુતિ કરવી એ લજ્જાસ્પદ છે; છતાં તે રીતે હે પુરમથન! હું તમારી સ્તુતિ કરતાં શરમાતો નથી; કારણ કે તમારું ઐશ્વર્ય જોઈ હું ચકિત થયા જેવો વિસ્મિત થયો છું; જેમ કોઈ મનુષ્ય અદ્‌ભુત ચમત્કાર જોઈ વિસ્મય પામે છે, ત્યારે દેહભાન પણ ભૂલી જાય છે તથા બીજા મનુષ્યો હાંસી કરશે, એવો તેને ખ્યાલ પણ રહેતો નથી, તેથી તે ગમે તેમ વર્તે છે; તેવી જ રીતે હું પણ (આને સ્તુતિ કરતાં આવડતી નથી એમ કહી લોકો મને હસશે, તે તરફ ધ્યાન ન આપતાં) તમારી સ્તુતિ કરવા તત્પર થયો છું; એનું કારણ માત્ર વાચાળપણું જ છે. આ વાચાળપણું ખરેખર નિર્લજ્જ છે; લજ્જાશીલ મનુષ્યને પણ તે નિર્લજ્જ બનાવી દે છે. આ પ્રમાણે સર્વ પ્રકારના વાદીઓના મતો ભ્રમમૂલક છે, એમ કહીને માત્ર અદ્વૈત મત જ ભ્રમવશ નથી એમ સૂચિત કર્યું. છે.

બ્રહ્મા અને વિષ્ણુના પ્રયત્નો

અહીં સુધી નવ શ્લોકોમાં ઈશ્વરની સ્તુતિ કેવી રીતે કરવી તે સ્તુતિની સામગ્રી બતાવી. હવે સ્તુતિ કરવા તત્પર થયેલા વિષ્ણુ અને બ્રહ્માને પણ ઈશ્વરની કૃપાથી જ સાક્ષાત્કાર થયો હતો; એમ કહી ઈશ્વરનું અસીમ માહાત્મ્ય પ્રકટ કરતાં ગંધર્વરાજ સ્તુતિ કરે છે:

तवैश्वर्यं यत्नाद् यदुपरि विरिंचिर्हरिरधः
परिच्छेत्तुं यातावनलमनलस्कंधवपुषः ॥
ततो भक्तिश्रद्धाभरगुरुगृणद्भ्यां गिरिश यत्
स्वयं तस्थे ताभ्यां तव किमनुवृत्तिर्न फलति ॥ १० ॥

હે કૈલાસપતિ! અગ્નિ સમાન દેદીપ્યમાન શરીરવાળા-(આપ)નું ઐશ્વર્ય માપવાને પ્રયત્ન વડે બ્રહ્મા ઉપર અને વિષ્ણુ નીચે ગયા; પણ તેઓ તેમાં ફાવ્યા નહિ; ત્યારે અત્યંત ભકિત અને શ્રદ્ધા વડે સારી પેઠે સ્તુતિ કરતા તે બંનેને (પોતાનું સ્વરૂપ જણાવવાં) તમે પોતે જ પ્રત્યક્ષ થયા. તમારી સેવા શું નથી ફળતી? બધું ફળે જ છે. ૧૦

હે શંકર! તેજતેજના અંબારરૂપ એવા તમારા સ્થૂળ સ્વરૂપને માપવા પ્રયત્ન વડે બ્રહ્માજી સત્યલોક સુધી ઊંચે ગયા અને શ્રીવિષ્ણુ પાતાળ સુધી નીચેના લોકમાં ગયા; પરંતુ તેઓની ગતિ કુંઠિત થઈ ગઈ (અટકી ગઈ). આપના સ્થૂળ સ્વરૂપનો પણ તેઓ પાર પામી શકયા નહિ. એમ આપના સ્થૂળ સ્વરૂપનો પણ જો તેઓ

પાર ન પામે, તો પછી સૂક્ષ્મ સ્વરૂપની તો વાત જ શી કરવી? વિષ્ણુ અને બ્રહ્મદેવ જેવા પ્રભાવશાળી દેવોની જ્યાં આવી દશા, ત્યાં બીજા પુરુષોની તો વાત જ શી! એ પ્રમાણે સેવા ન કરી હોય તો ફળ મળતું નથી એવો વ્યતિરેક બતાવી, જો સેવા કરી હોય તો ફળ મળે છે એવો અન્વય બતાવે છે. એ રીતે તે બન્ને દેવો પોતાના પ્રયત્નોને નિષ્ફળ થયો જોઈ હતાશ થઈ ગયા અને શ્રદ્ધાપૂર્ણ અનન્ય ભકિતથી તમારી સ્તુતિ કરવા લાગ્યા. 'भक्तिश्रद्धाभरगुरुगृणद्भ्यां' એ પદમાં 'ભકિત'નો અર્થ કાયિકી સેવા શ્રદ્ધા એટલે આસ્તિકચ બુદ્ધિ અર્થાત્ માનસિક સેવા, અને એ બન્નેની અતિશયતાથી શ્રેષ્ઠ સ્તુતિ વડે વાચિક સેવા સમજવી. એ પ્રમાણે ત્રિવિધ સેવા કરવાથી તમે પોતે પ્રસન્ન થઈ પોતાનું સ્વરૂપ જણાવવા તેમને દર્શન દીધાં. મૂળ શ્લોક માંહેના 'ગુરુ' અને 'ભર' શબ્દો વડે એવો ધ્વનિ નીકળે છે કે, શિલા વગેરે જે ભારે પદાર્થો છે, તે જેમ મેઘની વૃષ્ટિ તથા પવનાદિકોથી ચલિત થતા નથી, તેમ શ્રદ્ધા અને ભકિત વડે ગુરુત્વ(ભાર)વાળી સ્તુતિ અનેક વિઘ્નો વડે પણ ચળે નહિ. સારાંશ કે બ્રહ્મદેવ અને શ્રીવિષ્ણુએ કરેલી સ્તુતિ અચળ હોવાથી જ સફળ થઈ.

[બ્રહ્મદેવ અને વિષ્ણુ, સદાશિવના સ્વરૂપનો પાર પામવા ગયા હતા. તે વિષે આવો વૃત્તાંત છે કે, એક વખત બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે વાદવિવાદ થયો કે, આપણા બંનેમાં શ્રેષ્ઠ કોણ? વિષ્ણુએ કહ્યું કે હું અને બ્રહ્માએ કહ્યું કે હું શ્રેષ્ઠ છું; એમ વાદવિવાદ ચાલે છે એટલામાં અનંત અગ્નિજ્વાળાથી યુકત એવું અલૌકિક તેજોમય લિંગ પ્રગટ થયું. એ લિંગ જોઈ બન્નેને બહુ

જ આશ્ચર્ય થયું. વિષ્ણુએ કહ્યું કે, 'હે બ્રહ્મા! આ લિંગનો કંઈ અંત જણાતો નથી, માટે તમે હંસનું રૂપ લઈ ઊંચે આકાશમાં જઈ આ લિંગનો છેડો જોઈ આવો; હું વરાહનું રૂપ લઈ નીચે પાતાળમાં જઈ એનું મૂળ જોઈ આવું છું, એમ કહી વિષ્ણુ શ્વેત વરાહનું રૂપ લઈ મનોવેગે નીચે ગયા અને બ્રહ્મા હંસનું રૂપ ધારણ કરી વાયુવેગે ઉપર ગયા. આમ બન્ને જણા એક હજાર વર્ષ સુધી પ્રયત્ન વડે તે અલૌકિક તેજોમય લિંગનો પાર પામવા ઉપર અને નીચે ગયા, પણ વિષ્ણુને તેના મૂળનો પત્તો ન લાગ્યો અને બ્રહ્માને તેના ઉપરના છેડાનો પત્તો ન લાગ્યો; આખરે તેઓ થાકીને મૂળસ્થાનમાં (જ્યાં હતાં ત્યાં) આવ્યા અને તેજોમય લિંગને નમસ્કાર કરી પ્રાર્થના કરવા લાગ્યા. એમ પ્રાર્થના કરતાં કરતાં એક સો વર્ષ વહી ગયાં; એટલે તેમાંથી મહાદેવજી પોતે પ્રકટ થયા; તેમણે એ બન્નેને ૐકારનો ઉપદેશ આપ્યો.]

રાવણની પરમ ભક્તિ

રાવણ ઉપર ઈશ્વરનો અનુગ્રહ થયો હતો, તે બતાવતાં શ્રી પુષ્પદંત સ્તુતિ કરે છે:

अयत्नादापाद्य त्रिभुवनमवैरव्यतिकरं
दशास्यो यद्बाहूनभृत रणकण्डूपरवशान् ।
शिरःपद्मश्रेणीरचितचरणाम्भोरुहबलेः
स्थिरायास्त्वद्भक्तेस्त्रिपुरहर विस्फूर्जितमिदम् ॥११॥

હે ત્રિપુરહર! (સર્વનો પરાભવ કરવાથી) અનાયાસે વૈરી

વગરનું થયેલું ત્રિભુવન મેળવીને, રાવણ લડાઈની ચટપટીવાળા જે (વીસ) બાહુઓને ધારણ કરતો હતો, તેણે (પોતાનાં) મસ્તકો-રૂપી કમળની માળા તમારા ચરણકમળમાં બલિદાન કરી દીધી હતી, એ તમારા વિષેની તેની દૃઢ ભકિતનો જ પ્રભાવ છે. ૧૧

રાવણે શંકરને પ્રસન્ન કરવા અનેક વર્ષો સુધી ઘોર તપ આદર્યું હતું અને પોતાના હાથે પોતાનાં નવ મસ્તકો એક પછી એક કાપીને તે મસ્તકોની માળા મહાદેવજીના ચરણકમળમાં ભેટ કરી હતી. આ વાત પુરાણપ્રસિદ્ધ છે અને એવી એકનિષ્ઠા અને દૃઢ ભકિતનું એને શું ફળ મળ્યું? તે કહે છે કે, શંકરના વરદાનથી એ બળવાન અને અતિ પ્રમત્ત થયેલા રાવણે અનાયાસે ત્રણે લોક જીતી લીધા. ત્રિલોકમાં કોઈ પણ શત્રુ થનાર તેની સામે રહ્યો નહિ. તેનું પરાક્રમ સાંભળીને જ સર્વ કોઈ પોતાનો ગર્વ મૂકી દેતા હતા. અરે! તેણે તો ઇંદ્રાદિ દેવોને પણ જીતીને પોતાના દાસ બનાવ્યા હતા અને તેમની પાસે પોતાના ઘરનાં કામ કરાવ્યાં હતાં. તેના ઘરમાં દેવેન્દ્ર માળીનું કામ કરતો હતો; ચંદ્ર તેના માથા ઉપર છત્ર ધરી રાખતો હતો; અગ્નિ રસોઈનું કામકાજ કરતો હતો; પવન કચરો કાઢતો હતો; વરુણ જળ વહેવાનું કામ કરતો હતો; સૂર્ય રાવણ આગળ મશાલ ધરતો હતો અને ગણપતિને તેનાં ઢોર ચારવાનું કામ મળ્યું હતું; એમ બધા દેવોને તેણે કામ સોંપ્યું હતું. ત્રૈલોકયમાં કોઈ પણ વીર તેની સામે લડવા સમર્થ ન હતો, તેથી તેના વીરતાભર્યા બાહુઓની લડવાની અતિશય ઉત્કંઠા કદી પૂરી થઈ ન હતી. આટલું બધું સામર્થ્ય રાવણમાં જે આવ્યું હતું તે હે ઈશ્વર! તમારા વિષેની તેની અચળ ભકિતનો જ પ્રભાવ છે.

સ. સા.

રાવણના મદનો નાશ

આવી રીતે રાવણ ઉપર પરમાત્માનો અનુગ્રહ થયો, તે બતાવીને હવે તેને અભિમાની થવાથી કેવી રીતે શિક્ષા થઈ તે બતાવે છે:

अमुष्य त्वत्सेवासमधिगतसारं भुजवनं
बलात्कैलासेऽपि त्वदधिवसतौ विक्रमयतः ॥
अलभ्या पातालेऽप्यलसचलिताङ्गुष्ठशिरसि
प्रतिष्ठा त्वय्यासीद् ध्रुवमुपचितो मुह्यति खलः ॥१२॥

રાવણે તમારી ભકિત કરી પોતાની વીસ ભુજાઓમાં મજબૂતાઈ મેળવી હતી અને તેથી તેણે તમારા નિવાસસ્થાન કૈલાસમાં પણ (તેને ઊંચકીને લઈ જવા) પોતાની એ ભુજાઓનું પરાક્રમ ચલાવ્યું હતું; તે વેળા તમે (પર્વત ઉપર પગના) અંગૂઠાનો છેડો સહેજ દબાવ્યો, ત્યારે રાવણની સ્થિતિ, પાતાળમાં પણ દુર્લભ થઈ લઈ હતી. ખરેખર! સમૃદ્ધિમાન થયેલો દુષ્ટ પુરુષ મોહ પામે છે (છકી જાય છે). ૧૨

રાવણની માતાનું નામ કૈકસી હતું. તે હમેશાં પ્રાતઃકાળે સમુદ્રસ્નાન કરીને, ત્યાં જ બેસી પાંચ ધાન્યના લોટનું શિવલિંગ બનાવીને હથેળીમાં રાખીને, તેની ષોડશોપચાર પૂજા કરતી. નિત્યના નિયમ પ્રમાણે તે એક દિવસ એ પ્રમાણે પૂજા કરી રહીને ધ્યાનમાં

બેઠી હતી, ત્યાં રાક્ષસના વેશમાં ઇંદ્ર આવ્યો અને તેણે કૈકસીના હાથમાંથી શિવલિંગ ધીમેથી લઈ લીધું ને સમુદ્રમાં ફેંકી દીધું. શિવલિંગ લોટનું બનાવેલું હતું. છતાં કૈકસીની ભક્તિથી દૃઢ થયેલું હતું, જેથી તેનો નાશ કરી નાખવામાં સમુદ્ર ફાવ્યો નહિ. તેણે તરંગો વડે તેને ઉછાળીને કાંઠે લાવીને મૂક્યું. પણ તે ઘણે છેટે પડેલું હોવાથી (ધ્યાન પૂરું થતાં. શોધતી કૈકસીને) તે હાથ લાગ્યું નહિ. કૈકસી શોકાતુર બની ગઈ અને પોતાની નિત્યનિયમમાં ભંગ થવાથી શોક કરવા લાગી. એ સાંભળી રાવણ ત્યાં આવ્યો અને બોલ્યો: 'હે માતા! તમે શોક કરશો નહિ. આપણે ત્યાં એક રત્નનું શિવલિંગ છે, તેની તમે પૂજા કરજો. તમારા હાથમાંથી ગયેલું શિવલિંગ હવે હાથ લાગવાનું નથી.' કૈકસીએ કહ્યું: 'પુત્ર! શંકરના આત્મલિંગ સિવાય બીજું કોઈ પણ પાર્થિવ લિંગ મને ઇષ્ટ નથી, તેથી જ હું મારા હાથથી બનાવેલું પાર્થિવ લિંગ (આત્મલિંગનું પ્રતીક માનીને) પૂજતી હતી. મારું પાર્થિવ લિંગ જો મને નહિ મળે, તો હું પ્રાણનો ત્યાગ કરીશ; કેમ કે પાર્થિવપૂજાનો ભંગ અશુભકારક છે.' આમ માતાનું નિશ્ચયપૂર્વકનું બોલવું સાંભળી રાવણે કહ્યું: 'હે માતા! હું હમણાં જ કૈલાસ પર્વત ઉપર જાઉં છું અને સાક્ષાત્ શિવને જ અહીં કૈલાસ સાથે ઉપાડી લાવું છું.' એમ કહી રાવણ ઊપડ્યો. તેણે કૈલાસ આગળ આવીને પોતાના બાહુબળની પરીક્ષા કરવા સારુ કૈલાસ ઊંચકવા વિચાર કર્યો. તે મહાપરાક્રમી હતો, તેણે પોતાના વીસેય બાહુઓ વડે. કૈલાસને હચમચાવી મૂક્યો ત્યારે પાર્વતી ભયભીત બની શંકરને પૂછવા લાગ્યાં: 'આ કૈલાસ

કેમ કંપે છે!' શંકરે કહ્યું: 'એ તો આપણો બાળક રાવણ ક્રીડા કરે છે.' 'આવી તે ક્રીડા હોય? મને તો બહુ ભય લાગે છે!' એમ પાર્વતીજી બોલ્યાં. પછી તો મહાદેવજીએ પાર્વતીનો ભય દૂર કરવા કૈલાસને સહેજ (લીલામાત્રથી) પગના અંગૂઠાના અગ્રભાગ વડે દબાવ્યો કે તરત જ રાવણ પાતાળમાં પેસી ગયો. પછી જ્યારે રાવણે દીનભાવે બહુ બહુ પ્રાર્થના કરી, ત્યારે શંકરે તેનો ઉદ્ધાર કર્યો. આવી પુરાણપ્રસિદ્ધ કથાના અનુસંધાનમાં શ્રીપુષ્પદંત કહે છે કે, ભગવાન, તમારી સેવાના પ્રભાવે રાવણના બાહુમાં બળ પ્રાપ્ત થયું હતું; છતાં તમારા નિવાસસ્થાન કૈલાસ ઉપર તેણે પોતાનું બળ અજમાવ્યું, પણ તમે અંગૂઠાનો અગ્રભાગ જરા દબાવ્યો, એટલામાં તો પાતાળમાં પણ તેની સ્થિતિ મુશ્કેલ થઈ પડી. તમારા અંગૂઠાના સહેજ દબાણમાં પણ આટલું બધું સામર્થ્ય છે કે, મહાબળી રાવણ પણ પાતાળમાં પેસી ગયો. અહીં કોઈ શંકા કરે કે, શંકરની કૃપાથી જ બળવાન બનેલો રાવણ શંકરને કેમ ભૂલી ગયો? તેના ઉત્તરમાં કહે છે કે, ખરેખર! સમૃદ્ધિ પામેલો દુષ્ટ પુરુષ પોતાના ઉપર ઉપકાર કરનારને પણ ભૂલી જાય છે. અરે! ઉપકારના બદલામાં અપકાર કરવા પણ તૈયાર થઈ જાય છે. આવી કૃતઘ્નતા દુષ્ટ મનુષ્ય વગર કોણ કરે? સારાંશ કે નીચ પુરુષને સમૃદ્ધિ મળે છે, એટલે એ પાછળથી બધી આપત્તિ ભૂલી જઈ છેક છકી જાય છે.

બાણાસુરની સમૃદ્ધિ

ઉપરના શ્લોકમાં પરમાત્માએ દુષ્ટ રાવણનો ગર્વ કેવી રીતે ઉતાર્યો હતો તે બતાવ્યું. હવે બાણાસુરની ઉન્નતિ કેમ થઈ હતી, તે બતાવતાં સ્તુતિ કરે છે:

यदृद्धिं सुत्राम्णो वरद परमोच्चैरपि सती-
मधश्चक्रे बाणः परिजनविधेयत्रिभुवनः ॥
न तच्चित्रं तस्मिन् वरिवसितरि त्वच्चरणयो-
र्न कस्याप्युन्नत्यै भवति शिरसस्त्वय्यवनतिः ॥ १३ ॥

હે વરદાન આપનાર મહાદેવ! ત્રણે ભુવનોને જેણે દાસની જેમ વશ કરેલાં હતાં, તે બાણાસુરે ઇંદ્રની સમૃદ્ધિને પણ નીચી કરી (તિરસ્કારી) હતી. તમારા ચરણોની સેવા કરનાર બાણાસુરની બાબતમાં એ આશ્ચર્ય ઉપજાવનારું નથી; કારણ કે તમારી આગળ મસ્તકનું નમન પણ કોને ઉન્નતિ (અપાવવા) માટે થતું નથી? ૧૩

હે વરદ! દેવોના રાજા ઇંદ્રની અત્યંત શ્રેષ્ઠ સંપત્તિને પણ બાણાસુર તુચ્છ ગણતો હતો; અથવા તો ઇંદ્રથી પણ અધિક સંપત્તિ એની પાસે હોવાથી તે ઇંદ્રના ઐશ્વર્યને અલ્પ માનતો હતો, તેમાં કંઈ નવાઈ જેવું નથી; કેમ કે તેણે ત્રૈલોકયને પોતાના સેવકની પેઠે વશ કર્યું હતું; તે તમારી ભકિતનો પ્રભાવ છે; તેણે ઇંદ્રની સંપત્તિને તુચ્છકારી હતી એટલું જ આપની સેવાનું કંઈ ફળ નથી; પણ તે તો આપની સેવાના ફળનો માત્ર એક અંશ જ છે; કારણ કે મનુષ્ય ભકિતપૂર્વક ઈશ્વરને શરણે જાય તો તેની

કોઈ પ્રકારની ઉન્નતિ બાકી રહેતી નથી; પરંતુ મોક્ષ સુધીનો સર્વ પ્રકારનો ઉત્કર્ષ તે સાધી લે છે. આપની આગળ 'શિવની અવનતિ પણ ઉન્નતિનું કારણ બને છે' એવી અતિશયોક્તિ સાથે આ શ્લોકમાં અર્થાતરન્યાસ અલંકાર મૂકયો છે અને તે દ્વારા સ્તોત્રકારે ભગવાન શંકરની સર્વોત્કૃષ્ટતા તથા અચિંત્ય મહિમા સૂચવેલ છે. બાણાસુરે ઇંદ્રના કરતાં વિશેષ સંપત્તિ સંપાદન કરી તેમાં જરાયે વિસ્મય પામવા જેવું નથી; કેમ કે તે તમારી સેવામાં તત્પર રહેતો હતો. એમ કહી સ્તોત્રકારે ઈશ્વરનો પ્રભાવ અને સર્વોત્કૃષ્ટતા અહીં જણાવેલ છે.

[પ્રસંગોપાત્ત હવે બાણાસુરનો કેટલોક વૃત્તાંત કહીશું. બલિરાજાને બધા પુત્રોમાં સૌથી મોટો પુત્ર બાણાસુર હતો. શોણિતપુર એની રાજધાની હતી. તે હજાર કમળો લઈ હમેશાં શંભુની પૂજા કરતો હતો. શંકરની કૃપાથી એને સહસ્રાર્જુનની પેઠે હજાર ભુજાઓ મળી હતી અને રાવણની જેમ એણે ત્રણે લોકને વશ કર્યા હતા. સઘળા દેવો એના દાસ બન્યા હતા. ભગવાન શંકરે એને પોતાનો વરદ પુત્ર ગણ્યો હતો; એટલું જ નહિ, પણ એના નગરનું પોતે જ રક્ષણ કરતા હતા. એ પ્રકારે શંકરની પૂર્ણ કૃપા હતી; છતાં એ વિનયનમ્ર રહી શકયો નહિ. અતિશય ગર્વે એને ગાંડો કર્યો. બુદ્ધિ બગડી ગઈ અને એણે પોતાના બાહુઓની ખંજવાળ શમાવે એવો યોદ્ધો સદાશિવ પાસે માગ્યો. શંકરે કહ્યું કે, જ્યારે તારા ધ્વજસ્થંભ ઉપરનો મોર જમીન ઉપર પડી જશે અને ધ્વજ તૂટી પડશે, ત્યારે તારા બાહુઓનું જોર ભાંગનારો મહાન યોદ્ધો તને મળશે. પછી એની કન્યા ઉષા

નામે હતી (તે ઉષા ઉપરથી ઉખા અને ઉખા ઉપરથી ઓખા કહેવાઈ). જેણે ગૌરીના વરદાનથી એક રંગીલો જુવાન સ્વપ્નમાં જોયો હતો, તેનું તેણે પોતાની સખી ચિત્રલેખા દ્વારા દ્વારકામાંથી હરણ કરાવ્યું હતું; અને ગાંધર્વલગ્ન કરી તેને પોતાના મહેલમાં ગુપ્ત રાખ્યો હતો. એ વાતની જ્યારે બાણાસુરને જાણ થઈ ત્યારે તેની સાથે તેણે યુદ્ધ કર્યું અને નાગપાશથી તેને બાંધી કેદી તરીકે રાખ્યો હતો. એ વખતે આકાશવાણી થઈ અને ધ્વજસ્તંભ ઉપરનો મોર પડી ગયો ત્યારે બાણાસુર ખુશ થયો કે હવે મને મારા જેવો સમાન યોદ્ધો મળશે ખરો! જેને એણે કેદખાનામાં પૂર્યો હતો તે પ્રદ્યુમ્ન(શ્રીકૃષ્ણના પુત્ર)નો પુત્ર અનિરુદ્ધ હતો. શ્રીકૃષ્ણને એ વાતની જાણ નારદમુનિએ કરી એટલે શ્રીકૃષ્ણ સઘળા યાદવોનું સૈન્ય સાથે લઈ બાણાસુર સાથે લડવા આવ્યા. તેમની સાથે બાણાસુરના રક્ષણ માટે શંકર પણ પોતાના સૈન્ય સાથે આવ્યા. બન્ને પક્ષો વચ્ચે દારુણ યુદ્ધ થયું. પૃથ્વીનો ભાર ઉતારવા માટે જ શ્રીકૃષ્ણનો અવતાર થયો છે, એવું જાણીને બાણાસુરનો ગર્વ ગાળવા માટે શિવજી શ્રીકૃષ્ણનાં અસ્રો વડે મોહિત થયા. એટલામાં શ્રીકૃષ્ણે વૃક્ષની શાખાઓ જેમ કાપે તેમ બાણાસુરના હજાર હાથ એક પછી એક કાપી નાખ્યા; પરંતુ શંકરના કહેવાથી માત્ર ચાર હાથ જ રહેવા દીધા અને તેના પ્રાણ બચાવ્યા; કેમ કે ભગવાને પ્રહ્લાદને વરદાન આપ્યું હતું કે, 'न वध्यो मे तवान्वयः—હું તારા વંશજનો નાશ નહિ કરું.' તેથી જ બાણાસુરને મારી નાખ્યો નહિ. છેવટે બાણાસુરે પોતાની કન્યા ઉષા સહિત અનિરુદ્ધને શ્રીકૃષ્ણ પાસે રજૂ કર્યો અને શંકરની સંમતિથી

ઘણી જ ધામધૂમ સાથે તેમનાં લગ્ન કરાવી તેમને દ્વારકા મોકલી દીધાં. એ રીતે બાણાસુરને શિવજીની કૃપાથી ઉત્તમ સંપત્તિ અને પરાક્રમ પ્રાપ્ત થયાં હતાં. એ હકીકત આ શ્લોકમાં વર્ણવેલી છે. પરંતુ જ્યારે એને ગર્વ થયો ત્યારે એની પણ દુર્દશા થઈ. અર્થાત્ ઈશ્વરકૃપાએ જો રૂપ, ગુણ, ઐશ્વર્ય વગેરે પ્રાપ્ત થયાં હોય તો તેને લીધે છકી જવું નહિ; કેમ કે ગર્વ કોઈનો રહ્યો નથી. આમ સમજી સદૈવ શિવના ચરણોમાં અવનતિ (નમસ્કાર) સ્વીકારીને ઉન્નતિ સાધવી એ જ શ્રેયનો માર્ગ છે.]

જગદ્રક્ષા માટે શિવનું વિષપાન

अकाण्डब्रह्माण्डक्षयचकितदेवासुरकृपा-
विधेयस्यासीद्यस्त्रिनयन विषं संहृतवतः ॥
स कल्माषः कण्ठे तव न कुरुते न श्रियमहो
विकारोऽपि श्लाघ्यो भुवनभयभङ्गव्यसनिनः ॥१४॥

હે ત્રણ નેત્રોવાળા! (દેવો અને દાનવોએ કરેલા સમુદ્ર-મંથન વખતે નીકળેલા ઝેરની જ્વાળાઓથી) ઓચિંતા (થઈ જતા) બ્રહ્માંડના નાશને લીધે ભયભીત થયેલા ઇંદ્રાદિ દેવો તથા દાનવો ઉપરની દયાને વશ થઈ (એ) વિષને પી ગયેલા તમારા ગળામાં જે કાળાશ થઈ ગઈ, તે શોભા કરતી નથી, એમ નથી (પણ શોભા જ કરે છે). અહો! જગતના ભયને ટાળવાના વ્યસનવાળા પુરુષને (થયેલો) વિકાર પણ વખાણવાલાયક બને છે.

હે ત્રણ નેત્રોવાળા! કાલકૂટ નામના વિષનું પાન કરવાવાળા આપના કંઠમાં વિષને લીધે જે કાળાશ આવી ગઈ, તેથી કંઠની શોભા નથી થઈ એમ ન કહેવાય; ઊલટું એ કાળાશથી તો વિશેષ શોભા બની છે. અને નીલકંઠ એવું આપનું નામ પણ એ કાળાશથી જ પડયું છે. અહીં કોઈ આવો પ્રશ્ન કરે છે કે, દૂરદર્શી ભગવાને એ ભયંકર વિષને જાણી જોઈને કેમ પીધું? તો તેના ઉત્તરમાં બીજી પંક્તિમાં કહે છે કે, દેવો તથા દૈત્યો ભયભીત થઈ આપની પાસે આવ્યા. તે વખતે દયાને વશ થઈ આપે વિચાર્યું કે આ વિષનું પાન કરવાનું બીજા કોઈનું ગજું નથી. હું જો ઉપેક્ષા કરીશ તો સકળ વિશ્વ નાશ પામશે, માટે જગતની રક્ષા સારુ મારે પોતાને જ વિષપાન કરવું જોઈએ. આવા વિચારથી તમે તે ઉગ્ર વિષનું પાન કર્યું હતું; પરંતુ તેમ કરવાથી ગળામાં કાળાશ આવી ગઈ; અર્થાત્ કાળો ડાઘ થઈ ગયો તે શોભામાં વૃદ્ધિ કરનાર કેમ થયો એમ કોઈ પૂછે તો કહે છે કે, એમાં મોટા આશ્ચર્યની વાત નથી; કેમ કે લોકોનો ભય ટાળવાનું જેને વ્યસન લાગ્યું છે, એવા પરમેશ્વરનો વિકાર પણ પ્રશંસનીય છે; અર્થાત્ જગતના ઉપકારાર્થે થયેલું દૂષણ પણ ભૂષણરૂપ જ બને છે.

[હવે આ વિષપાન સંબંધી આવી પુરાણકથા છે તે આપણે જોઈએ. એક વાર મહર્ષિ દુર્વાસાએ ઇંદ્રને એક માળા આપી. લક્ષ્મીના મદથી છકેલા ઇંદ્રે એ માળા પોતાના હાથીના ગંડસ્થળ ઉપર મૂકી દીધી; ત્યારે હાથીએ એ માળાને સૂંઢ વડે ઉછાળીને જમીન પર ફેંકી દીધી. પછી તેના ઉપર પગ મૂકી તે ચાલતો થયો. એ જોઈ મુનિને બહુ માઠું લાગ્યું. તેમણે ઇંદ્રને શાપ આપ્યો

કે, 'તું ત્રિલોકી સહિત નિર્ધન થા.' એમ દુર્વાસાના શાપથી ઇંદ્રની લક્ષ્મી નાશ પામી, તેથી બધા દેવોને સાથે લઈ તે બ્રહ્માને શરણે ગયો. એટલે બ્રહ્મા એ બધાને સાથે લઈ શ્રીવિષ્ણુ પાસે ગયા અને એમની સ્તુતિ કરી. શ્રીવિષ્ણુ પ્રસન્ન થયા અને બોલ્યા: તમે બધા દૈત્યોની મદદ લઈ સમુદ્રમંથન કરો, તેમાંથી તમને લક્ષ્મી મળશે. તમારે હમેશાં સહેલું કામ દૈત્યોને સોંપવું, એટલે તેઓ ગર્વાંધ હોઈ સહેલું કામ કરવાની ના કહેશે અને ભારે કામ ઉપાડી લેશે. હું પણ તમને એ કામમાં સહાય કરીશ.' વિષ્ણુ ભગવાનનાં એ વચનો સાંભળી, દેવો પોતાને સ્થાને ગયા. પછી ઇંદ્રે પોતાનું કામ સિદ્ધ કરવા બલિરાજા પાસે જઈ સમુદ્રમંથનની વાત કરી: 'હે બલિરાજ! આપણે બધા મળી સમુદ્રમંથન કરીએ; તેમાંથી જે જે નીકળશે, તે તે સઘળું આપણે સરખે હિસ્સે વહેંચી લઈશું.' એ સાંભળી બલિરાજાએ દૈત્યો સાથે સમુદ્રમંથન કરવાનું કામ કબૂલ કર્યું. પછી તો બધા દૈત્યો તથા દેવોએ મળીને, મંદરાચળને રવૈયો કરી વાસુકિ નાગનું નેતરું કરી સમુદ્રમંથન શરૂ કર્યું: ત્યારે તેમાંથી ઉચ્ચૈઃશ્રવા ઘોડો, ઐરાવત હાથી, કૌસ્તુભમણિ, કલ્પવૃક્ષ વગેરે જાતજાતનાં રત્નો નીકળ્યાં; તેમ જ મહાભયંકર કાલકૂટ નામનું ઝેર પણ નીકળ્યું. એ ઝેરથી ત્રણે લોકો 'ત્રાહિ ત્રાહિ' પોકારી રહ્યા; ત્યારે દેવો અને દાનવો ભયભીત બની સ્તુતિ કરતા શંકર પાસે આવ્યા; એટલે શંકરને દયા ઊપજી અને તેમણે સૌને આશ્વાસન આપ્યું અને તે ઝેર પોતે પી ગયા.]

असिद्धार्था नैव क्वचिदपि सदेवासुरनरे
निवर्तन्ते नित्यं जगति जयिनो यस्य विशिखाः ।
स पश्यन्नीश त्वामितरसुरसाधारणमभूत्
स्मर स्मर्तव्यात्मा नहि वशिषु पथ्यः परिभवः ॥ १५॥

હે ઈશ્વર! દેવ, દાનવ અને માનવ સહિત આ જગત ઉપર કાયમનો વિજય મેળવનાર એવાં કામદેવનાં બાણ કોઈ ઠેકાણેથી સિદ્ધિ મેળવ્યા વગર પાછાં ફર્યાં નથી. તે કામદેવ તમને બીજા દેવો જેવા સાધારણ દેવ માનીને સ્મરણશેષ બની ગયો (નાશ પામ્યો.). ખરેખર! જિતેંદ્રિય(પુરુષ)નો અનાદર કદી હિતકારી બનતો નથી. ૧૫

હે ઈશ! સદા વિજયશાળી એવા કામદેવનાં બાણ દેવ, દાનવ કે મનુષ્યોમાં કોઈ પણ ઠેકાણે આ વિશ્વમાં નિષ્ફળ જઈ પાછાં ફરતાં નથી; એવો પરાક્રમી કામદેવ 'બીજા દેવોને મેં અનેક વાર જીત્યા છે, તેમ મહાદેવને પણ હું જીતીશ' એમ વિચારી તમારા તપમાં ભંગ પાડવા આવ્યો; પણ બીજા દેવોની જેમ તમે પણ એક સાધારણ દેવ છો એવી મૂર્ખતાભરી તેની માન્યતાને લીધે તે બળીને ભસ્મ થઈ ગયો; કારણ કે જિતેંદ્રિય સાધારણ મનુષ્યની આગળ પણ જો હલકું વર્તન ચલાવવામાં આવે છે, તો તે પણ નુકસાનકારક નીવડે છે, તો પછી જિતેંદ્રિય એવા આપ મહાયોગી અને મહાદેવ પ્રત્યે કરેલો તિરસ્કાર તો અતિશય

નુકસાનકારક થાય એમાં કહેવું શું?

[હવે શંકરે કામદેવને બાળીને ભસ્મ કર્યો તે સંબંધી પુરાણમાં જે કથા છે, તે આપણે જોઈએ. પૂર્વે બ્રહ્માજીના વરદાનથી છકી ગયેલો તારકાસુર દેવાદિને ઘણો ત્રાસ આપતો હતો. એક વખત બધા દેવો ભેગા મળી બ્રહ્માજી પાસે ગયા અને તારકાસુરનો નાશ થાય એવો ઉપાય બતાવવાને પ્રાર્થના કરી; ત્યારે બ્રહ્મા બોલ્યા: 'જો મહાદેવ અને પાર્વતીનો સંયોગ થાય, તો તેમનાથી ઉત્પન્ન થયેલો પુત્ર તારકાસુરનો નાશ કરી શકશે; માટે તેમનો સમાગમ થાય એવો કોઈ ઉપાય કરો એ ઉપરથી કામદેવને બોલાવી ઇન્દ્રે કહ્યું: 'તમે હિમાલય ઉપર જ્યાં મહાદેવજી તપ કરે છે, ત્યાં જાઓ અને તેમને મોહિત કરી તેમના તપનો ભંગ કરો; સાથે પાર્વતી પણ તપ કરી રહ્યાં છે, તેમનો સંયોગ સધાય એવું કરો.' એટલે કામદેવ બોલ્યો: 'અહો! એમાં તે શી મોટી વાત છે? એક જ ક્ષણમાં હું તેમને જીતી લઈશ' એમ કહી તે રતિને સાથે લઈને હિમાલય ઉપર જ્યાં શિવજી તપ કરતા હતા ત્યાં ગયો. એ વેળા વસંત ઋતુએ વનને પ્રફુલ્લિત કરી દીધું. રતિએ પાર્વતીના સ્વરૂપમાં પ્રવેશ કર્યો અને શંકરની સમાધિ ભાંગવા કામદેવે બાણ તાક્યું. શંકરની સમાધિમાં વિક્ષેપ થયો. પાર્વતીજી કામદેવની પાછળ ઊભાં હતાં. મહાદેવે નેત્ર ઉઘાડી જોયું તો કામદેવ આગળ જ ઊભો છે; ત્યારે તો તે ઘણા ગુસ્સે થયા; તેમના ત્રીજા નેત્રમાંથી અગ્નિ બહાર નીકળ્યો અને દેવકન્યાઓના નયનકમળની માળા વડે પૂજાતો કામદેવ તરત જ બળીને ભસ્મ થઈ ગયો. કામદેવને ભસ્મ થયેલો જોઈ તેની પત્ની રતિ શોક કરવા લાગી.

ઈંદ્રે તેને આશ્વાસન આપ્યું: 'હે રતિ! કૃષ્ણાવતારમાં તારો પતિ રુક્મિણીના ઉદરે જન્મ લેશે, ત્યારે તે તને પ્રાપ્ત થશે; માટે તું શોક ન કર.' સારાંશ કે, એ રીતે કામદેવે મહાપ્રભાવશાળી મહાદેવજીને પણ જીતવા સાહસ કર્યું તેથી તે ભસ્મ થઈ ગયો. એ ઉપરથી આ સમજવાનું છે કે, દેવાધિદેવ મહાદેવ બીજા સામાન્ય દેવ જેવા જો મનાય, તો તે પણ વિનાશકારક નીવડે છે; તો પછી તેમનો તિરસ્કાર તો અતિશય વિનાશકર્તા નીવડે એમાં શી નવાઈ છે?]

શિવનું તાંડવનૃત્ય

मही पादाघाताद् व्रजति सहसा संशयपदं
पदं विष्णोर्भ्राम्यद् भुजपरिघरुग्णग्रहगणम् ॥
मुहुर्द्यौर्दौःस्थ्यं यात्यनिभृतजटाताडिततटा
जगद्रक्षायै त्वं नटसि ननु वामैव विभुता ॥ १६ ॥

(હે ભગવન્! સંધ્યાકાળે એટલે સંધિકાળે) જગતનું ભક્ષણ કરવા ઈચ્છતા રાક્ષસને પોવાના તાંડવનૃત્ય વડે આને મોહ પમાડો છો અને જગતનું રક્ષણ કરવા આપ નાચો છો; (પરંતુ તે વખતે થતા) પગના આઘાતથી પૃથ્વી એકાએક દબાઈ જવાના) સંદેહમાં પડે છે; અને આકાશ તમારા આમતેમ ફરતા હાથરૂપી ભોગળો વડે જાણે નક્ષત્રોનો સમૂહ ભાંગી ગયો કે શું એવા વહેમમાં પડે છે. વળી છેડાઓમાં છૂટી જટાના ફટકા લાગવાથી સ્વર્ગ વારંવાર મુશ્કેલીભરી સ્થિતિ પામે છે. ખરેખર! પ્રભુતા

પ્રતિકૂળ જ હોય છે. ૧૬

હે ઈશ! આપના વરદાનથી સાયંકાળે પ્રબળ થઈને જગતનું ભક્ષણ કરવા તત્પર થતા રાક્ષસને પોતાના તાંડવનૃત્યથી મોહિત કરવા આપ નાચો છો; અર્થાત્ જગતના રક્ષણકાર્યમાં આપ પ્રવૃત્તિ કરો છો ત્યારે જગતની શી દશા થાય છે તે જુઓ. નૃત્ય કરતી વખતે તમારા પગના પ્રહારે પૃથ્વી મોટા સંકટમાં આવી પડે છે. એટલે કે હવે મારો નાશ થવા બેઠો છે કે શું એવા સંશયમાં પડે છે અને મજબૂત લાંબા તથા પુષ્ટ એવા તમારા બાહુરૂપી ભોગળોના વેગથી ભમવા વડે નક્ષત્રસમૂહ પીડા પામે છે અને સર્વ નક્ષત્રમંડળ સંકટમાં પડી જાય છે. વળી તમારી છૂટી જટાના છેડા અફળાવાથી સ્વર્ગ પણ ખળભળી ઊઠે છે અર્થાત્ ઘણી મુશ્કેલ સ્થિતિમાં જઈ પડે છે. આવી તમારી નૃત્યલીલા થાય છે, તેથી ત્રણે લોક પીડા અનુભવે છે. અહીં શંકા થાય કે ઈશ્વર તો દયાળુ છે, છતાં લોકોને દુ:ખ થાય એવું તાંડવનૃત્ય કરવા કેમ તત્પર થાય છે? તેનું સમાધાન કહે છે કે 'ननु वामैव विभुता —ખરેખર, વિભુતા અર્થાત્ પ્રભુતા ઘણી કપરી હોય છે.' કોઈ સાધારણ રાજા પોતાના દેશનું રક્ષણ કરવા સૈન્ય લઈને નીકળે છે ત્યારે પોતાના દેશની પ્રજાને કેટલો બધો ત્રાસ સહન કરવો પડે છે? તો આ તો સર્વ સૃષ્ટિના મહાન રાજા છે. એ પરમાત્માની તો વાત જ શી કરવી? મતલબ કે વિભુતા વિષમ છે.

[હવે શંકર પાર્વતી આગળ નૃત્ય કરે છે, એવી પુરાણકથા છે. તેમાં શો હેતુ છે તે જોઈએ; પરમેશ્વર હમેશાં પાર્વતી આગળ નાચે છે તે યોગ્ય જ છે. જેના અંતરમાં તેને માટે અનન્ય

પ્રેમ છે, તેની આગળ તે શું ન નાચે? નાચે જ; પરંતુ તેનો અહીં તાત્ત્વિક અર્થ આવો છે: કારણાતીત ઈશ્વર એ જ પ્રત્યગાત્મા શિવ છે; તથા તમસમોહાદિ પાંચ પર્વનો વિસ્તાર કરવાવાળો જે પર્વત અર્થાત્ અજ્ઞાન તેનાથી ઉત્પન્ન થવાવાળી જે પ્રમા (યથાર્થજ્ઞાન) વૃત્તિ, તે જ પાર્વતી છે. જુઓ:

'तमोमोहादीनि पञ्च पर्वाणि तनोति विस्तारयतीति पर्वतोऽज्ञानं, तस्मादुत्पन्ना पार्वती-प्रमावृत्तिः।' તેની આગળ સર્વ કાળ પરમેશ્વર નૃત્ય કરતા હોય એમ પોતે સ્ફુરે છે; કેમ કે પ્રમાવૃત્તિરૂપ જે પાર્વતીના અંતરમાં શિવનું સ્ફુરણ થવા માટે યોગ્ય પ્રેમ હોય છે, તે પાર્વતીની આગળ પોતે કેમ ન નાચે? અર્થાત્ તે વૃત્તિમાં આનંદરૂપ વડે પોતે નિરંતર સ્ફુરિત થાય છે એવો ભાવ છે. કેટલાક મંદબુદ્ધિ મનુષ્યો વૈષયિક દૃષ્ટિથી શિવજીનું સ્ત્રીની આગળ નાચવું માનીને તેનો અવળો અર્થ કરે છે; પરંતુ મહાસમર્થ પ્રભુનું એવું કર્મ કરવાનું કંઈ જુદું જ પ્રયોજન હોય છે એમ સમજવું જોઈએ. અને એમ સમજવા માટે દૃષ્ટિ અર્થાત્ બુદ્ધિ પૂર્વપુણ્યના સંચય વગર કેવી રીતે પ્રાપ્ત થાય? જેના ધ્યાન-પ્રભાવ વડે અથવા નામસ્મરણ વડે ઉપાસકો વિરક્ત બની જાય છે, તે પ્રભુના સ્ત્રૈણભાવ (બાયલાપણું) માનવું એ પાપી અને વિષયી મનુષ્યોનું કામ છે. સજ્જન પુરુષો એવું કદી માનતા નથી.

શિવના મસ્તક પર ગંગાનું ટીપા જેવું દૃશ્ય

वियद्व्यापी तारागणगुणितफेनोद्गमरुचिः
प्रवाहो वारां यः पृषतलघुदृष्टः शिरसि ते ।।
जगद्द्वीपाकारं जलधिवलयं तेन कृतमि-
त्यनेनैवोन्नेयं धृतमहिम दिव्यं तव वपुः ।। १७।।

આકાશમાં ફેલાઈ રહેલો અને જેના ફીણમાંથી નીકળતી (સફેદ) કાંતિ તારાઓના સમૂહને લીધે બમણી થઈ છે, તેવો (આકાશગંગાના) જળનો પ્રવાહ તમારા મસ્તક ઉપર પડતાં જ માત્ર જળબિંદુ જેવડો નાનો દેખાયો! જે જળપ્રવાહે સમુદ્ર-રૂપ કંદોરાવાળું જગત એક બેટ જેવું બનાવ્યું છે! આ ઉપરથી જ તમારો દિવ્ય દેહ કેવો મોટો મહિમા ધારણ કરી રહ્યો છે તેનું અનુમાન કરી શકાય છે. ૧૭

હે પ્રભો! આકાશને છાઈ દેનાર અને જેના ફીણમાંથી નીકળતી સફેદ કાંતિમાં નક્ષત્રોના સમૂહે વધારો કર્યો છે, એવો આકાશગંગાના જળનો મહાપ્રવાહ તમારા મસ્તક પર અર્થાત્ તમારી જટામાં માત્ર એક નાના ટીપા જેવો જણાયો. પાછળથી એ જ જળના ધોધથી આખું જગત બેટના આકારે બની ગયું. જેમ કોઈ નગરની ચારે બાજુ ખાઈ ખોદીને તેમાં જળ ભર્યું હોય, તે પ્રમાણે તે પ્રવાહે જગતને ચારે બાજુથી ઘેરી લીધું છે; તે ઉપર-થી આપનું દિવ્ય શરીર કેવડું મોટું હશે. તે કંઈક કલ્પનામાં

આવી શકે છે. હે પ્રભો! આપની અકળ કળાનો કોઈ પાર પામી શકતું નથી. એવો અહીં ભય છે.

[પૂર્વે ભગીરથરાજાએ કપિલ મહર્ષિના ક્રોધાગ્નિમાં ભસ્મીભૂત બનેલા પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કરવા ગંગાનો પ્રવાહ પૃથ્વી ઉપર લાવવાને ઘણાં વર્ષો સુધી બ્રહ્માજીને પ્રસન્ન કરવા તપશ્ચર્યા કરી હતી; તેથી પ્રસન્ન થઈ બ્રહ્મદેવે કહ્યું: 'તારી શી ઇચ્છા છે? એટલે ભગીરથે જણાવ્યું કે, 'મારા પૂર્વજોનો ઉદ્ધાર કરવા ગંગાનો પ્રવાહ પૃથ્વી ઉપર આવે એવો મારા ઉપર આપ અનુગ્રહ કરો.' બ્રહ્મદેવે કહ્યું: 'હે રાજન્! ગંગાનો પ્રવાહ પૃથ્વી ઉપર આવે તો ખરો, પણ એનો વેગ કોઈથી સહન થઈ શકે તેમ નથી. જો તે એકદમ પૃથ્વી ઉપર પડે, તો આ સર્વ પૃથ્વી રસાતળમાં જતી રહે. માટે જો તમે તપ વડે શંકરને પ્રસન્ન કરો અને તે ભગવાન એ પ્રવાહને પોતાના શિર ઉપર ઝીલવા જો કબૂલ થાય, તો પૃથ્વી ઉપર ગંગા આવે અને તમારું કાર્ય થાય!' પછી ભગીરથે શંકરને પ્રસન્ન કરવા ભારે તપ આદર્યું ને શંકરને પ્રસન્ન કરી તેમને પોતાની ઇચ્છા જણાવી. મહાદેવજીએ ગંગાનો પ્રવાહ મસ્તક ઉપર ઝીલવા વચન આપ્યું; ત્યારે ભગીરથે ગંગાજીને પ્રસન્ન કરવા તપ કર્યું અને તેમને પ્રાર્થના કરી પ્રસન્ન કર્યાં. ગંગાને મનમાં અભિમાન થયું: 'મારા પ્રવાહનો વેગ મહાદેવજી પણ સહન કરી શકવાના નથી; હું તેમને પાતાળમાં ઘસડી જઈશ.' ભગવાન શંકર તો પોતે અંતર્યામી છે, એટલે ગંગાજીનો વિચાર તેમણે જાણી લીધો અને વિરાટ સ્વરૂપ ધારણ કરી ગંગાને પોતાની જટામાં ત્યાં ને ત્યાં સમાવી દીધાં કે જેથી તેમનો ક્યાંય પત્તોય લાગ્યો નહિ.

સ. સા

ગંગાજી કેટલોક વખત તો જટામાં ગોંધાઈ રહ્યાં, પણ ભગીરથ રાજાની પ્રાર્થનાથી શંકરે ગંગાજીને બહાર નીકળવાનો રસ્તો આપ્યો ત્યારે ગંગાજીનો પ્રવાહ પૃથ્વી ઉપર આવ્યો.]

અગસ્ત્ય મુનિએ સાતે સમુદ્રોને પી જઈ ખાલી કરી મૂક્યા હતા, ત્યારે ભગીરથે આણેલી ગંગાના જળથી જ કરી તે ભરાયા હતા એ વાત પુરાણોમાં પ્રસિદ્ધ છે. સારાંશ એ છે કે, એવડો મોટો ગંગાના જળનો પ્રવાહ તમારા મસ્તક ઉપર માત્ર એક ટીપા જેવડો દેખાતો હતો; જેણે આવડો મોટો પ્રદેશ વ્યાપ્ત કરી દીધો છે, તે જ પ્રવાહ આકાશમાં મંદાકિની, ભૂલોકમાં ભાગીરથી અથવા ગંગા અને પાતાળમાં ભોગાવતીના નામે પ્રસિદ્ધ છે.

ત્રિપુરદહન માટે શિવનો આડંબર

रथः क्षोणी यन्ता शतधृतिरगेन्द्रो धनुरथो
रथाङ्गे चन्द्रार्कौ रथचरणपाणिः शर इति ।।
दिधक्षोस्ते कोऽयं त्रिपुरतृणमाडम्बरविधि-
र्विधेयैः क्रीडन्त्यो न खलु परतंत्राः प्रभुधियः ।। १८ ।।

ત્રિપુરરૂપી ઘાસને બાળવા ઈચ્છતા તમારે પૃથ્વીરૂપી રથ, બ્રહ્માજીરૂપ સારથિ, મેરુરૂપી ધનુષ્ય, સૂર્ય અને ચંદ્રરૂપી રથનાં બે પૈડાં અને વિષ્ણુરૂપી બાણ—આવો આડંબર કરવો, એ શું? ખરેખર! સ્વાધીન પદાર્થોની સાથે ક્રીડા કરતી પરમેશ્વરની બુદ્ધિ પરાધીન હોતી નથી. ૧૮

હે મહાદેવ! ત્રિપુર(ત્રણ નગરરૂપ)રૂપી ઘાસને બાળવા માટે આ તમારો આડંબર શો! આપની આગળ તો એ ઘાસ જેવાં ગણાય, તેને બાળવા માટે આટલો બધો આડંબર કરવાનું શું કામ છે? જગતના વ્યવહારમાં પણ કોઈ પુરુષ જ્યાં સોયથી સરતું હોય ત્યાં ભાલો કે તરવાર વાપરતો નથી, તો પછી તમારે એવા અતિ અલ્પ કાર્ય માટે આટલો બધો આડંબર કરવાની કંઈ જરૂર જ ન હતી. તે વેળા તમે પૃથ્વીને રથ કર્યો, બ્રહ્માને સારથિ કર્યા અને મેરુ પર્વતને ધનુષ્ય કર્યું; સૂર્ય–ચંદ્રને રથનાં બે પૈડાં કર્યાં તથા વિષ્ણુને બાણ બનાવી ત્રિપુરનો નાશ કર્યો તે આડંબર નહિ તો બીજું શું છે? કેવળ ઇચ્છા થતાં જ ત્રણે લોકનો સંહાર કરવા આપ સમર્થ છો; છતાં આટલી બધી સામગ્રી મેળવવાનો આપે પ્રયાસ કર્યો તે ઉપરથી સિદ્ધ થાય છે કે સમર્થ પુરુષોની બુદ્ધિ સ્વતંત્ર હોય છે: પોતાની ઇચ્છા મુજબ જ તેઓ વર્તે છે અને પોતાને સ્વાધીન રહેલા પદાર્થો વડે ગમે તેવી ક્રીડા કરે છે; મતલબ કે, પોતાને સ્વાધીન રહેલ પદાર્થોને ક્રીડાનું સાધન બનાવી ક્રીડા કરનાર માત્ર ઇચ્છાથી જ હરકોઈ કામ કરનારા આપ વા સમર્થને કોઈ પણ કાર્ય અયોગ્ય છે જ નહિ.

[ત્રિપુરદહનની કથા પુરાણમાંથી નીચે મુજબ મળી આવે છે: તારકાસુરને ત્રણ પુત્રો હતા: તારકાક્ષ, વિદ્યુન્માલી અને કમલલોચન. આ ત્રણેએ ઘણાં વરસ સુધી ઘોર તપશ્ચર્યા કરી ત્યારે તે તપથી પ્રસન્ન થઈ બ્રહ્માએ તેમને અંતરિક્ષમાં એક સોનાનું, એક રૂપાનું અને એક લોઢાનું એવાં ત્રણ નગરો રચી આપ્યાં. જ્યારે દેવનાં એક હજાર વર્ષ થતાં, ત્યારે આંખના અર્ધા પલ-

કારા જેટલા વખતમાં એ ત્રણે નગરો એક સીધી લીટીમાં આવતાં, આટલા થોડા સમયમાં જે ધનુર્ધારી બરાબર તાકીને બાણ મારે, તે જ એ ત્રણે નગરોનો નાશ કરી શકે એવું બ્રહ્માનું વરદાન હતું. જ્યારે એ રાક્ષસોએ છકી જઈ ત્રણે લોકને ત્રાસ આપવા માંડ્યો, ત્યારે દેવો તથા ઋષિઓ સર્વ મળીને વિષ્ણુને સાથે લઈ શંકર પાસે આવ્યા અને પ્રાર્થના કરી કે, આજકાલ તારકાસુરના ત્રણે પુત્રો જગતને અત્યંત પીડા કરી રહ્યા છે માટે આપ કૃપા કરી અમને આ સંકટમાંથી બચાવો. ત્યારે મહાદેવજી એ ત્રિપુરનો નાશ કરવા તત્પર થયા. એ વેળા પૃથ્વીને રથ, ચંદ્ર—સૂર્યને રથનાં પૈડાં, મંદરાચળને રથની ધરી, ચાર વેદને ચાર ઘોડા, શાસ્ત્રોને લગામ, બ્રહ્મદેવને સારથિ, મેરુ પર્વતને ધનુષ્ય, શેષનાગને ધનુષ્યની દોરી અને વિષ્ણુને બાણરૂપે બનાવી શંકર ત્રિપુરનો સંહાર કરવા નીકળ્યા. પછી દૈત્યો સાથે શંકરે દારુણ સંગ્રામ કર્યો; ઘણાં વર્ષો વીતી ગયાં પણ દૈત્યોનો સંહાર થયો નહિ ત્યારે વિષ્ણુ બૌદ્ધરૂપ ધારણ કરી દૈત્યોની સ્ત્રીઓ પાસે ગયા અને તેમને વેદ વિરુદ્ધ ચાર્વાક શાસ્ત્રોનો ઉપદેશ કર્યો. એમ ચાર્વાકમતનો પ્રચાર થતાં દૈત્ય સ્ત્રીઓ દુરાચારી બની ગઈ, તેમનું પાતિવ્રત્ય નષ્ટ થયું અને દૈત્યોનું તપોબળ ઓછું થયું, બીજી બાજુ શંકરનું અને દૈત્યોનું યુદ્ધ તો ચાલુ જ હતું. તેને દેવતાઈ એક હજાર વર્ષ પૂરાં થવા આવ્યાં અને તે ત્રણે નગરો સીધી લીટીમાં આવવાની તૈયારી થઈ, ત્યારે શંકરે ધનુષ્ય સજ્જ કરી, તેના પર વિષ્ણુરૂપ બાણ ચડાવી તેમાં પાશુપતાસ્ત્ર સ્થાપીને યોગ્ય સમયે બરાબર નિશાન તાકી બાણ છોડયું. જાણે હજારો સૂર્યો ઊગ્યા

હોય, જાણે પ્રલયાગ્નિની જ્વાળાઓ ભભૂકી હોય અથવા પ્રલય-મેઘની વીજળીઓ એકસામટી ચમકતી હોય, તેમ અતિ તેજસ્વી બાણ આંખના અર્ધા પલકારામાં ત્યાં જઈ પહોંચ્યું. તે બાણ વડે એ ત્રણે નગરો તથા સર્વ દૈત્યો બળીને ભસ્મ થઈ ગયા. પછી દેવોએ તથા ઋષિઓએ શંકરની સ્તુતિ કરી. આ ત્રિપુર-દાહ વિષે તાત્ત્વિક અર્થ શો છે તે જોઈએ :

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ—એ ત્રણ અવસ્થાઓ અથવા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ—એ ત્રણ દેહો, એ જ સોનાની, રૂપાની અને લોઢાની ત્રણ પુરી—નગરીઓ જાણવી. વેદમાં પુર અથવા પુરી નામથી શરીરનું વર્ણન કરેલું છે. રાજાના નિવાસ માટે જેમ નગરી હોય છે, તેમ આ આત્મારૂપી રાજાની રાજધાની શરીર આ ત્રણે દેહરૂપી નગરોમાં વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એવાં નામો વડે જે પ્રસિદ્ધ છે, તે જ તારકાસુરના તારકાક્ષ, વિદ્યુન્માલી અને કમલલોચન નામે પ્રસિદ્ધ ત્રિપુરાસુર જાણવા. જ્યાં સુધી તેમનો નાશ એટલે કે મિથ્યાપણું ન થાય, ત્યાં સુધી નિત્યસુખ અક્ષયાનંદ પ્રાપ્ત થશે નહિ અને એમને મારવાનું સામર્થ્ય શિવરૂપ ગુરુ વિના બીજા કોઈમાં નથી. માટે તેમને શરણે જવું જોઈએ, તેમની સેવા તથા પ્રાર્થના કરવી જોઈએ. ભક્તિભાવ જોઈ તે પ્રસન્ન થશે અને જ્ઞાનરૂપ બાણ વડે તે તેમને બાળીને ભસ્મ કરશે, તે પછી જ તુર્યાતીત (મોક્ષ) સુખની પ્રાપ્તિ થશે. એ આનંદ સિવાય બીજો કોઈ પદાર્થ નથી. પછી તો સંસારનાં દુઃખોનો કાયમનો નાશ થશે. શિવ જ ગુરુરૂપ છે અને ગુરુ જ શિવરૂપ છે.]

વિષ્ણુની મહાન શિવભક્તિ

हरिस्ते साहस्रं कमलबलिमाधाय पदयो-
र्यदेकोने तस्मिन् निजमुदहरन्नेत्रकमलम् ।।
गतो भक्त्युद्रेकः परिणतिमसौ चक्रवपुषा
त्रयाणां रक्षायै त्रिपुरहर जागर्ति जगताम् ।।१९।।

હે ત્રિપુરહર! વિષ્ણુએ તમારા ચરણોમાં જ હજાર કમળોનાં પુષ્પોની ભેટ મૂકી (ત્યારે તેમની ભક્તિની પરીક્ષા કરવા તેમાંથી તમે એક છુપાવ્યું તેથી) તેમાં એક ઓછું થતાં (આજુબાજુ જોવા છતાં તે નહિ મળતાં) પોતાનું નેત્રકમળ ઉખેડી કાઢયું (અને તે આપને અર્પણ કર્યું). આ અતિશય ભક્તિનો પ્રકર્ષ સુદર્શનચક્રના રૂપે પરિણામ પામી ત્રણે જગતના રક્ષણ માટે (હજી) જાગ્રત રહે છે. ૧૯

વિષ્ણુએ પોતાનું નેત્રકમળ શંકરના ચરણોમાં અર્પણ કર્યું, તેની કથા પુરાણમાં નીચે મુજબ છે:

એક સમયે વિષ્ણુ ભગવાન કાશીક્ષેત્રમાં મણિકર્ણિકાના પવિત્ર ઘાટ પર સ્નાન કરી હજાર કમળો લઈ મહાદેવજીની પૂજા કરવા શિવમંદિરમાં ગયા; ત્યાં શંકરની ભક્તિપૂર્વક પૂજા કરી, શિવસહસ્રનામમાંથી એકેક નામનો ઉચ્ચાર કરી શંકરના લિંગ ઉપર એકેક કમળ ચડાવવા લાગ્યા. એ વેળા વિષ્ણુની ભક્તિની પરીક્ષા કરવા સારુ મહાદેવે એક કમળ ગુપ્તપણે હરી લીધું. છેવટે જ્યારે એક કમળ ઓછું થયું, ત્યારે તેમણે 'આજુબાજુ કમળ

પડી તો નહિ ગયું હોય ' એવી શંકાથી આસપાસ જોયું, પણ પત્તો ન લાગ્યો. એટલે મનમાં બીજી શંકા ઉત્પન્ન થઈ કે, ' હજાર નામનો ઉચ્ચાર કરવામાં મારી કંઈ ભૂલ હશે કે શું? પણ મારાથી એવી ભૂલ તો થાય જ નહિ. હવે શું કરવું? એક હજાર કમળોથી પૂજા કરવાનો મારો સંકલ્પ અપૂર્ણ રહે છે; અહીંથી ઊઠીને હું એક કમળ લેવા જાઉં, તો આસનભંગ થવાનો દોષ લાગે!' આમ વિચાર કરે છે, ત્યાં એક ઉપાય તેમને સૂઝયો: ' સઘળા લોકો મને પુંડરીકાક્ષ કહે છે, એટલે હું કમળનેત્ર છું. મારું નેત્રરૂપી કમળ હું અર્પણ કરું તો મારો સંકલ્પ પૂરો થાય ' એવો નિશ્ચય કરી પોતાની આંગળીઓ વડે નેત્ર ઉખાડી કાઢી શિવજીના ચરણમાં અર્પણ કર્યું, ત્યારે મહાદેવજી પ્રસન્ન થઈને પ્રગટ થયા અને બોલ્યા: ' વિષ્ણો! તમારી ભકિત તો કોઈ અલૌકિક છે. ત્રણે લોકમાં તમારા સમાન મારો બીજો કોઈ ભકત નથી, માટે હું તમને ત્રણે લોકનું રાજ્ય આપું છું. તમે તેનું પાલન કરો. મારા ભકતો જો તમારો દ્રોહ કરશે, તો તે મારા દ્રોહી બનીને નરકમાં જશે; બીજી કંઈ તમારી ઇચ્છા હોય તો કહો.' ત્યારે વિષ્ણુએ કહ્યું: ' હે ભગવન્! આપે મને ત્રણ લોકનું રાજ્ય આપી તેનું રક્ષણ કરવાનું સોંપ્યું; પણ મદોન્મત્ત તથા મહા પરાક્રમી દાનવોને હું કેવી રીતે મારું?' મહાદેવજી બોલ્યા: ' આ સુદર્શનચક્ર તમને અર્પણ કરું છું એ સર્વ દૈત્યોનો સંહાર કરશે, માટે તે ગ્રહણ કરો.' એમ કહી સુદર્શનચક્ર આપી શિવજી અદૃશ્ય થયા. એ પ્રમાણે શ્રીવિષ્ણુએ શંભુનું પૂજન કર્યું હતું તથા અનન્ય ભાવે આરાધના કરી હતી. આ ઉપરથી કોઈ વિષ્ણુ-

ભક્તે મનમાં એમ ન લાવવું કે, આમાં શંકરની વડાઈ કરીને શ્રીવિષ્ણુને ઉતારી પાડયા છે. સુજ્ઞજનો તો વિષ્ણુમાં અને શિવમાં ભેદભાવ માનતા જ નથી. ખરી રીતે એમ જ છે; શિવ—વિષ્ણુ એક જ છે. એ પ્રમાણે પૂર્ણતા પામેલો ભક્ત ભેદભાવ છોડીને બંનેની આરાધના સમાનભાવે કરે છે. કેવળ અપૂર્ણને જ દ્વેષ તથા દુરાગ્રહ હોય છે.

યજ્ઞનાં ફળ આપનાર શિવ

અહીં સુધીના શ્લોકમાં પરમાત્માની આરાધના કરવાથી સમગ્ર પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે એમ અન્વય તથા વ્યતિરેકથી વર્ણવ્યું છે. હવે તેના ઉપર કેટલાક મીમાંસકો 'કર્મથી જ મનુષ્ય-માત્રને શુભાશુભ ફળની પ્રાપ્તિ થાય છે, તો પરમાત્માને માનવાની કંઈ આવશ્યકતા જ નથી' એમ કહે છે, તેનું ખંડન કરતાં સ્તુતિ કરે છે:

क्रतौ सुप्ते जाग्रत्त्वमसि फलयोगे क्रतुमतां
क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते ॥
अतस्त्वां संप्रेक्ष्य क्रतुषु फलदानप्रतिभुवं
श्रुतौ श्रद्धां बद्ध्वा दृढपरिकरः कर्मसु जनः ॥२०॥

યજ્ઞકર્મનો લય થતાં તમે યજ્ઞ કરનાર યજમાનને ફળ આપવા જાગતા રહો છો. (નહિ તો) લય પામેલું કર્મ ઈશ્વરની આરાધના વિના કેમ ફળે? આથી તમને યજ્ઞનું ફળ આપવામાં જામીન ધારીને લોકો વેદમાં શ્રદ્ધા રાખી યજ્ઞકર્મમાં તત્પર રહે છે. ૨૦

હે ભગવન્ ! યજ્ઞાદિ કર્મોનો સ્વભાવ જ તુરત નાશ પામવાનો છે; માટે યજ્ઞાદિ કર્મ કરનારાઓને કાળાંતરે અને દેશાંતરે મળનારાં ફળ માટે તમે સદા જાગ્રત રહો છો. નષ્ટ થયેલાં કર્મો ઈશ્વરના આરાધન વગર ક્યાં અને કેવી રીતે ફળદાયી થવાનાં હતાં ? કર્મનું કાર્ય તે અપૂર્વ છે. જગતમાં કોઈ ઠેકાણે એવું જોવામાં નથી આવતું કે નાશ પામેલાં કર્મો અપૂર્વ દ્વારા ફળદાયી થતાં હોય. ચેતન રાજાની સેવા કરી હોય તો અપૂર્વ વિના જ તે ફળદાયી થાય છે; માટે જગતમાં જેમ જોવામાં આવે છે, તે જ રીતે વૈદિક કર્મોનું ફળદાયીપણું પણ સિદ્ધ હોવાથી લોકવિરુદ્ધ અપૂર્વની અને ફળદાયીની પણ કલ્પના કરવી યોગ્ય નથી. લૌકિક કર્માનુસાર જ વૈદિક કર્મોની પણ કલ્પના કરવી જોઈએ એમ શારીરિક ભાષ્યમાં પણ કહેલું છે.

હવે અપૂર્વની કલ્પના કરનારાઓને પૂછવું જોઈએ કે, તમે જેને 'અપૂર્વ-અપૂર્વ' કહી વાત કરો છો, તે અપૂર્વને સ્વર્ગાદિ ફળ આપવામાં લૌકિક કારણોની જરૂર રહે છે કે, કેમ ? જો લૌકિક કારણોની જરૂર નથી રહેતી એમ તમે કહો, તો કર્મફળનો ઉપયોગ કરવામાં આવશ્યક એવાં શરીરાદિકની પણ જરૂર નથી એમ કહેવું જોઈએ. અને શરીરાદિક સાધનો વિના ફળનો ઉપભોગ કરી શકાય છે એમ તો કોઈ પણ કબૂલ કરે નહિ; કેમ કે ક્રિયાશકિત, જ્ઞાનશકિત અને શરીર—એમના વિના ઉપભોગ કરવો સંભવે નહિ. કદાચ તમે એમ કહો કે, ફળ આપવામાં અપૂર્વને બીજાં સાધનોની જરૂર રહે છે, તો દેહેન્દ્રિયાદિની જરૂરની પેઠે ઈશ્વરની પણ જરૂર અવશ્ય હોવી જોઈએ. કર્મનો જ્ઞાતા જ કર્મનું

ફળ આપી શકે છે, એવો વ્યવહારમાં અનુભવ છે; માટે શ્રુતિ-સ્મૃતિન્યાયસિદ્ધ એવો ઈશ્વર ઈશ્વર જ નથી એમ પ્રતિપાદન કરતાં પહેલાં અપૂર્વ સ્વતંત્રતાથી ફળ આપી શકતું નથી; પણ ઈશ્વરની સહાયથી જ ફળ આપે છે, એમ કહેવું વધારે યોગ્ય છે. 'ये यथा मां प्रपद्यन्ते—જેઓ જે રીતે મારે શરણે આવે છે' એમ ગીતામાં ભગવાને પણ કહેલું છે. સારાંશ કે અન્ય સ્થળ અને અન્ય કાળમાં મળનારાં શ્રૌત—સ્માર્ત કર્મનાં ફળ આપવામાં તમે જ જામીન છો, એવો દૃઢ વિશ્વાસ રાખીને તથા તમારું અસ્તિત્વ પ્રતિપાદન કરતી આવી અનેક શ્રુતિઓ 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि द्यावापृथिव्यौ विधृते तिष्ठतः (बृ० ३–८–९) 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि ददतो मनुष्याः प्रशंसन्ति देवा यजमानं दर्वी पितरोऽन्यायत्ताः (बृ० ३–८–९) कर्माध्यक्षः सर्वभूताधिवासः' (श्वे० ६–१२) 'एष उ ह्येव साधु कर्मकारयति ते यमुन्निनीषते एष उ ह्येवाऽसाधु'–कौशीतकी० (३–८)' હે ગાર્ગિ! આ અવિનાશી પરમેશ્વરની આજ્ઞામાં રહી આકાશ અને પૃથ્વી પોતપોતાને ઠેકાણે સ્થિર રહે છે. હે ગાર્ગિ! આ પરમેશ્વરની આજ્ઞામાં રહી માણસો દાન કરનારાઓને વખાણે છે, દેવો યજમાનને અનુસરે છે અને પિતૃઓ પિતૃયજ્ઞ સ્વીકારે છે.' 'સર્વ પ્રાણીઓમાં વસતા આ પરમેશ્વર યજ્ઞાદિ કર્મોના સાક્ષી (જામીન) છે,' એ પરમેશ્વર જ જેને ઊંચે લઈ જવા ઇચ્છે છે, તેની પાસે સારું કામ કરાવે છે, અને જેને આ લોકમાંથી (નરકાદિમાં) ધકેલી દેવા ઇચ્છે છે, તેની પાસે નઠારાં કર્મ કરાવે છે.' અને સ્મૃતિઓ જ તમારા વિષે શ્રેષ્ઠ પ્રમાણ છે એમ નિશ્ચય

કરીને લોકો શ્રૌત—સ્માર્ત કર્મો કરે છે. વ્યવહારમાં પણ જોવામાં આવે છે કે, જ્યારે કોઈ મનુષ્ય બીજાને કરજ ધીરે છે, ત્યારે કોઈ સારો જામીન માગે છે. જામીન હોય તો શંકા વગર કરજ ધીરે છે; કેમ કે મનમાં એ સમજે છે કે, ભલેને દેવાદાર નાસી જાય કે મરી જાય, પણ મારું દ્રવ્ય તો હું આ સમર્થ જામીન થયેલા પુરુષ પાસેથી લઈશ; એવા વિચારથી કરજ ધીરે છે એ રીતે દેવાદારના જેવાં શ્રૌત—સ્માર્ત કર્મો નાશ પામ્યા છતાં લેણ-દાર (યજમાન), તે 'જામીનરૂપ (કર્મસાક્ષી) ઈશ્વરની પાસેથી હું આ કર્મનું ફળ લઈશ' એવા વિશ્વાસથી નિઃશંક થઈ કર્માનુષ્ઠાન કરે છે. આમ કર્મફળ દાતા ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ જ છે.

શંકર દ્વારા દક્ષ પ્રજાપતિના યજ્ઞનો નાશ

ઈશ્વરકૃપાથી યજ્ઞયાગાદિ કર્મની ફળપ્રાપ્તિ થાય છે એમ કહી 'શાસ્ત્રોક્ત કર્મોમાં શુભ ફળ આપવાનું બળ નથી, પણ તે શાસ્ત્રીય કર્મોથી ઉત્પન્ન થયેલું ધર્મસંજ્ઞાવાળું અપૂર્વ જ ફળપ્રાપ્તિનું સાધન છે' એવું માનનારા મીમાંસકોના મતનું ખંડન કર્યું. હવે 'વેદોક્ત કર્મ ન કરવાથી અને નિષિદ્ધ કર્મ કરવાથી પ્રાપ્ત થનાર પશુપણું વગેરે અશુભ ફળ આપનાર ઈશ્વર જ છે એમ માની શકાય નહિ; માટે અપૂર્વની કલ્પના તો કરવી જ જોઈએ—' એવી જો મીમાંસકો શંકા કરે, તો તેના સમાધાનમાં કહે છે કે, જેમ વ્યવહારમાં રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી તેની કૃપાને બદલે ઊલટો અનર્થ પ્રાપ્ત થાય છે, તેમ ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારને પણ સમગ્ર અનર્થાદિકની પ્રાપ્તિ થાય છે, એ અભિ-

પ્રાયથી ભગવાનની અવકૃપા વડે યજ્ઞાદિ કર્મફળની અપ્રાપ્તિ તથા અનર્થની પ્રાપ્તિ બતાવતાં શ્રીપુષ્પદંત સ્તુતિ કરે છે:

क्रियादक्षो दक्षः क्रतुपतिरधीशस्तनुभृता-
मृषीणामार्त्विज्यं शरणद सदस्याः सुरगणाः ।।
क्रतुभ्रंशस्त्वत्तः क्रतुफलविधानव्यसनिनो
ध्रुवं कर्तुः श्रद्धाविधुरमभिचाराय हि मखाः ।।२१।।

હે શરણ આવનાર મહાદેવ! પ્રાણીઓના અધિપતિ અને ક્રિયાકુશળ એવા દક્ષ પ્રજાપતિ પોતે જ (જે યજ્ઞમાં) યજમાન હતા, ઋષિઓ અધ્વર્યુ હતા અને દેવો સભાસદ હતા, છતાં યજ્ઞનું ફળ આપવા ટેવાયેલા એવા આપથી (એ દક્ષના) યજ્ઞનો નાશ થયો હતો; કારણ કે શ્રદ્ધા વગર કરાયેલા યજ્ઞો નક્કી યજમાનના નાશ માટે જ થાય છે. ૨૧

હે પ્રભો! યજ્ઞવિધિમાં કુશળ, સમસ્ત પ્રાણીઓનો સ્વામી અને વિદ્વાન એવો મહાસમર્થ દક્ષ પ્રજાપતિ પોતે જ યજ્ઞમાં યજમાન હતો; ભૃગુ વગેરે ત્રિકાલદર્શી મહર્ષિઓ ઋત્વિજો હતા; વળી બ્રહ્માદિ દેવગણો ત્યાં સભાસદ અર્થાત્ ઉપદ્રષ્ટા (યજમાન તથા ઋત્વિજોથી જુદા હોઈ તટસ્થપણે એ યજમાન તથા ઋત્વિજોનાં કાર્યને જોનારા) હતા. એમ અલૌકિક સામગ્રીવાળો દક્ષ પ્રજાપતિનો યજ્ઞ તમારી અપ્રસન્નતાથી ભગ્ન થયો. ખરી રીતે, યજ્ઞનું ફળ જે સ્વર્ગાદિ છે, તેને આપવાનું જેને વ્યસન થઈ ગયું છે, એવા તમારું અપમાન કરી દક્ષે પોતાના યજ્ઞનો નાશ નોતર્યો. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, યજ્ઞફળ આપનાર ઈશ્વર વિષે શ્રદ્ધારહિત

તેનો અનાદર કરીને કરાયેલો યજ્ઞ યજમાનના નાશનું જ કારણ થાય છે. ગીતામાં પણ ભગવાને શ્રીમુખે કહેલું છે કે,

'अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥

અશ્રદ્ધા વડે અગ્નિમાં જે હોમ્યું હોય, બ્રાહ્મણાદિને જે અન્નોદક વગેરે દીધું હોય, તેમ જ જે તપકર્મ કર્યું હોય, તે સર્વે નિષ્ફળ નીવડે છે; આવાં કર્મો ઐહિક તેમ જ પારલૌકિક સુખનાં કારણ થતાં નથી, માટે શ્રૌત—સ્માર્ત સર્વ શ્રદ્ધાયુક્ત થઈને જ કરવાં જોઈએ.

[હવે દક્ષ પ્રજાપતિ સંબંધી કેટલીક પુરાણકથા જોઈએ. એક વખત દક્ષ પ્રજાપતિ કૈલાસ ઉપર ગયેલા, ત્યાં મહાદેવજીએ તેમને આવકાર આપ્યો નહિ, ત્યારથી તે હમેશાં શંકરની નિંદા કરતા થયા હતા. પછી દક્ષે એક મોટો યજ્ઞ આદર્યો, તેમાં તેમણે જાણી જોઈને શંકરને આમંત્રણ આપ્યું નહિ અને તેમનો ભાગ પણ રાખ્યો નહિ; એટલું જ નહિ, પણ શંકર તો અત્યંત અમંગળ છે' એમ કહી તેમનું અપમાન કર્યું. એ યજ્ઞમાં સર્વ દેવતાઓ તથા મહર્ષિઓ આવ્યા હતા. 'સૌ કોઈ પોતાના પિતાના યજ્ઞમાં જાય છે' એમ જાણી ભગવતી ગૌરીના મનમાં તો પિતાજીના યજ્ઞમાં જવાની ઈચ્છા થઈ. ત્યારે શંકરે કહ્યું: 'તમારું ત્યાં અપમાન થશે; કેમ કે તે મારો દ્વેષ કરનારો છે, માટે તમારે ત્યાં જવું યોગ્ય નથી.' આમ બહુ બહુ સમજાવ્યા છતાં પાર્વતીના મનનું સમાધાન થયું નહિ. ત્યાં નારદજી આવ્યા અને સતીને કહેવા લાગ્યા: 'પિતાને ઘેર જવામાં માન—અપમાન જોવાની કંઈ જરૂર નથી; તમારે યજ્ઞોત્સવમાં તો જરૂર જવું જોઈએ.' એમ

નારદજીના ચડાવ્યાથી ગૌરી નંદી ઉપર બેસી, સાથે ભૂતગણો લઈ પતિની આજ્ઞાનો અનાદર કરીને પણ પિતાના યજ્ઞોત્સવમાં ગયાં. ત્યાં દાક્ષાયણી સતીનો કોઈએ સત્કાર સરખો પણ કર્યો નહિ. દક્ષે તો પોતાની દીકરી સામું જોયું પણ નહિ અને શંકરની નિંદા શરૂ કરી. આથી દાક્ષાયણીએ ક્રોધે ભરાઈ અગ્નિકુંડમાં એકદમ કૂદી પડીને પોતાનો દેહ હોમી દીધો. એ જોઈ નંદી તથા સર્વ ભૂતગણો કૈલાસ તરફ પાછા ફર્યા અને સર્વ વૃત્તાંત શંકરને સંભળાવ્યો. શંકર અતિશય કોપાયમાન થયા. તેમણે પોતાની જટા પૃથ્વી પર પછાડી એટલે તેમાંથી વીરભદ્ર નામે એક પરાક્રમી પુરુષ પેદા થયો. દક્ષનો યજ્ઞભંગ કરવા વીરભદ્ર શિવજીની સ્તુતિ કરીને ભૂતગણો સાથે ઊપડ્યો. દક્ષના યજ્ઞમંડપમાં વીરભદ્રને આવતો જોઈ સહુ કોઈ ભયભીત થઈ નાસવા લાગ્યા. વીરભદ્રે બધા દેવોને અને મહર્ષિઓને શિક્ષા કરવા માંડી. દેવોના દાંત પાડી નાખ્યા, ભગદેવની આંખો ફોડી નાખી તથા ઋત્વિજોની મૂછો ઉખેડી કાઢી. એ રીતે યજ્ઞમંડપમાં ત્રાસ વર્તાવી તેણે સર્વ સામગ્રીનો નાશ કર્યો. છેવટે દક્ષનો શિરચ્છેદ કરી તેનું માથું પોતાના પગ નીચે છૂંદી નાખ્યું. બ્રહ્માદિ દેવો તો દોડીને શંકર પાસે આવ્યા અને ઘણી ઘણી સ્તુતિ કરી દક્ષને સજીવન કરવા વીનવવા લાગ્યા. દેવોની સ્તુતિથી ભોળાનાથે પ્રસન્ન થઈ કહ્યું: 'દક્ષનું શિર લાવી, તેના ધડ ઉપર મૂકો.' દેવ બોલ્યા: 'એ તો વીરભદ્રે છૂંદી નાખ્યું છે.' ત્યારે શંકરે કહ્યું: 'મેષ(બકરા)નું માથું એના ધડ ઉપર મૂકો, એ જીવતો થશે.' શંકરના કહેવા પ્રમાણે કરવાથી દક્ષ સજીવન થયો. પછી તેણે પણ શંકરની અનન્ય ભાવે પૂજા કરી.]

બ્રહ્માની મર્યાદાનું રક્ષણ

હવે બ્રહ્મદેવે મૃગરૂપ ધારણ કરી પોતાની પુત્રી પ્રત્યે નિંદ્ય કર્મ કરવા ધાર્યું, ત્યારે મહાદેવજીએ શિક્ષા કરી હતી, તે વર્ણવતાં સ્તુતિ કરે છે:

प्रजानाथं नाथ प्रसभमभिकं स्वां दुहितरं
गतं रोहिद्भूतां रिरमयिषुमृष्यस्य वपुषा ॥
धनुष्पाणेर्यातं दिवमपि सपत्राकृतममुं
त्रसन्तं तेऽद्यापि त्यजति न मृगव्याधरभसः ॥२२॥

હે નાથ! મૃગલીરૂપે થયેલી પોતાની પુત્રી સાથે રમણ કરવાની ઈચ્છા રાખતા અને મૃગનું રૂપ ધારણ કરી બળાત્કારે ગમન કરતા એ કામી પ્રજાપતિને તમે બાણનું નિશાન બનાવ્યા ત્યારે ત્રાસ પામી તે બ્રહ્મા આકાશમાં જતા રહ્યા! છતાં હજી પણ ધનુષ્ય ધારણ કરતા તમારો (એ) શિકારીના જેવો આવેશ અથવા વેગ (તેમ જ તમારું બાણ આર્દ્રા નક્ષત્ર બની મૃગશીર્ષ નક્ષત્ર-રૂપે થયેલા) એ બ્રહ્માને છોડતો નથી. ૨૨

પ્રજાપતિ બ્રહ્મદેવે કામથી વ્યાકુળ બની (લજ્જાથી જેણે મૃગલીનું શરીર ધારણ કર્યું હતું એવી) પોતાની પુત્રી સાથે રમ-વાની ઈચ્છાથી પોતે મૃગનું રૂપ ધારણ કરી તેની ઈચ્છા વિરુદ્ધ તેની પાછળ જવા લાગ્યા, ત્યારે તે કામવશ થયા હોવાથી તેમને પોતાની યોગ્યતાનું ભાન રહ્યું ન હતું. એ તો પાપથી ડર્યા વગર પોતાની પુત્રી સાથે ક્રીડા કરવા દોડેલા હતા; તેમની એ ઉચ્છૃં-ખલતા માટે તેમને શિક્ષા થવી જોઈએ એવા વિચારથી હે સર્વ

વિશ્વના અધિપતિ! તમે હાથમાં ધનુષ લઈ શિકારીની જેમ તેના ઉપર બાણ છોડયું, તે આર્દ્રા નક્ષત્રરૂપે હજી પણ આકાશમાં દેખાય છે, અને તમારા ભયથી આકાશમાં મૃગશીર્ષ નક્ષત્રરૂપે નાઠેલા બ્રહ્મદેવને તમે જે બાણ માર્યું હતું, તેથી તેમને અત્યંત પીડા થઈ હતી. તે હજીયે તમારાથી ભય પામે છે; અને તમારું બાણ પણ હજી સુધી તેમને છોડતું નથી, એમ અહીં વર્ણવેલું છે. આ સંબંધી પુરાણકથા નીચે મુજબ છે:

એક વખત બ્રહ્માજી સંધ્યા નામની પોતાની પુત્રીનું સૌંદર્ય જોઈ કામવશ થયા. તેની સાથે કામક્રીડા કરવાની તેમને ઈચ્છા થઈ, ત્યારે પિતાજીનો દુષ્ટ ભાવ પુત્રી સમજી ગઈ અને 'આ મારો પિતા છે, છતાં આવું પાપકર્મ કરવા ઈચ્છા રાખે છે, એ યોગ્ય નથી' એવા વિચારથી શરમાઈ તેણે પોતાનું શિયળ સાચવવા મૃગલીનું રૂપ લીધું ને તે નાસવા લાગી. કામાતુર બ્રહ્મદેવ પણ મૃગનું રૂપ લઈ તેણીની પાછળ દોડવા લાગ્યા; ત્યારે જગન્નિયંતા મહાદેવજીએ 'આ પ્રજાપતિ ધર્મના પ્રવર્તક હોવા છતાં આવું નિંદ્ય કર્મ કરે છે માટે એમને શિક્ષા તો કરવી જ જોઈએ' એમ વિચારી પોતાનું પિનાક ધનુષ ખેંચી બાણ છોડયું; એ જોઈ મૃગરૂપે રહેલા બ્રહ્મદેવ શરમાયા અને બાણ વાગવાથી જેવી પીડા થાય તેવી જ તેમને અતિશય પીડા થઈ. પછી બ્રહ્મદેવ આકાશમાં મૃગશીર્ષ નક્ષત્રરૂપે થયા અને શિવજીનું બાણ તેમની પાછળ આર્દ્રા નક્ષત્રરૂપે રહ્યું. આર્દ્રા અને મૃગશીર્ષ એ બંને નક્ષત્રો પાસે પાસે હોવાથી 'अद्यापि त्यजति न' એમ શ્લોકમાં કહેલું છે.

પાર્વતી પણ સ્ત્રી હોઈ શંકરને નથી ઓળખતાં !

મહાદેવજી પોતે મહાન યોગી હોઈ, સર્વશ્રેષ્ઠ જિતેંદ્રિય પણ છે; છતાં પાર્વતીજી ઉપર દયાળુ થઈ સ્ત્રીવશભાવ દાખવે છે, એવું બતાવતાં શ્રીપુષ્પદંત સ્તુતિ કરે છે :

स्वलावण्याशंसा धृतधनुषमह्नाय तृणवत्
पुरः प्लुष्टं दृष्ट्वा पुरमथन पुष्पायुधमपि ॥
यदि स्त्रैणं देवी यमनिरत देहार्धघटना-
दवैति त्वामद्धा बत वरद मुग्धा युवतयः ॥२३॥

હે પુરમથન (અસુરોનાં નગરોનો નાશ કરનાર)! હે યમ—નિયમ પાળનાર! પોતાના (પાર્વતીના) સૌંદર્યની (પરમ યોગી મહાદેવજીને પણ આ પાર્વતીના અતિશય સૌંદર્યથી હું જરૂર વશ કરીશ, એવી) આશાથી ધનુષ ઉંચકનાર કામદેવને તણખલાની જેમ (પોતાની) સામે જ જલદી બળી ગયેલો જોઈને પણ દેવી પાર્વતી (જેણે મારે માટે લાંબો વખત તપ કર્યું છે તે મારો વિરહ ન પામે એવી દયા લાવીને) જેને તમે પોતાના અર્ધ શરીરમાં સ્થાન આપ્યું છે, તે હે વરદાન આપનાર મહાદેવ! તમને જો સ્ત્રીવશ સમજે, તો ખરેખર (કહેવું જોઈએ કે) સ્ત્રીઓ અણસમજુ હોય છે. ૨૩

હે ત્રિપુરાન્તક (અસુરોનાં ત્રણ નગરોનો નાશ કરનાર) આપ યમાદિ અષ્ટાંગ યોગમાં તત્પર રહો છો; છતાં આપ જિતેં-

દ્રિયને (ક્ષણમાત્રમાં) 'હું આ પાર્વતીના અનુપમ સૌંદર્ય દ્વારા જીતી લઈશ, એવી આશા રાખનાર કામદેવે આપની સામે ધનુષ સજ્જ કર્યું, ત્યારે આપે તત્કાળ તેને ઘાસની જેમ પોતાના ત્રીજા નેત્રના અગ્નિની જ્વાળા વડે ભસ્મીભૂત કર્યો; એ સર્વ પ્રકાર પાર્વતીએ નજરે દીઠો હતો અને મારા સૌંદર્યથી સર્વોત્કૃષ્ટ યોગી શંકર વશ થશે નહિ. એમ તે સમજી ગયાં હતાં; તોપણ આપના મનમાં વિચાર થયેલો કે, 'મારે માટે પાર્વતી ઘણા વખતથી તપ કરે છે, તો તેના ઉપર કૃપા થવી જોઈએ. મારા વિરહના દુઃખને એ પ્રાપ્ત ન થાઓ! એમ કેવળ કૃપાવશ થઈને તમે પોતાના શરીરના અર્ધા ભાગમાં તેમને ધારણ કરેલાં છે; છતાં એ પાર્વતી દેવી જો એમ માનતાં હોય કે, 'શંકર મારે અધીન છે, તેથી મને અર્ધાંગે રાખે છે; અને એ સ્ત્રૈણ જ છે—સ્ત્રીવશ જ છે' તો આમ માનવું જોઈએ કે, હે વરદ! ખરેખર સ્ત્રીઓ સ્વભાવથી જ મૂઢ હોય છે. ખરી રીતે દેવી પાર્વતી તો ચિદ્રૂપ છે, છતાં જો એ રીતે માને તો સ્ત્રીઓનાં ભૂષણરૂપ ગુણોમાં મૂઢતા એ પ્રધાન ગુણ છે એમ સ્ત્રીઓની તે નકલ કરી દેખાડે છે એમ સમજવું જોઈએ.

હવે પાર્વતી શંકરના અર્ધાંગમાં કેમ રહે છે અને શંકરે તેમને અર્ધાંગે કેમ ધારણ કર્યાં છે, તે વિષે વિચારીએ. જુઓ સ્ત્રીઓનું ચિંતન માત્ર પણ જો કામોત્પત્તિ કરે છે, તો પછી તેનું સમીપપણું હોય ત્યારે તો શું બાકી રહે? આમ છતાં તેના સહવાસમાં રહીને પણ જે પુરુષ સર્વકાળે ભગવાનના નામનો જપ કરતો રહે છે એવા સમર્થ પુરુષની આગળ કામદેવ આવી જ

શકતો નથી; એવો ભાવ દેખાડવા શિવજીએ અર્ધનારીશ્વરરૂપ ધારણ કરેલું છે. શિવજીના ડાબા ભાગમાં ગૌરી વસે છે, છતાં સદા—સર્વદા આત્માનંદમાં મગ્ન રહેનાર મહાયોગી શિવપરમાત્મા આગળ કામદેવ ક્ષણવાર પણ ટકી શક્યો નહિ—અરે, બળીને ભસ્મ જ થઈ ગયો. એમ પરબ્રહ્મના ભજનમાં મગ્ન રહેનાર પુરુષ સંસારમાં રહે છે, તોપણ કામાદિનો પ્રભાવ તેના ઉપર લેશ પણ પડતો નથી, એ નક્કી છે.

પાર્વતી પોતે જગન્માયા છે અને ચિત્કળા છે, છતાં શિવ પરમાત્માને સ્ત્રીવશ માને એવી સંભાવના જે કરેલી છે, તે તો કેવળ લૌકિક સ્ત્રીઓના સ્વભાવની નકલ જ કરી બતાવી છે એમ સમજવું. જે લોકો મહાદેવજીને કામી અથવા સ્ત્રીવશ કહેનારા છે, તેઓ ખરેખર મંદ બુદ્ધિવાળા છે. સૂક્ષ્મ દૃષ્ટિથી જુએ તેને જ શિવનો સાચો વૈરાગ્ય અને તેમનું પૂર્ણકામપણું બરાબર સમજાય.

મનુષ્ય સેંકડો યજ્ઞો કરે, ત્યારે જ તેને સ્વર્ગપ્રાપ્તિ થાય છે અને નંદનવનનાં કલ્પવૃક્ષોનો લાભ તથા અમૃતનો સ્વાદ તેને મળે છે. પરંતુ શિવજીના કૈલાસમાં તો સ્વાભાવિક રીતે કલ્પવૃક્ષો જ છે અને તેમની નગરીની ચારે બાજુએ તો અમૃતના સમુદ્રની ખાઈ છે. વળી કર્મોપાસના કરીને કામી પુરુષો જે સિદ્ધિઓ મેળવે છે, તેના કરતાં તો હજારગણી ચડિયાતી અણિમાદિ અષ્ટ સિદ્ધિઓ અને નવનિધિઓ શિવજીના દ્વારમાં જ સેવાભાવે રહે છે; છતાં તેમને કામી અથવા સ્ત્રીવશ કહેવા, એ નરી મૂર્ખતા નથી તો બીજું શું છે?

મંગલદાતા શિવની શ્મશાનલીલા

श्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचरा-
श्चिताभस्मालेपः स्रगपि नृकरोटीपरिकरः ॥
अमङ्गल्यं शीलं तव भवतु नामैवमखिलं
तथापि स्मर्तॄणां वरद परमं मङ्गलमसि ॥ २४ ॥

હે કામદેવનો નાશ કરનાર! શ્મશાનોમાં રમવું, ભૂતપ્રેતોની સોબત, ચિતાની ભસ્મ ચોળવી અને મનુષ્યની ખોપરીની માળા પહેરવી, એમ તમારી રીતભાત ભલે અમંગળ હોય; છતાં હે વરદાતા! તમે સ્મરણ કરતા ભકતો માટે તો પરમ મંગળસ્વરૂપ છો. ૨૪

ભગવાન મહાદેવ શ્મશાનમાં વાસ કરે છે. ભૂતપ્રેતો તેમનાં સોબતી છે, માણસના માથાની ખોપરીઓની માળા તે પહેરે છે અને ગજચર્મ ધારણ કરે છે; એમ તેમની રીતભાત અમંગળ જણાય છે; તોપણ ભકતો પ્રત્યે તો બધી રીતે તે મંગળ સ્વરૂપ જ છે. જુઓ : આવો જ ભાવ ઉપમન્યુકૃત શિવસ્તોત્રમાં પણ જણાવ્યો છે કે, 'सविषोऽप्यमृतायते भवान् शवमुण्डाभरणोऽपि पावनः । હે પ્રભો! આપ (કંઠમાં) ઝેર સહિત છો છતાં (ભકતો તરફ) અમૃતની પેઠે આચરણ કરો છો. વળી મુડદાંની ખોપરીઓનું (અપવિત્ર) આભૂષણ ધારણ કરો છો છતાં પવિત્ર છો.' આવી સાચી સ્થિતિ હોવા છતાં કેટલાક પાપી લોકો શિવજીને અમંગળ કહી તેમની નિંદા કરે છે, તો તેવા લોકો પ્રત્યે તો તે અમંગળ જ નીવડે છે; કેમ કે, 'याद्दशी भावना यस्य सिद्धिर्भवति ताद्दशी ।

જેવી જેની ભાવના, તેવી તેને સિદ્ધિ મળે છે.' માટે એવા અભાગિયાઓનાં વચનો નહિ સાંભળતાં નિરંતર શિવની ભકિતમાં પરાયણ રહેવું જોઈએ અને મન, વચન તથા કાયાથી અનન્ય-ભાવે તેમની આરાધના કરવી, એ જ યોગ્ય છે.

અત્યાર સુધીમાં ૨૪ શ્લોકોનું વિવરણ થયું. તેમાં 'अतीतः पन्थानम्' એ શ્લોકમાં 'तत्त्वमसि'નાં ત્રણે પદોનુ વર્ણન કરી, તેમાં જ 'कतिविधगुणः' પદ વડે ઈશ્વરનું સગુણ સ્વરૂપ 'कस्य विषयः' એ પદ વડે અદ્વિતીય બ્રહ્મસ્વરૂપ તથા 'पदे त्वर्वाचीने' પદ વડે ભકતાનુગ્રહ અને સૃષ્ટિસંરક્ષણ વગેરે કાર્ય માંટે માયા વડે લીલાશરીરનું ધારણ તથા તે તે અવતારોની ક્રીડા પ્રતિપાદન કરી છે, એમ જાણવું. 'अजन्मानो लोकाः' એ શ્લોકમાં સામાન્ય રીતે ઈશ્વરનું અસ્તિત્વ દૃઢ કરી 'तवैश्वर्यं यत्नात्' એ દશમા શ્લોકથી 'श्मशानेष्वाक्रीडा' આ ચોવીસમા શ્લોક સુધીમાં સગુણ સ્વરૂપ, લીલાશરીર તથા તેનું વિહારાદિ વર્ણવેલ છે, હવે અદ્વિતીય બ્રહ્મસ્વરૂપનું આવશ્યક વર્ણન બાકી રહ્યું કે જેના વિના અત્યાર સુધીનું વર્ણન માત્ર ફોતરાં ખાંડવા જેવું નિરર્થક છે; કેમ કે સર્વ શ્રુતિસ્મૃતિઓનું તાત્પર્ય કેવળ નિર્ગુણ બ્રહ્મસ્વરૂપમાં છે અને એ જ સ્વરૂપ સત્ય છે; તેમ જ તેનાથી ભિન્ન જે આ અખિલ દૃશ્ય પ્રપંચ છે, તે તો સ્વપ્ન-તુલ્ય મિથ્યા છે; એટલા માટે જ નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન કરવા હવે પછી આ ગ્રંથનો આરંભ થાય છે, એમ સમજવું જોઈએ.

હવે આ ચાલુ શ્લોકમાં 'त्वं परमं मङ्गलमसि' તે સંબંધી તાર્કિકો કેવી શંકા કરે છે, તે બધું જોઈએ: તેઓ કહે છે કે.

મંગળ એટલે સુખ અને સુખ એ ગુણ છે; તે ઉત્પન્ન થાય છે અને ઈશ્વર તો નિત્ય છે, અનિત્ય પ્રયત્ન એવા ત્રણ ગુણો છે; પરંતુ તે સુખરૂપ અથવા દ્રવ્ય નથી; માટે ઈશ્વરનું સુખસ્વરૂપ અથવા સુખરૂપપણું સંભવે નહિ. ઈશ્વરમાં નિત્યજ્ઞાન, નિત્યઈચ્છા અને નિત્યસુખનો આશ્રય નથી. વળી પાતંજલમતાનુયાયીઓ પણ આ પ્રકારે માને છે કે, અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ—એ પાંચ ક્લેશ તથા પુણ્ય, પાપ અને તે બંનેનું મિશ્રણ એવા ત્રણ પ્રકારનાં કર્મોનાં ફળ તથા તેમના સંસ્કાર આટલાંનો જેની સાથે બિલકુલ સંબંધ નથી, તે સર્વથી વિલક્ષણ ઈશ્વર જ્ઞાનરૂપ છે, પરંતુ સુખરૂપ નથી; ઈશ્વરની સુખરૂપતા માટે તથા અદ્વિતીયતા માટે કંઈ પ્રમાણ નથી; એવી શંકા દૂર કરવા અને ઈશ્વરના અદ્વિતીય પરમાનંદસ્વરૂપ વિષે અનુભવરૂપ પ્રત્યક્ષ પ્રમાણ છે એમ જ જણાવવા શ્રીપુષ્પદંત સ્તવે છે:

યોગીઓનું પરમતત્ત્વ શિવ

मनः प्रत्यक् चित्ते सविधमवधायात्तमरुतः
प्रहृष्यद्रोमाणः प्रमदसलिलोत्सङ्गितदृशः ॥
यदालोक्याह्लादं ह्रद इव निमज्ज्यामृतमये
दधत्यन्तस्तत्त्वं किमपि यमिनस्तत् किल भवान् ॥२५॥

(બાહ્ય વિષયોથી હઠાવી દીધેલા) મનને હૃદયમાં રોકીને, પ્રકારો સહિત પ્રાણાયામ કરનારા, રોમાંચ ધારણ કરનારા અને હર્ષાશ્રુથી પૂર્ણ નેત્રવાળા યોગીઓ જાણે અમૃતના ધરામાં ડૂબ્યા હોય;

એમ જે અનિર્વચનીય તત્ત્વ જોઈને અંતઃકરણમાં આનંદનો અનુભવ કરે છે, તે તત્ત્વ આપ જ છો, એમ પ્રસિદ્ધ છે. ૨૫

હે શિવસ્વરૂપ પરમાત્મન્ ! શમાદિ સાધનસંપન્ન પરમહંસાદિ યોગી પુરુષો પ્રાણવાયુને રોકી અંતર્મુખ થયેલા મનને હૃદયકમળમાં સ્થિર કરે છે અર્થાત્ ધ્યાન ધરે છે; (અહીં ધ્યાન એટલે સમાધિ સમજાય છે અને એ માટે જ મૂળમાં 'अवधाय' પદ યોજેલું છે.) અને જે અનિવર્ચનીય (સચ્ચિદાનંદ) વસ્તુનો વેદાંતવાક્યોથી ઊપજેલી અખંડાકાર વૃત્તિ વડે સાક્ષાત્કાર કરી અંતરમાં આનંદ અનુભવે છે, તે તત્ત્વ આપ જ છો; એમ શ્રુતિ ભગવતી પણ આપને જ વર્ણવે છે; તો આપ પરમ મંગળસ્વરૂપ કેમ નથી? અર્થાત્ આપ મંગળસ્વરૂપ જ છો એ નિર્વિવાદ છે. હવે તે પરમાનંદનું સર્વોત્તમપણું દેખાડવા દૃષ્ટાંત કહે છે. જોકે બ્રહ્માનંદ માટે કંઈ દૃષ્ટાંત કે ઉપમા હોઈ શકે નહિ, પરંતુ મુમુક્ષુઓને તેના અસ્તિત્વની બુદ્ધિ દૃઢ થાય તથા સાધારણ કંઈ કલ્પના થઈ શકે, તે માટે કંઈક સામ્ય બતાવતું દૃષ્ટાંત અહીં રહેલું છે એમ સમજવું. જેનો લેશમાત્ર સ્પર્શ થાય તો સમસ્ત તાપ દૂર થઈ સુખાસ્વાદનો અનુભવ થાય છે, એવા અમૃતના સરોવરમાં જો કોઈ સર્વાંગે સંપૂર્ણપણે ડૂબકીઓ મારે તો તે કેવું અને કેટલું સુખ અનુભવે? તેના સુખની કંઈ સીમા રહેતી નથી અર્થાત્ અમૃતથી પરિપૂર્ણ સરોવરમાં ડૂબકીઓ મારવા જેવો અંતરમાં આનંદ અનુભવાય છે એમ અહીં ભાવ છે.

આમ બ્રહ્માનંદનું કારણ કહી હવે તેનું કાર્ય દેખાડે છે કે, જેમને એ આનંદાનુભવ થયો છે, તેમના શરીર ઉપર રોમાંચ ખડાં

થાય છે અને હર્ષાશ્રુ વડે નેત્ર ઊભરાય છે. આ બંને ચિહ્નો પરથી યોગીઓના આનંદનું કંઈક અનુમાન થઈ શકે છે; અર્થાત્ જે તત્ત્વના સાક્ષાત્કારથી તેનો સાક્ષાત્કાર કરનાર જો આમ આનંદિત થાય છે, તો તે તત્ત્વ પોતે પરમાનંદસ્વરૂપ હોઈ મંગળમય હોય એમાં શી નવાઈ છે? સારાંશ કે, હે પ્રભો! આપ નિરંતર નિરતિશય આનંદરૂપ છો એવો જ્ઞાનીઓનો અનુભવ છે તથા શ્રુતિઓનું પણ સાક્ષીપણું છે. જુઓ :

'विज्ञानमानन्दं ब्रह्म' (बृह० ३,९,३४) 'आनन्दो ब्रह्मेति व्यजानात्' (तैत्ति० ३,६) 'यो वै भूमा तत् सुखम्' (छांदो० ७, २३, १), 'को ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनंदो न स्यात्' (तैत्ति० २,७)—'બ્રહ્મ વિજ્ઞાનરૂપ છે', 'આનંદ બ્રહ્મ છે એમ તેણે જાણ્યું,' 'જે સર્વોત્કૃષ્ટ પરમાત્મા છે, તે જ સુખ છે', 'જો આ હૃદયરૂપ આકાશમાં બ્રહ્મરૂપ આનંદ ન હોત, તો કોણ શ્વાસ લઈ શકત, કોણ જીવી શકત?' 'एष एव परम आनंदः' (बृ० ४, ३, ३३)—'આ જ પરમાત્મા શ્રેષ્ઠ આનંદ છે.' ઇત્યાદિ અનેક શ્રુતિઓ પરમાત્માને આનંદરૂપે વર્ણવે છે.

શિવની અનેક મૂર્તિઓ

त्वमर्कस्त्वं सोमस्त्वमसि पवनस्त्वं हुतवह-
स्त्वमापस्त्वं व्योम त्वमु धरणिरात्मा त्वमिति च।
परिच्छिन्नामेवं त्वयि परिणता बिभ्रतु गिरं
न विद्मस्तत् तत्त्वं वयमिह तु यत्त्वं न भवसि॥२६॥

હે પ્રભો, તમે સૂર્ય છો, તમે ચંદ્ર છો, તમે વાયુ છો, તમે અગ્નિ છો, તમે જળ છો, તમે પૃથ્વી છો અને આત્મા (ક્ષેત્રજ્ઞ યજમાનરૂપ) પણ તમે જ છો. એવી રીતે તમારા વિષે પરિપક્વ બુદ્ધિવાળા પુરુષો પરિચ્છિન્ન એટલે મર્યાદિત વાણી ભલે બોલે; પણ અમે તો આ સૃષ્ટિમાં એવું કોઈ તત્ત્વ જાણતા નથી કે જે તમે નથી. ૨૬

હે પ્રભો! પરિપક્વ બુદ્ધિવાળા વિદ્વાનો સર્વાત્મક એવા તમારું કેવળ આઠ મૂર્તિઓ વડે જ વર્ણન કરે છે; પરંતુ એ કોઈ રીતે યોગ્ય નથી. જોકે એવું વર્ણન કરનારાઓને શ્લોકમાં 'परिणताः' એમ કહેલ છે, તોપણ એ પદ હાંસી દર્શાવે છે. વ્યવહારમાં જો આપણે કોઈને મૂઢ કહેવો હોય, તો આવી રીતે જ કહીએ છીએ કે, 'વાહ! તમે તો ભાઈ બહુ ડાહ્યા છો!' આમ હાંસી માટે 'ડાહ્યા' શબ્દનો પ્રયોગ કરીએ છીએ, પણ તેનો મુખ્યાર્થ નહિ સમજાતાં 'તમે મૂઢ છો' એમ સમજાય છે. તે જ પ્રમાણે, પરિપક્વ બુદ્ધિવાળા કહ્યા, તેનો અર્થ 'અપરિપક્વ બુદ્ધિવાળા જ' જાણવો. 'विरोधिलक्षणन्यायादभद्राभद्रिका यथा।' જે ઠેકાણે જેનો વિરોધ અથવા અભાવ હોય છે, તે ઠેકાણે તેને કહેનાર શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે; એનું નામ વિરોધી ન્યાય છે. જેમ કે અભદ્રા(સ્વભાવથી જ અકલ્યાણરૂપ)ને ભદ્રિકા (કલ્યાણકારિણી) શબ્દથી બોલીએ છીએ, તેમ અહીં વિરોધી ન્યાયથી 'परिणताः' પદનો પ્રયોગ છે; કેમ કે હે પરમાત્મન્! આ જગતમાં અમે તે વસ્તુ જાણતા નથી કે જે તમે નથી, અર્થાત્ ચરાચર જગતમાં પરમાત્મા સિવાય બીજી કોઈ વસ્તુ જ નથી;

તો પછી તમારું ચંદ્ર, સૂર્ય વગેરે વિશેષ નામો વડે વર્ણન કરવું વ્યર્થ જ છે 'इन्द्रं मित्रं वरुणमग्निम्' ઇત્યાદિ શ્રુતિઓમાં એમ જ કહ્યું છે કે પરમેશ્વર એક જ છે, છતાં તેમને ઇન્દ્ર, મિત્ર ઇત્યાદિ અનેક નામો વડે બ્રાહ્મણો દર્શાવે છે; પરંતુ સર્વ વસ્તુ તે જ છે, આ સૃષ્ટિમાં સત્ (પરબ્રહ્મ) વિના કોઈ વસ્તુ જ નથી અને એ સદ્રૂપ આત્મા તમે જ છો એ તર્ક વડે પણ અદ્વૈત સિદ્ધ થાય છે.

અહીં કોઈએ આવી શંકા ન કરવી કે, 'સર્વ જો બ્રહ્મરૂપ છે અને બ્રહ્મજ્ઞાન વડે જો મોક્ષ મળે છે, તો ઘટાદિ પદાર્થો પણ બ્રહ્મરૂપ હોવાથી તેમના જ્ઞાન વડે પણ મોક્ષ મળે.' આના સમાધાનમાં સમજવું જોઈએ કે, બિંબભૂત સ્વરૂપજ્ઞાન વડે જ મોક્ષ થાય છે, પણ પ્રતિબિંબભૂત થતા વૈષયિક જ્ઞાન વડે મોક્ષ નથી. અસ્તુ! (આ વિષય કઠિન છે અને વિસ્તાર વધી જવાનો ભય છે; વળી સામાન્ય વાંચનાર સમજે પણ નહિ માટે અધિકારી જિજ્ઞાસુઓ સ્વામી મધુસૂદન સરસ્વતીકૃત મૂળ વ્યાખ્યાનમાં જોઈ લે.) સારાંશ કે, શ્રુતિ—સ્મૃતિ અને અનુમાનાદિ પ્રમાણો વડે અમે તમારા સિવાય બીજી કોઈ વસ્તુ જાણતા જ નથી. ભલે! અજ્ઞાનીઓ તમારા સર્વાત્મપણા માટે અને અદ્વિતીયપણા માટે કુતર્ક કરે! 'वयं' એમ બહુવચનનો પ્રયોગ કરી શ્રીપુષ્પદંત ગંધર્વરાજે પોતાનું પ્રમાણકૌશલ્ય અને અનુભવજ્ઞાન સૂચિત કરી પોતાનો ઉત્કર્ષ સાધ્યો છે.

શિવનું પરમપદ ૐકાર

ઉપરના બે શ્લોકોમાં त्वं અને तत् પદનું સ્પષ્ટીકરણ કરી, હવે ૐ પદ વડે અખંડ વાક્યાર્થ સૂચવે છે:

त्रयीं तिस्रो वृत्तीस्त्रिभुवनमथो त्रीनपि सुरा-
नकाराद्यैर्वर्णैस्त्रिभिरभिदधत्तीर्णविकृतिः ॥
तुरीयं ते धाम ध्वनिभिरवरुन्धानमणुभिः
समस्तं व्यस्तं त्वां शरणद गृणात्योमिति पदम् ॥ २७॥

હે શરણ આપનાર મહાદેવ! અ, ઉ અને મ, આ ત્રણ વર્ણોથી; ત્રણ વેદ (ઋક્, યજુ; સામ); ત્રણ વૃત્તિઓ અથવા અવસ્થા (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ); ત્રણ ભુવન (ભૂ:, ભુવ:; સ્વ:) ત્રણ દેવો (બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ); એમને જણાવતું અને અને સૂક્ષ્મ ધ્વનિઓ વડે નિર્વિકાર (ત્રણે અવસ્થાઓથી પર) તમારા ચોથા સ્થાનને સમજાવતું ૐ આ પદ સમસ્ત હોય કે છૂટં પાડેલું હોય, પણ તમને જ વર્ણવે છે.

હે શરણાગતને અભય પદ આપનાર મહાદેવ! ૐકાર પદ આપને (સર્વાત્માને) બે રીતે પ્રતિપાદન કરે છે: (૧) સમસ્ત-પણે અને (૨) વ્યસ્તપણે. બીજી રીતે કહીએ તો અવયવશકિત વડે અને સમુદાયશકિત વડે (સાવયવ તથા નિરવયવ) તમારા સ્વરૂપનું જ વર્ણન કરે છે. અવયવશકિત વડે ૐકારને વાકયત્વ (વાકયપણું) છે અને સમુદાયશકિત વડે પદત્વ (પદપણું) છે. અસ્તુ! હવે વ્યસ્ત (છૂટા) પણે ૐકાર કેવી રીતે પરમાત્માને જણાવે છે, તે જુઓ:

વ્યસ્ત એટલે ભિન્ન ભિન્ન અકાર, ઉકાર, મકાર તથા અર્ધમાત્રા—આ દરેક અવયવ પદ અર્થાત્ શબ્દનું કામ કરે છે; તેથી તેમનું પદપણું યોગ્ય છે; એમાંના અકાર વડે ઋગ્વેદ, જાગ્રતાવસ્થા, ભૂર્લોક, બ્રહ્મા ઇત્યાદિ સમજાય છે. ઉકાર વડે યજુર્વેદ, સ્વપ્નાવસ્થા, ભુવર્લોક, વિષ્ણુ ઇત્યાદિ જણાય છે; મકાર વડે સામવેદ, સુષુપ્તિ અવસ્થા, સ્વર્લોક, મહેશ્વર ઇત્યાદિ સમજાય છે અને અર્ધમાત્રા વડે સર્વ વિકારાતીત, વિશ્વાદિ અભિમાની દેવોથી વિલક્ષણ એવું તમારું અખંડ ચૈતન્યસ્વરૂપ જણાય છે. આમ, અવયવપણે ૐકાર આપનું જ વર્ણન કરે છે.

[હવે સમસ્તપણે અર્થાત્ સમુદાયશક્તિ વડે નિરવયવપણે ૐકાર ઈશ્વરના સ્વરૂપને જણાવે છે, તે બતાવાય છે: ૐકારનું બીજું નામ પ્રણવ છે. આ પ્રણવ બે પ્રકારનો છે: એક પર અને બીજો અપર. સત્યજ્ઞાનાનંદૈકરસ તથા માયા અને તેના કાર્યના સંબંધથી રહિત જે સર્વથી પર શિવસ્વરૂપ છે તે પર પ્રણવ છે; કેમ કે તે સ્વરૂપ બીજા કારણની જરૂરિયાત વિનાનું તથા પ્રકૃષ્ટ પરમાનંદરૂપે પ્રકાશિત થાય છે; માટે સર્વદા અભિનવ હોવાથી સમગ્ર વિક્રિયાશૂન્ય તથા કૂટસ્થ એવા તે નિત્ય સ્વરૂપને(પ્ર–નવ) પ્રણવ કહે છે; અને બીજો જે અપર પ્રણવ કહ્યો છે, તે 'અકાર, ઉકાર, મકાર અને અર્ધમાત્રા' એવા અવયવથી યુક્ત છે; તે પણ તે જ સ્વરૂપને કહેનાર હોવાથી અને જ્ઞાનીઓને સ્વાનુભવ વડે તે તે સ્વરૂપના નિત્ય નવીનપણાની પ્રાપ્તિનો હેતુ હોવાથી તેને પણ (પ્ર–નવ) પ્રણવ નામ વડે કહે છે. અજપા ગાયત્રીના અવયવ-રૂપ 'हं' અને 'सः' આ બે અક્ષરો જ એકાકારપણાને પ્રાપ્ત

થઈ આ પ્રણવ(ॐ)રૂપે ઉત્પન્ન થાય છે. જુઓ, હકારથી શ્વાસ શરીરમાંથી બહાર જાય છે અને સકારથી ફરી અંદર પ્રવેશે છે; પણ તે મનુષ્ય કશું જાણતો નથી. પરંતુ જ્યારે ગુરુમુખથી તેનું વિધાન જાણી સુષુમ્ણા નાડીમાં 'हंस-हंस' આ મંત્રને ઉલટાવી દે છે, ત્યારે તેના મુખે सोहं सोहं જપ થાય છે. દરરોજ આ हंस મંત્રનો જપ સર્વ પ્રાણીઓના મુખે થાય છે; તેની સંખ્યા ૨૧,૬૦૦ જેટલી છે. અસ્તુ! શિવે લીલા વડે ધારણ કરેલા અર્ધનારીશ્વર સ્વરૂપ(પર શિવ)ના પુરુષભાગને 'अहं' એમ કહે છે અને પ્રકૃતિભાગને 'सः' કહે છે; તે પ્રકૃતિ પુરુષ સાથે પોતાના તાદાત્મ્ય(ઐક્યભાવ)નું જ્યારે અનુસંધાન કરે છે, ત્યારે અજપા ગાયત્રી વડે 'सोऽहं' એવો પરમાત્મા—મંત્ર ઉત્પન્ન થાય છે; અને તે 'सोऽहं' મંત્રના સકાર તથા હકારનો લોપ, કરી સંધિ કરવામાં આવે, તો પ્રણવ—'ॐ' ઉત્પન્ન થાય છે. 'सो'ના સકારનો લોપ કરવાથી 'ओ' બાકી રહે છે; અને 'हं'ના હકારનો લોપ કરવાથી 'अं' બાકી રહે છે; પછી બંનેની સંધિ કરીએ, તો 'ओं' થાય છે. આવી રીતે हंस મંત્ર અથવા सोऽहंથી ॐકાર થાય છે.

तस्मिन्नेव शिवः साम्बः सर्ववस्त्ववभासकः ।
प्रतिबिम्बितवांस्तेन प्रणवस्तस्य वाचकः ॥

દર્પણમાં જેમ મુખ ભાસે છે, તેમ પ્રણવમાં શક્તિ સહિત સ્વપ્રકાશ ચિદ્રૂપ શિવ પ્રતિબિંબભાવે ભાસે છે, એટલા માટે જ પ્રણવ ઈશ્વરવાચક છે. અહીં કોઈ શંકા કરે કે, શિવસ્વરૂપ તો મન અને વાણીનો અવિષય છે; તો પછી પ્રણવને તેનું વાચકત્વ

કે·લક્ષકત્વ શી રીતે પ્રાપ્ત થાય? તો તેના સમાધાનમાં જણાવવાનું કે, વાચ્યવાચકતા અને·લક્ષ્યલક્ષણતા આદિ ભાવ વ્યાવહારિક દૃષ્ટિથી જણાય છે; ખરી રીતે એ કંઈ છે જ નહિ. આ પ્રણવ મંત્રમાં દૃશ્ય પ્રપંચલક્ષણ સર્વાર્થ ભરેલું છે અને તે સર્વાર્થ પણ શિવરૂપ છે, માટે સર્વાર્થરૂપ પરમાત્માનો સર્વાવભાસક પ્રણવ પરિપૂર્ણતાનો વાચક થયો છે એ બરાબર છે, જે વસ્તુ જે વડે યુક્ત થઈ ભાસે છે, તે ત્યાં કલ્પિત હોય, એમ સમજવું. દોરીના 'આ કંઈક છે.' એ ભાગ ઉપર સર્પ વગેરેનો ભાસ થાય છે, તે પ્રમાણે દૃશ્ય પ્રપંચ 'સત્' આ વસ્તુ ઉપર ભાસે છે. પણ ખરી રીતે એ મિથ્યા છે; માટે જ તે સદ્રૂપ બ્રહ્મમાં આરોપિત અથવા કલ્પિત છે. ભોક્તૃ—ભોગ્યાત્મક આ પ્રપંચ તેના મૂળ અધિષ્ઠાનના જ્ઞાન વડે જો લય પામે તો બાકી સ્વપ્રતિષ્ઠ, અદ્વિતીય પર શિવસ્વરૂપ જ રહે છે; એટલા માટે 'आत्मैवेदं सर्वं इदं सर्वं यदयमात्मा' ઇત્યાદિ શ્રુતિઓ શિવનું સર્વાત્મકપણું પ્રતિપાદન કરે છે. સારાંશ કે, પ્રણવના અર્થમાં સમગ્ર પ્રપંચનું મિથ્યાપણું તથા જીવ—શિવનું એકપણું અર્થાત્ આત્માનું સચ્ચિદાનંદપણું અને અદ્વિતીયપણું પ્રતિપાદન કરેલું છે, એ બરાબર જ છે.]

શિવનાં મુખ્ય આઠ નામો

આમ 'પ્રણવ' અદ્વિતીય બ્રહ્મનો વાચક છે, એમ ઉપરના શ્લોકમાં વર્ણન કર્યું છે. તે પ્રણવના અર્થનું સતત ચિંતન તથા તેનો જપ કરવો, એ સમાધિનું સાધન છે, એમ પતંજલિ મહર્ષિએ યોગસૂત્રમાં વર્ણવ્યું છે: 'समाधिसिद्धिरीश्वरप्रणिधानात्' 'ईश्वरप्रणिधानाद्वा' એવું બીજું સૂત્ર પણ છે; ઈશ્વરના ધ્યાનથી સમા-

ધિની સિદ્ધિ થાય છે; અર્થાત્ ઉપાસના વડે પ્રસન્ન થયેલા ઈશ્વર અનુગ્રહથી સમાધિનો લાભ આપે છે. એવો એ સૂત્રનો અર્થ છે. 'तस्य वाचकः प्रणवः—તે ઈશ્વરનો વાચક (બોધક) ૐકાર છે;' 'तज्जपस्तदर्थभावनम्—તે પ્રણવનો જપ તથા તેના અર્થરૂપ ઈશ્વરનું ચિંતન કરવાથી ચિત્તની એકાગ્રતા (નિજ સ્વરૂપનો સાક્ષાત્કાર) યોગીને થાય છે.' એવો તેનો અર્થ છે, વળી 'एतदालंबनं श्रेष्ठमेतदालंबनं परम् । एतदालंबनं ज्ञात्वा ब्रह्मलोके महीयते । (कठ० १, २, १७) આ ૐકારનો આશ્રય લેવો શ્રેષ્ઠ છે, એનો આધાર સર્વોત્કૃષ્ટ છે અને એ ૐકારરૂપ આશ્રયને જાણી મનુષ્ય બ્રહ્મલોકમાં પૂજાય છે.' એ શ્રુતિમાં યમરાજાએ નચિકેતાને ૐકાર એ જ શ્રેષ્ઠ આલંબન છે એમ કહેલું છે; અર્થાત્ બ્રહ્મબુદ્ધિ વડે તેની ઉપાસના કરવા કહેલું છે. સારાંશ કે પ્રણવ છે, તે સકળ પુરુષાર્થોનું સાધન છે, એમ નક્કી થયું; પરંતુ તેનો જપ અને તેના અર્થની ભાવના (ચિંતન) કઠિન છે. તેથી સામાન્ય લોકોને તેનું અનુષ્ઠાન શકય થતું નથી, તથા સ્ત્રી, શૂદ્રાદિને તેનો અધિકાર પણ નથી; એટલે સર્વસાધારણ અને પ્રસિદ્ધ એવાં ભગવદ્વાચક નામનો જપ કરવો સહેલો થશે, એમ ધારી શ્રીપુષ્પદંત શંકરનાં મુખ્ય આ નામો બતાવતાં સ્તુતિ કરે છે:

भवः शर्वो रुद्रः पशुपतिरथोग्रः सहमहाँ-
स्तथा भीमेशानाविति यदभिधानाष्टकमिदम् ॥
अमुष्मिन् प्रत्येकं प्रविचरति देव श्रुतिरपि
प्रियायास्मै धाम्ने प्रविहितनमस्योऽस्मि भवते ॥२८॥

હે દેવ! ભંવ! (જળમૂર્તિ), શર્વ (પૃથ્વીમૂર્તિ), રુદ્ર (અગ્નિમૂર્તિ), પશુપતિ (યજમાનમૂર્તિ), વળી ઉગ્ર (વાયુમૂર્તિ) સહમહાન (સોમમૂર્તિ) તથા ભીમ (આકાશમૂર્તિ) અને ઈશાન (સૂર્યમૂર્તિ)—એમ આ તમારાં આઠ (મુખ્ય) નામો છે કે જે નામમાં વેદ પણ પરમેશ્વરને જણાવનાર થઈ ફર્યા કરે તેવા શરણરૂપ પ્રિય એવા આપને હું નમસ્કાર કરું છું. ૨૮

હે મહાદેવ! ભવ, રુદ્ર, શર્વ વગેરે તમારાં મુખ્ય આઠ નામો છે; તેમાં તે એક એક નામમાં શ્રુતિ પણ પરમેશ્વરનો બોધ કરાવતી ફર્યા કરે છે. મૂળમાં 'अपि' શબ્દથી સ્મૃતિ, પુરાણ ઇતિહાસ, કથા વગેરેમાં પણ તેમનો નિર્દેશ છે; અથવા પ્રણવની પેઠે આ નામોનું પણ પ્રતિપાદન કરે છે, એમ અર્થ સમજવો. જોકે કર્મકાંડમાં ભવ વગેરે નામો અગ્નિવાચક કહેલાં છે, તોપણ અગ્નિ આવે, તો કંઈ નવાઈ જેવું નથી. મૂળ શ્લોકમાં દેવપદ સંબોધનાર્થે છે; છતાં તેને 'देवश्रुतिरपि' એમ સામાસિક (ભેગો) લઈએ તો દેવ એટલે બ્રહ્માદિક દેવો અને એ દેવોની શ્રુતિ એટલે કર્મેન્દ્રિય પણ આ નામો સાંભળવા સાવધાન રહે છે; એટલે કે તેઓ તમારાં નામો સાંભળવા સાવધાન રહે છે; આવો અર્થ થઈ શકે છે. જો બ્રહ્માદિ દેવો પણ ભક્તિભાવથી મહાદેવનાં નામો સાંભળવા તત્પર હોય છે; તો પછી બીજાઓએ કેમ તત્પર ન થવું? એવો અહીં ભાવ છે. જેનું નામ સકળ પુરુષાર્થો આપે છે, તે પોતે કેવો છે? તે દેખાડી હવે ભક્તિથી નમન કરે છે કે, હે પરમાત્મન્! આપ સર્વદા સ્વપ્રકાશ ચૈતન્યરૂપ વડે અપરોક્ષ છો; આપનું યોગ્ય ઉપચાર વડે આરાધન કરવા હું સર્વથા અસમર્થ છું; માટે

કાયા, વાચા અને મનથી હે પ્રિયરૂપ! આપને કેવળ નમસ્કાર જ કરું છું; એમ સૂચવે છે. હવે આ આઠ નામો વડે આઠ મૂર્તિઓનું પૂજન કરવાથી જે શાસ્ત્રફળ લખ્યું છે, તે બતાવીશું:

अष्टौ प्रकृतिरूपाणि कष्टान्यष्टैव देहिनः ।
स्पष्टं मूर्तिभिरष्टाभिरष्टमूर्तिर्हरत्यसौ ॥

ગીતાના સાતમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ જે પરા અને અપરા પ્રકૃતિ વર્ણવેલી છે; તેમાં અપરા પ્રકૃતિનાં આઠ રૂપ છે: તે 'भूमिरापोऽनलो वायुः' એ શ્લોકમાં આઠેય સ્વરૂપ કહ્યાં છે; તે બધાં આઠે પ્રકારનાં જીવનાં જ દુ:ખો છે. એ પ્રસિદ્ધ છે. આ આઠે પ્રકારનાં દુ:ખોને આઠ મૂર્તિવાળા આત્મરૂપ મહાદેવમાં અનુસંધાન કરવાથી તેમાંથી છુટકારો મેળવી શકાય છે. એટલે કે આત્મસાક્ષાત્કાર વડે આઠે પ્રકૃતિ દૂર થતાં તેમનાથી ઉત્પન્ન થનારું દુ:ખ નિવૃત્તિરૂપ ફળમાં પરિણમે છે; એવો અહીં ભાવ છે. એટલા માટે જ પૂર્વોક્ત નામો વડે તેમનું પૂજન કરવું જરૂરી છે.

શિવને સર્વસ્વરૂપ ગણી નમસ્કાર

પરમાત્માનો મહિમા સમજવો અતિ કઠિન છે, એ બતાવવા અને પોતાની અનન્ય ભક્તિ જણાવવા વારંવાર કેવળ નમસ્કાર કરી ગંધર્વરાજ પુષ્પદંત અગમ્ય મહિમાવાળા ભગવાન શંકરની સ્તુતિ કરે છેઃ

नमो नेदिष्ठाय प्रियदव दविष्ठाय च नमो
नमः क्षोदिष्ठाय स्मरहर महिष्ठाय च नमः ।

नमो वर्षिष्ठाय त्रिनयन यविष्ठाय च नमो
नमः सर्वस्मै ते तदिदमिति शर्वाय च नमः ॥२९॥

હે નિર્જન વનને પ્રિય માનનારા! સૌની પાસે રહેલા અને સૌથી દૂર રહેલા આપને નમસ્કાર; હે કામને હરનારા! સૌથી નાના અને સૌથી મોટા સ્વરૂપવાળા આપને નમસ્કાર; હે ત્રણ નેત્રવાળા! સૌથી વૃદ્ધ અને સૌથી યુવાન સ્વરૂપવાળા! આપને નમસ્કાર. આ બધું આપ જ છો, એમ સમજી સર્વસ્વરૂપ અને કલ્યાણસ્વરૂપ આપને નમસ્કાર; અથવા પરોક્ષ અને અપરોક્ષરૂપે રહેલા આપને પ્રણામ હો. ૨૯

હે મહાદેવ! અત્યંત શૂન્ય નિર્જન વનમાં વસવું આપને અત્યંત પ્રિય છે. પૂર્વજન્મના પુણ્યે જેઓનું અંતઃકરણ શુદ્ધ થયું છે એવાં મનુષ્યોને તમે તદ્દન પાસે છો; કારણ કે 'ઈશ્વર અમારો આત્મા છે' એમ તેઓ જાણે છે; પણ સંસ્કારરહિત મનુષ્યોને આપ અતિશય દૂર છો; કેમ કે તેઓ તો વિષયોમાં ગરકાવ થયેલા હોવાથી આપના તરફ તેઓનું લક્ષ્ય હોય જ શાનું? એવા આપને મારા નમસ્કાર હો. શ્રુતિ પણ કહે છે કે, 'दूरात्सुदूरे तदिहांतिके च' અર્થાત્ વિવેક, વૈરાગ્ય, શમ, દમ આદિ સાધનશૂન્ય અને મલિન અંતઃકરણવાળા મનુષ્યો જોકે વેદાંતાદિ સાંભળે છે, (અને શિવ-સ્વરૂપ બ્રહ્મ જોકે પોતાનું સ્વરૂપ છે,) તોપણ તેમને માટે તો લોકાલોક પર્વતથી પણ આપ દૂર છો; પરંતુ તે જ બ્રહ્મ (અર્થાત્ આપ પોતે) પ્રશાંત ચિત્તવાળા અને ગુરુદેવ આદિનો અનુગ્રહ પામેલા પુરુષોને સમીપમાં એટલે હૃદયમાં જ જાણવા યોગ્ય છે.

હે મદનદહન! આપ અવયવરહિત હોવાથી પરિણામશૂન્ય છો અર્થાત્ સૂક્ષ્મ છો; અને સર્વવ્યાપક હોવાથી અંતર્યામી છો અર્થાત્ સૌથી મોટા છો; એવા આપને નમસ્કાર હો. ‘ अणोरणीयान्महतो महीयान् ’ (कठ. २, २०) એમ શ્રુતિ પણ સૂચવે છે: ‘આત્મા અણુથી પણ અણુ છે.’ એટલે અણુનો જે આત્મા તે અણુથી નાનો કેમ ન હોય? તથા આકાશથી કોઈ મહાન પદાર્થ નથી; પરંતુ તેનો પણ આધાર(અધિષ્ઠાન)ભૂત આત્મા તેનાથી વધારે મોટો કેમ ન હોય? મતલબ કે બ્રહ્મસ્વરૂપ શિવ—પરમાત્મા આવા પ્રકારના હોવાથી સ્તોત્રકાર કહે છે કે, હે પ્રભો! એવા આપને મારા નમસ્કાર હો; તથા હે ત્રિનયન! આપ સર્વના કારણરૂપ છો; માટે અત્યંત વૃદ્ધ અને વિકારરહિત હોવાથી સદાસર્વદા તરુણ પણ છો; એવા આપને મારા પ્રણામ હો. શ્રુતિ કહે છે કે, त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी । त्वं जीर्णो दंडेन वञ्चसि त्वं जातो भवसि विश्वतो मुखः । (श्वेताश्व. ४,३) હે પરમાત્મન્! સ્ત્રી, પુરુષ, કુમાર, કુમારી, હાથમાં લાકડી લઈને જનારો વૃદ્ધ અને ઉત્પન્ન થનારો ઇત્યાદિ સમસ્ત સ્વરૂપ વડે તમે જ સર્વવ્યાપી છો.’ એવા આપને મારા નમસ્કાર હો. આમ વારંવાર નમસ્કાર કરવાનો હેતુ આ છે કે પરમેશ્વર હમેશાં વિલક્ષણ સ્વભાવવાળા છે, જે ઉપરના વિવેચન પરથી સમજાશે. આવા સ્વરૂપનો નિર્ણય અલ્પબુદ્ધિ મનુષ્યો કરી શકે નહિ; તેથી સર્વદા તમને નમસ્કાર જ ઘટે છે. અલૌકિક સ્વરૂપ, લૌકિક શબ્દાદિ વડે કેવી રીતે પ્રકાશિત થાય? એટલે વિરુદ્ધ શબ્દો વડે વર્ણન કરવું પડે છે. અસ્તુ!

[હવે ‘ત્રિનેત્ર’ શબ્દનું કંઈક વિવેચન કરીશું. શંકરના

ત્રીજા નેત્રની ઉત્પત્તિનું વૃત્તાંત મહાભારતના અનુશાસન પર્વમાં છે, તેમાંથી થોડું બતાવીશું: વૃષભવાહન મહાદેવજી એક વખત કૈલાસ ઉપર તપ કરતા હતા; એવામાં પાર્વતી પોતાની સખીઓ સાથે ત્યાં આવી પહોંચ્યાં. તેમણે વિનોદમાં મહાદેવની પાછળ ઊભાં રહી તેમનાં બન્ને નેત્રો પોતાના હાથ વડે ઢાંકી દીધાં. પછી તો એકાએક બધે અંધકાર વ્યાપી ગયો; હોમહવન વગેરે સર્વ ધર્મક્રિયાઓ બંધ પડી ગઈ. જગત સઘળું ભયભીત બની ગયું; જાણે સૂર્ય જ નષ્ટ થઈ ગયો હોય એવો સૌને ભાસ થયો; પરંતુ તરત જ મહાદેવજીના કપાળમાંથી પ્રલયકાળના અગ્નિ સમાન દેદીપ્યમાન અગ્નિજ્વાળા નીકળી. એ જ્વાળાથી પશુ, પક્ષી અને વૃક્ષાદિ સહિત કૈલાસ પર્વત બળી ગયો; ને જગતમાં વ્યાપેલો અંધકાર પણ તેના તેજથી નષ્ટ થયો. આ જોઈને પાર્વતી તો ઘણાં ગભરાયાં. હાથ જોડીને શંકર આગળ ઝાંખા મુખે ઊભાં રહ્યાં તેમનો ભાવ જાણી લઈ તથા પિતા હિમાલયની આવી દુર્દશા એમનાથી જોઈ જતી નથી, એમ વિચારી શંકરે દયાદૃષ્ટિથી કૈલાસને જોયો; તો તે પૂર્વવત્ સુશોભિત બની ગયો. આશ્ચર્યચકિત થયેલાં પાર્વતીજીએ શિવજીને પૂછયું:

> किमर्थं ते ललाटे वै तृतीयं नेत्रमुत्थितम् ।
> किमर्थं च गिरिर्दग्धः सपक्षिगणकाननः ॥

આપના કપાળમાં આ ત્રીજું નેત્ર કેમ ઊપજ્યું? તથા આ મારા પિતા(હિમાલય)ને બાળીને ફરી, પહેલાંની જેમ કેમ કર્યા?' ત્યારે મહાદેવજી બોલ્યા:

> नष्टादित्ये तथा लोके तमोभूते नगात्मजे ।
> तृतीयं लोचनं दीप्तं सृष्टं मे रक्षतः प्रजाः ॥

હે પાર્વતી! તેં અવિચારથી મારાં નેત્ર બંધ કરી દીધાં, તેથી સૂર્ય જાણે નાશ પામ્યો હોય એવું જગત આ બની ગયું અને બધે ઠેકાણે અંધકાર વ્યાપી ગયો ને લોકો ભયભીત થયા ત્યારે મેં પ્રજાના રક્ષણ માટે ત્રીજું નેત્ર પ્રકટ કર્યું. તેની અગ્નિ-; જ્વાળાથી આ પર્વત સમસ્ત પ્રાણીઓ તથા વનરાજી સહિત બળી ગયો, પરંતુ તને સંતુષ્ટ કરવા ફરી તેને પૂર્વવત્ સુશોભિત કર્યો.' હવે આનો તાત્ત્વિક અર્થ જોઈએ: શ્રુતિમાં 'चन्द्रसूर्याग्नि' એવાં શંકરનાં ત્રણ નેત્રો કહેલાં છે. તે કેવળ લૌકિક ચંદ્ર, સૂર્ય અને અગ્નિ સમજવાં નહિ, પણ જુઓ:

आप्यायनस्तमोहंता विद्यया दोषदाहकृत् ।
सोमसूर्याग्निनयनस्त्रिनेत्रस्तेन शंकरः ॥

જેવી રીતે ચંદ્ર પોતાની અમૃતમયી ચાંદનીથી સૌને આનંદ આપે છે, તેમ આપ્યાયન (आप्यायति–तर्पयति जगत्स्वानंददानेन इति आप्यायन आनंदः) એટલે આનંદ, તેને ચંદ્ર જાણવો. સૂર્ય અંધકારનો નાશ કરે છે, તે જ પ્રમાણે ચિત્ (ચૈતન્ય) અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે, તેથી તેને સૂર્ય સમજવો અને અગ્નિ-જેમ ઘાસને બાળે છે, તેમ વિદ્યા રાગદ્વેષાદિને બાળી ભસ્મ કરે છે; માટે તેને અગ્નિ જાણવી. મતલબ કે આનંદ, ચિત્ અને જ્ઞાનમાં લોકપ્રસિદ્ધ ચંદ્ર, સૂર્ય અને અગ્નિ સમાન ગુણો હોવાથી તેમ જ શંકર સત્—ચિત્—આનંદ (સચ્ચિદાનંદ) સ્વરૂપ હોવાથી આ ત્રણે નેત્રોવાળા (ત્રિનેત્ર) છે, એમ જાણવું.]

આમ શ્રી પુષ્પદંત કહે છે કે, હે પ્રભો! સર્વરૂપ એવા આપને મારા નમસ્કાર હો. 'इदं सर्वं यदयमात्मा' છે.' (बृ. २,

૪, ૬) આ સર્વ જે દૃશ્યમાન સ્વરૂપ છે, તે આત્મા છે.' એમ આત્માનું સર્વવ્યાપકપણું બતાવેલું છે; માટે સર્વાત્મને નમસ્કાર કર્યા છે.

શિવનાં મુખ્યમાં મુખ્ય ચાર સ્વરૂપ

હવે પૂર્વે કહેલા સમગ્ર અર્થને સંક્ષેપમાં લઈ નમસ્કાર કરતાં શ્રી પુષ્પદંત પોતાની સ્તુતિનો ઉપસંહાર કરે છે:

बहलरजसे विश्वोत्पत्तौ भवाय नमो नमः
प्रबलतमसे तत्संहारे हराय नमो नमः ॥
जनसुखकृते सत्त्वोद्रिक्तौ मृडाय नमो नमः
प्रमहसि पदे निस्त्रैगुण्ये शिवाय नमो नमः ॥३०॥

જગતની ઉત્પત્તિ માટે ઘણા જ રજોગુણવાળા ભવ (બ્રહ્મ) સ્વરૂપ તમને વારંવાર નમસ્કાર; જગતનો સંહાર કરવા માટે પ્રબળ તમોગુણવાળા હર (રુદ્ર) સ્વરૂપ તમને ફરી ફરી વંદન. વળી માણસોના સુખ માટે અધિક સત્ત્વગુણનો આશ્રય કરનારા મૃડ-(વિષ્ણુ)સ્વરૂપ તમને અનેકવાર નમસ્કાર હો. છેવટે ત્રિગુણથી અતીત માયારહિત જ્યોતિ(મોક્ષ)સ્વરૂપ શિવને નમસ્કાર હો. ૩૦

વિશ્વની ઉત્પત્તિના સમયે સત્ત્વગુણ અને તમોગુણ કરતાં રજોગુણનું પ્રમાણ વધારે છે એવા તમે ભવ (भवति अस्मात् जगत् इति भवः) એટલે બ્રહ્મમૂર્તિને ધારણ કરો છો, તે આપને નમસ્કાર હો; એ જ પ્રમાણે વિશ્વના સંહાર વખતે

સત્ત્વગુણ અને રજોગુણ કરતાં તમોગુણની જેમાં અધિકતા હોય છે એવા હર (રુદ્રમૂર્તિ) સ્વરૂપ ધારણ કરતા આપને મારા વંદન હો. વળી સમસ્ત જગતના સુખ માટે જેમાં રજોગુણ અને તમોગુણથી સત્ત્વગુણ ચડિયાતો હોય છે એવા મૃડરૂપ (मृडयति सुखयति इति मृडो विष्णुः) અર્થાત્ વિષ્ણુરૂપ ધારણ કરતા તમને મારા પ્રણામ હો; એમ ત્રણ સ્વરૂપોને નમન કરી છેવટે નિર્ગુણ સ્વરૂપને સ્તોત્રકાર નમન કરે છે કે, હે પ્રભો! જ્યોતિર્મય (માયા અને તેનાં કાર્ય જે દોષ છે તેનાથી રહિત) એવા નિર્ગુણપદ સ્વરૂપ શિવ(મંગળસ્વરૂપ)ને મારાં વંદન હો.

આ ઉપરથી સહજમાં સમજાશે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ—એ ત્રણ દેવો એકમાત્ર બ્રહ્મનાં જ જુદાં જુદાં સ્વરૂપો છે; માટે તેમાં ભેદબુદ્ધિ કરવી, એ ભીંત ભૂલવા જેવું છે.

આ શ્લોક હરિણી વૃત્તમાં છે. 'नसमरसलागः षड्वेदैर्हयैर्हरिणी मता' એવું એનું સંસ્કૃત લક્ષણ છે. હવે જુઓ તેનું ગુજરાતી માપ:

'नसमरसलागे' એ ચારે, પગે હરિણની પળે;
'વિરતિ, ઋતુએ વેદે અશ્વે, થતી કવિઓ કળે.'

ન, સ, મ, ર અને સ—એવા પાંચ ગણના પંદર અક્ષરો ઉપરાંત એક લઘુ અને એક ગુરુ અક્ષર મળી સત્તર અક્ષરો હરિણીમાં હોય છે; તેમાંના છ અને ચાર અક્ષરે વિરામ લઈ બાકીના સાત અક્ષરો બોલવાના છે.

વાક્યપુષ્પોથી પુષ્પદંતની શિવપૂજા

પરમાત્માની સાચી સ્તુતિ કરવી તો અશક્ય છે; તોપણ ‘ममत्वेतां वार्णी’ એ ત્રીજા શ્લોકના ઉત્તરાર્ધથી આરંભેલા સ્તોત્રનો ઉપસંહાર કરતાં પુષ્પદંત પોતાનો વિનય દર્શાવતાં કહે છે:

कृशपरिणतिचेतः क्लेशवश्यं क्व चेदं ।
क्व च तव गुणसीमोल्लंघिनी शश्वदृद्धिः ॥
इति चकितममन्दीकृत्य मां भक्तिराधा-
द्वरद चरणयोस्ते वाक्यपुष्पोपहारम् ॥ ३१ ॥

હે વરદાન આપનાર ઈશ્વર! મારું અલ્પ વિષયવાળું અને ક્લેશને વશ થયેલું ચિત્ત ક્યાં? અને ગુણોની (સંખ્યા તથા આપરૂપી) સીમા(હદ)ને ઓળંગી જનારી આપની નિત્ય સમૃદ્ધિ ક્યાં? આ રીતે ભયભીત બનેલા મને બળાત્કારે સ્તુતિમાં પ્રવર્તાવી (અર્થાત્ ધીરજ આપીને આગળ ધપાવી) ભકિતએ આપના ચરણોમાં (પૂર્વોકત) વાકયપુષ્પોની ભેટ અર્પણ કરાવી છે. ૩૧

હે ઇષ્ટ વર આપનાર મહાદેવ! અલ્પવિષયક જ્ઞાનવાળું અને અવિદ્યાદિ અનેક દોષોને લીધે મલિન થયેલું મારું મન ક્યાં? અને ગુણની સીમા—હદને ઓળંગી જનારી તમારી નિત્ય સંપત્તિ ક્યાં? આવા હેતુથી ડરી જઈ સ્તુતિથી ચલિ' થતા મને તમારી ભકિતએ આ સ્તુતિ કરવાના વિષયમાં બળાત્કારે પ્રવૃત્ત કર્યો છે; અને ચાતુર્ય આપી મારા મુખમાંથી નીકળેલાં વાકયોરૂપી પુષ્પો વડે તમારા ચરણોમાં પૂજા માટેની અંજલિ

અર્પણ કરાવી છે—ભેટ ધરાવી છે; મતલબ કે મારાથી જે કંઈ ન્યૂનતા થઈ હોય, તે આપ (મારી ભક્તિ તરફ જોઈ) ક્ષમા કરશો. બીજાની બુદ્ધિથી કામ કરનારો ભૂલચૂક કરે છે; તેમ મેં ભક્તિની પ્રેરણાથી આ કામ કરેલું છે; માટે ભૂલચૂક માફ કરશોજી. અહીં સ્તુતિનાં વાક્યોને પુષ્પાંજલિનું રૂપ આપેલું છે, તેથી એવું ફલિત થાય છે કે જેમ પુષ્પો ભમરાને પોતાનો મકરંદ આપી ખુશ કરે છે, તેમ આ મારાં વાક્યો સ્તુતિના વિષયમાં ભક્તિભાવવાળા સજ્જનોને ઈશ્વરના ઐશ્વર્યના વર્ણનરૂપી સુધા-રસ આપશે અને બીજાઓને શ્રવણમાત્રથી પણ સુખ આપશે. સારાંશ કે હે પ્રભો! આપની ભક્તિમાં અત્યંત અસંભવિત એવું ફળદાન કરવાની અપૂર્વ શક્તિ છે, એવું મારા અનુભવમાં આવી ગયું છે; માટે મારી પ્રાર્થના છે કે આપની અચળ ભક્તિ મને આપજો.

આ અને આ પછીના ત્રણે શ્લોકો માલિનીવૃત્તમાં છે: 'ननमययुतेयं मालिनी भोगिलोकैः' એવું એનું સંસ્કૃત લક્ષણ છે. એ ઉપરથી નીચેનું ગુજરાતી માપ જુઓ:

ननमयय ગુણોથી, માલિનીમાં ન ખામી;
કવિજન કવિતા કહે, આઠ સાતે વિરામી.

માલિનીમાં પાંચ ગણના પંદર અક્ષરો પૈકી આઠે અને સાતે વિરામ લેવાનો હોય છે.*

---

*આ એકત્રીસ શ્લોકની સંસ્કૃત વ્યાખ્યા શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી મધુસૂદન સરસ્વતી સ્વામીજીએ પોતાની અનુપમ

શિવના અનંત ગુણો

असितगिरिसमं स्यात्कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥३२॥

હે ઈશ! મહાસાગરરૂપ પાત્રમાં નીલગિરિના જેટલી શાહી હોય, કલ્પવૃક્ષની ડાળીરૂપ કલમ હોય અને (પછી) પૃથ્વીરૂપ

શૈલીથી સુંદર લખેલી છે અને બત્રીસથી છત્રીસ સુધીના શ્લોકો સરળ છે, એમ કહી એ પાંચ શ્લોકોની વ્યાખ્યા એમણે કરેલી નથી; એ ઉપરથી અનુમાન થાય છે કે, એમણે આ એકત્રીસ શ્લોકોને જ શ્રી-પુષ્પદંતરચિત માન્યા હશે અને તે પછીના શ્લોકો પાછળથી ઉમેરાયેલા જાણી છોડી દીધા હશે; કેમ કે ૩૧મા શ્લોકમાં સ્તોત્રનો ઉપસંહાર આવી જાય છે અને પોતે સ્તોત્રકાર વિનય પણ બતાવી લે છે. પછીના શ્લોકો તો નિઃશંક ક્ષેપક જણાય છે. એ શ્લોકોની રચના—શૈલી પણ જુદી જ પડી જાય છે. આ પાંચ અને તે પછીના સાત મળી કુલ બાર શ્લોકોમાં શિવમહિમ્નઃ સ્તોત્રનું માહાત્મ્ય માત્ર બતાવેલું છે; એ ઉપરથી મારું પણ માનવું એવું જ છે; છતાં જ્યાં જ્યાં શિવમહિમ્નઃની છાપેલી ચોપડી જોવામાં આવે છે; ત્યાં ત્યાં બધે ૪૧ કે ૪૩ શ્લોકો છાપેલ જોવા મળે છે; તે ઉપરથી મેં પણ બધા જ શ્લોકોનો અનુવાદ અને અર્થ વગેરે આપેલાં છે. વિદ્વાનો મારો આ પ્રયત્ન જોઈ આનંદિત થશે અને ભૂલ-ચૂક માટે મને ક્ષમા આપશે એમ માની હું આગળ ચાલું છું. —અનુવાદક

કાગળ લઈ સરસ્વતી દેવી જો સદાકાળ લખે, તોપણ તમારા ગુણોનો તે પાર ન પામે. ૩૨

શ્લોકનો અર્થ સરળ છે, છતાં ઉપર અર્થ આપ્યો છે; તેથી થોડું ભણેલો માણસ પણ સહજમાં સમજી લેશે કે ઈશ્વરના ગુણોનો પાર નથી. જો કોઈ માણસ ધરતી ઉપરની રેતીના રજ-કણો ગણવા ધારે તો કદાચ ગણી શકે; પરંતુ ઈશ્વરના ગુણોનો તો તે કદી પાર ન પામી શકે. અરે! મનુષ્ય તો પાર ન પામી શકે એ વાત તો ઠીક છે; પરંતુ હજાર મુખવાળા શેષભગવાન પણ ઈશ્વરના ગુણોને ગાતાં ગાતાં થાકી જાય છે, એમ શાસ્ત્રોમાં અને પુરાણોમાં ઘણે ઠેકાણે વર્ણવેલું છે. વેદવ્યાસ કે જેમણે એક-રૂપ વેદને અનેક શાખાઓરૂપે વિસ્તૃત કર્યો છે, તે તથા શતકોટિ રામાયણના રચનાર મહર્ષિ વાલ્મીકિ અને વિષ્ણુના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માજી તેમ જ દેવોના ગુરુ બૃહસ્પતિ વગેરે ઋષિમુનિઓ તથા દેવો પણ ઈશ્વરનો મહિમા વર્ણવવા સમર્થ થયા નથી; તો પછી બીજાનું તો ગજું શું? અસ્તુ! તાત્પર્ય આ જ છે કે યથાશક્તિ ઈશ્વરના ગુણોનું વર્ણન કરી પોતાની વાણીને પવિત્ર કરી લેવી.

ઉપસંહાર

असुरसुरमुनीन्द्रैरर्चितस्येन्दुमौले-
र्ग्रथितगुणमहिम्नो निर्गुणस्येश्वरस्य ।
सकलगुणवरिष्ठः पुष्पदंताभिधानो
रुचिरमलघुवृत्तैः स्तोत्रमेतच्चकार ॥ ३३ ॥

સમગ્ર (ગંધર્વના) સમુદાયમાં શ્રેષ્ઠ પુષ્પદંત નામના ગંધર્વ અસુરો, સુરો તથા મુનીંદ્રોએ પૂજેલા અને જેમનો ગુણમહિમા (વેદશાસ્ત્રોમાં) ગૂંથાયો છે, એવા નિર્ગુણ પરમેશ્વર શ્રીચંદ્રશેખર શંકર ભગવાનનું આ સુંદર સ્તોત્ર મોટા છંદો વડે રચ્યું છે. ૩૩

'असुरसुरमुनीन्द्रै–' આ પદમાં પ્રથમ અસુરોનો નિર્દેશ કર્યો છે, તે સહેતુક જણાય છે. સુર કરતાં અસુરોએ તો ભોળા-નાથ ભગવાન શંકરને પ્રસન્ન કરી વરદાનો લીધેલાં વધુ સાંભળ્યાં છે; કેમ કે અસુરો જોકે આસુરી સંપત્તિવાળા છે, છતાં મનનો સંયમ કરી, ભારે તપ કરે તે કંઈ સહેલી વાત નથી; તેમાં પણ તેમની અચળ ભકિત દેખાઈ આવે છે; તો પછી એવી અચળ ભકિતથી ભોળાનાથ ભોળવાય, એમાં શી નવાઈ? 'इन्दुमौले' પદ ઉપરથી પોતે મહાદેવ કે જે ચંદ્રને ધારણ કરી રહ્યા છે, તે તાપની નિવૃત્તિ અને શીતળતાની પ્રાપ્તિ માટે જ છે, એમ સમજાઈ આવે છે. જે પોતે શીતળતા અને સુખશાંતિ ભોગવી રહ્યા છે, તે પોતાના ભકતોને સુખશાંતિ આપે અને ત્રણ તાપની નિવૃત્તિ કરવા શીતળતાનું સુખ આપે, એ સ્વાભાવિક છે. સચ્ચિદાનંદ પરમાત્મા પોતે સુખરૂપ હોઈ સર્વમાં સુખમય હોય એમાં પણ શી નવાઈ?

સ્તોત્રપાઠ–ફળશ્રુતિ

अहरहरनवद्यं धूर्जटेः स्तोत्रमेतत्
पठति परमभक्त्या शुद्धचित्तः पुमान् यः ।
स भवति शिवलोके रुद्रतुल्यस्तथाऽत्र
प्रचुरतरधनायुःपुत्रवान्कीर्तिमांश्च ॥ ३४ ॥

જે પુરુષ શુદ્ધ ચિત્તથી અને પરમ ભક્તિથી મહાદેવના આ પવિત્ર સ્તોત્રનો હમેશ પાઠ કરે છે, તે શિવલોકમાં શિવજી જેવો અને આ લોકમાં પુષ્કળ ધન તથા આયુષ્યવાળો, પુત્રવાન અને કીર્તિમાન થાય છે. ૩૪

પરમ ભાવ અને શુદ્ધ ચિત્ત, આ બે પદોથી ભક્તની અચળ ભક્તિ તથા ચિત્તની શુદ્ધતા બતાવેલી છે. ચિત્તશુદ્ધિ માટે શમ, દમ વગેરે ષટ્સંપત્તિની આવશ્યકતા છે અને તે ભક્તિના પાયારૂપ મનાયેલાં છે. જો મનની ચંચળતા હોય, તો ભાવભરેલી ભક્તિ બની શકે નહિ, એ નિર્વિવાદ છે; માટે મનુષ્યે પોતાના મનને પ્રથમ વશ કરવું જરૂરી છે.

महेशान्नापरो देवो महिम्नो नापरा स्तुतिः ।
अघोरान्नापरो मंत्रो नास्ति तत्त्वं गुरोः परम् ॥ ३५ ॥

મહેશ્વરથી શ્રેષ્ઠ બીજા કોઈ દેવ નથી અને મહિમ્નથી શ્રેષ્ઠ બીજી કોઈ સ્તુતિ નથી; તેમ જ અઘોર મંત્રોથી શ્રેષ્ઠ બીજો કોઈ મંત્ર નથી અને ગુરુથી શ્રેષ્ઠ બીજું કોઈ તત્ત્વ નથી. ૩૫

શંભુ, શંકર, ઈશ, પશુપતિ, શિવ, શૂલી, મહેશ્વર, એવાં અડતાલીસ મહાદેવનાં નામો અમરકોશમાં આપેલાં છે અને તે સિવાય 'શિવસહસ્રનામ'માં હજાર નામો આપેલાં છે. આ દરેક નામમાં મહિમા વસેલો છે; તે ઉપરથી સમજાશે કે સર્વ દેવોમાં મહાદેવનું સ્થાન ઊંચું છે. મહાદેવથી શ્રેષ્ઠ બીજો કોઈ દેવ નથી, તેમ જ મહિમાથી એટલે શિવમહિમા અર્થાત્ શિવમહિમ્નઃ સ્તોત્રથી ચડિયાતું બીજું કોઈ સ્તોત્ર નથી. અઘોર મંત્રથી વધી જાય એવો

કોઈ મંત્ર નથી અને ગુરુતત્ત્વથી વધીને બીજું કોઈ શ્રેષ્ઠ તત્ત્વ નથી. ગુરુમહિમા તો જે જાણે છે તે જ જાણે છે. જગદ્‌ગુરુ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યે ગુરુમહિમા સારી રીતે ગાયો છે; વળી આ શિવમહિમ્નઃ સ્તોત્ર ઉપર સંસ્કૃત ભાષામાં વ્યાખ્યા કરનાર શ્રીમદ્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમધુસૂદન સરસ્વતી સ્વામીએ વ્યાખ્યાના અંતમાં 'આ મેં મારા શ્રીગુરુચરણમાં સમર્પણ કરી છે' એમ કહીને ગુરુ પ્રત્યે પોતાનો અનન્યભાવ પ્રદર્શિત કરેલો છે. આ જોતાં પૂર્વકાલીન વિદ્વાનોમાં પોતાના ગુરુ પ્રત્યે કેટલી વિનયશીલતા અને કેટલો આદરભાવ હતો, તે જણાઈ આવે છે. ધન્ય છે એવા ગુરુઓને! ને ધન્ય છે એમના આવા ગુરુભાવથી ભરેલા શિષ્યોને!

આ અનુષ્ટુપ વૃત્ત છે: એનું બીજું નામ શ્લોક પણ છે. લક્ષણ નીચે મુજબ છે:

श्लोके षष्ठं गुरु ज्ञेयं सर्वत्र लघु पंचमम् ।
द्विचतुष्पादयोर्ह्रस्वं सप्तमं दीर्घमन्ययोः ॥

શ્લોકમાં અક્ષરો આઠ, પ્રત્યેક પદમાં ગણો;
પાંચમો લઘુ ને છઠ્ઠો, ગુરુ ચારે પદો તણો.
આવે જે સાતમો તે તો, પહેલે ત્રીજે પદે ગુરુ,
પરંતુ લઘુ લેવાય, બીજે ચોથે કહું ખરું.

दीक्षा दानं तपस्तीर्थं ज्ञानं यागादिकाः क्रियाः ।
महिम्नस्तवपाठस्य कलां नार्हन्ति षोडशीम् ॥ ३६ ॥

(બ્રહ્મચર્યાદિ અનેક પ્રકારની) દીક્ષાઓ, (ગાય, પૃથ્વી, સોનું વગેરેનાં) દાન, (ચાંદ્રાયણાદિ) તપ, (કાશી, પુષ્કળ વગેરે) તીર્થો, (શાસ્ત્રીય) જ્ઞાન અને યજ્ઞયાગાદિ ક્રિયાઓ; એમાંનું કોઈ પણ મહિમ્નઃ સ્તોત્રની (તેના પાઠની) સોળમી કળાને પહોંચવાને યોગ્ય પણ નથી. ૩૬

દીક્ષા, દાન, તપ, તીર્થ અને જ્ઞાન તથા કર્મકાંડ—આ બધુંયે હોય; પણ પારમાર્થિક જ્ઞાન અર્થાત્ બ્રહ્મજ્ઞાન વગર એ બધું ભારરૂપ જ છે એમ કહેવાનો અહીં ઉપર લખેલા પ્રકારોમાં જ્ઞાન શબ્દનો નિર્દેશ છે, તે જ્ઞાન માત્ર શાસ્ત્રીય જ્ઞાન જ સમજવું; નહિ કે પારમાર્થિક જ્ઞાન. જો પારમાર્થિક જ્ઞાન હોય તો એ બધાંની કશી જ જરૂર નથી. આ મહિમ્નઃ સ્તોત્રના પાઠથી પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત થાય છે, એમ પણ અંહીં સમજી લેવાનું છે; કેમ કે એ બધું વેદાંતમય છે. મહિમ્નઃ સ્તોત્રનું પરિપૂર્ણ જ્ઞાન થાય, તો આત્મજ્ઞાનમાં જ પરિણામ પામે છે. અસ્તુ!

આ અનુષ્ટુપ વૃત્ત છે.

સ્તોત્રકારનો નામનિર્દેશ

कुसुमदशननामा सर्वगंधर्वराजः
शिशुशशिधरमौलेर्देवदेवस्य दासः।
स खलु निजमहिम्नो भ्रष्ट एवास्य रोषात्
स्तवनमिदमकार्षीद्दिव्यदिव्यं महिम्नः ॥३७॥

પુષ્પદંત નામે સર્વ ગંધર્વોનો રાજા ચંદ્રની કલા જેના મુગટમાં છે એવા મહાદેવનો સેવક હતો. તે ગંધર્વ મહાદેવના ક્રોધથી પોતાના પ્રતાપથી ભ્રષ્ટ થયો હતો; એટલે તેણે આ પરમ દિવ્ય મહિમ્નઃ સ્તોત્ર બનાવ્યું. શરૂઆતમાં પુષ્પદંત વિષે જે દંતકથા કહેલી છે, તે આ શ્લોકને મળતી આવે છે. ૩

સ્તોત્રપાઠનું નિશ્ચયાત્મક ફલકથન

सुरवरमुनिपूज्यं स्वर्गमोक्षैकहेतुं
पठति यदि मनुष्यः प्रांजलिर्नान्यचेताः ।
व्रजति शिवसमीपं किन्नरैः स्तूयमानः
स्तवनमीदममोघं पुष्पदंतप्रणीतम् ॥ ३८ ॥

શ્રેષ્ઠ દેવો અને મુનિઓએ સત્કારેલું અને સ્વર્ગ તથા મોક્ષનું કારણ આ પુષ્પદંતવિરચિત મહિમ્નઃ સ્તોત્ર અમોઘ છે (અવશ્ય ફળદાયી છે). તેને (જે) મનુષ્ય બીજામાં મન રાખ્યા વિના એકાગ્રચિત્તે બે હાથ જોડી જો ભણે છે, તો કિન્નરોથી સ્તુતિ કરાતો એ શિવ સમીપ જાય છે. ૩૮

આ શ્લોકો માલિની વૃત્તમાં છે.

સ્તોત્રમહિમા

आसमाप्तमिदं स्तोत्रं पुण्यं गन्धर्वभाषितम् ।
अनौपम्यं मनोहारि शिवमीश्वरवर्णनम् ॥ ३९ ॥

(આરંભથી માંડી અંત સુધી) પવિત્ર અનુપમ, મનોહર; માંગલિક, મહાદેવજીના વર્ણનરૂપ આ ગાંધર્વરચિત સ્તોત્ર સમાપ્ત થયું. ૩૯

આ અનુષ્ટુપ વૃત્ત છે.

સ્તોત્રપાઠના અંતે પ્રાર્થના

इत्येषा वाङ्मयी पूजा श्रीमच्छंकरपादयोः ।
अर्पिता तेन देवेशः प्रीयतां मे सदाशिवः ॥४०॥

એ પ્રમાણે આ વાણીમય પૂજા શ્રીમત્ શંકરના ચરણોમાં મેં અર્પણ કરી છે; આ પૂજાથી દેવાધિદેવ સદાશિવ મારા ઉપર પ્રસન્ન થજો. ૪૦

આ અનુષ્ટુપ વૃત્ત છે.

સ્તોત્રપાઠાંતે નમસ્કાર

तव तत्त्वं न जानामि कीदृशोऽसि महेश्वर ।
यादृशोऽसि महादेव तादृशाय नमो नमः ॥४१॥

હે મહેશ્વર! તમે કેવા છો, એમ તમારું તાત્ત્વિક સ્વરૂપ હું જાણતો નથી; માટે હે મહાદેવ! આપ જેવા હો તેવા, આપને મારા વારંવાર નમસ્કાર હો. ૪૧

આ અનુષ્ટુપ વૃત્ત છે.

સ. સા.

સ્તોત્રપાઠ કરનાર શિવલોકમાં પૂજાય

एककालं द्विकालं वा त्रिकालं यः पठेन्नरः ।
सर्वपापविनिर्मुक्तः शिवलोके महीयते ॥४२॥

દરરોજ એક વખત, બે વખત અથવા ત્રણ વખત જે પુરુષ આ સ્તોત્ર ભણે છે; તે સર્વ પાપોથી મુક્ત થઈ શિવલોકમાં પૂજાય છે. ૪૨

આ અનુષ્ટુપ વૃત્ત છે.

આ સ્તોત્રપાઠથી શંકરની પ્રસન્નતા

श्रीपुष्पदन्तमुखपङ्कजनिर्गतेन
स्तोत्रेण किल्बिषहरेण हरप्रियेण ।
कण्ठस्थितेन पठितेन समाहितेन
सुप्रीणितो भवति भूतपतिर्महेशः ॥४३॥

શ્રી પુષ્પદંતના મુખકમળમાંથી નીકળેલું પાપહરણ કરનારું અને શંકરને પ્રિય આ સ્તોત્ર મુખપાઠ કરી સમાહિત (સાવધાન) ચિત્તે ભણવાથી એટલે જે ભણે છે, તેના ઉપર—ભૂતપતિ મહાદેવ ઘણા જ પ્રસન્ન થાય છે. ૪૩

શ્રી પુષ્પદંતના મુખકમળમાંથી નીકળેલું એવો એનો અર્થ છે. પરંતુ પરિશિષ્ટમાં જે સમશ્લોકી અનુવાદ આપ્યો છે તેમાં અમે ખરેલ એમ કહેલું છે, તે યોગ્ય જ છે. નીકળેલ

લખવા કરતાં ખરેલ લખવું વધારે યોગ્ય છે; કેમ કે કમળમાંથી જેમ પુંકેસર ખરે છે, તેમ આ મુખકમળમાંથી કેસર સમાન શબ્દો ખરેલા છે. એમ સમજાય છે. 'जितात्मा' પદ, મૂળમાંના 'समाहित' પદ માટે મૂકેલું છે. સમાહિત એટલે સાવધાન અર્થાત્ એકાગ્રચિત્ત થયેલ, એમ સમજાય છે. જેણે પોતાનું મન જીત્યું નથી તે એકાગ્રચિત્ત શી રીતે થવાનો હતો! આ છેલ્લો શ્લોક વસંતતિલકા વૃત્તમાં છે. 'उक्ता वसन्ततिलका तभजाजगौ गः' એવું એનું સંસ્કૃત પિંગળનું લક્ષણ છે. હવે જુઓ એનું ગુજરાતી માપ :

છે ચૌદ અક્ષર વસ્યા, તભજાજગૌગે,
એવી વસંતતિલકા, ગુણી ગાય રાગે.

આ વસંતતિલકામાં તગણ, ભગણ, જગણ અને જગણ એમ ચાર ગણના બાર અને છેવટના બે ગુરુ અક્ષરો મળી કુલ ચૌદ અક્ષરો હોય છે.

★

શિવમહિમ્નઃ સ્તોત્ર

સમશ્લોકી અનુવાદ

શિખરિણી

મહિમાની તારા, વણુ અવધિ જાણ્યે સ્તુતિ યદિ,
અયોગ્યા તો બ્રહ્માપ્રભૃતિતણીયે યોગ્ય ન કદી;
મનાયે જો સૌની, સ્વ-મતિ-હદવાળી સ્તુતિ જ તો
ઉધામો આ મારો, પણ નિરપવાદી હર! થતો. ૧

મનોવાણીથીયે પર વિલસતો આપ-મહિમા,
અભેદેથી જેના, શ્રુતિ પણ ગુણો ગાય ભયમાં;
સ્તવાયે કોથી એ? કવણ ગુણ? કોઈ કયમ કળે?
છતાં સાકારે તો, મન-વચન કોનાં નવ વળે? ૨

વદો વાણી પોતે, મધુરી મધુરી અમૃતમયી,
પછી ક્યાંથી લાગે? સુરગુરુ-ગિરા અદ્ભુત થઈ;
છતાં આ વાણી હું, તુજ ગુણ ગણી પાવન કરું;
અને એ અર્થે આ પુરમથન! મારી મતિ ધરું. ૩

તમારું ઐશ્વર્ય, ત્રણ ગુણ થકું થૈ ત્રણ રૂપે,
કરે સૃષ્ટિ-સ્થિતિ-પ્રલય, વળી વસ્તુ ત્રયીનું તે;
નિષેધંતા એને વરદ! મતિહીણા અવગણી,
અભાગીને વ્હાલાં અશુભ વચનો દોષથી ભણી. ૪

સર્જ્યું જો સ્રષ્ટાએ, ત્રિભુવન શી ચેષ્ટા ? શરીર શું ?
ઉપાયો શું છે ? શું, અધિકરણ ? સામગ્રી પણ શું ?
કુતર્કો કૂડા આ, અકળ-કળ તુંમાં ન ટકતા,
ભમાવા ભોળાંને, મુખર મુખ મુખોનું કરતા. ૫

નથી સર્જેલી તો, અવયવવતી સૃષ્ટિ કયમ આ ?
કહો સર્જેલી તો, સરજનધણી હોય કયમ ના ?
અનીશે સર્જી તો ઉપકરણ શાં ? એ સરજને,
ડરે મૂર્ખો તુંમાં, અમરવર ! જે શંકિત બને. ૬

ત્રયી, સાંખ્યાદિના, પશુપતિ અને વિષ્ણુમતના,
અનોખા માર્ગોમાં, 'હિતકર થશે, આ પરમ આ :'
રુચિજોગા એવા, ઋજુ-કુટિલ માર્ગે જઈ તને,
જનો પામે અંતે; જયમ જલ-પ્રવાહો જલધિને. ૭

કપાલો, ખટ્વાંગો, અજિન, ફરશી, વૃદ્ધ વૃષ જ્યાં,
ભુજંગો ને ભસ્મો, ઘરવખરી પર્યાપ્ત તુજ ત્યાં;
છતાં તે તે રિદ્ધિ, અમર તુજ મ્હેરેથી જ લહે,
નિજાનંદીને તો વિષય-મૃગતૃષ્ણા ન ભમવે. ૮

કહે કોઈ લોકો જગત ધ્રુવ, કો અધ્રુવ કહે,
વળી બીજાઓ તો, ધ્રુવ-અધ્રુવ સંમિશ્રિત લહે;
પ્રકારો પેખી આ; પુરમથન ! હું વિસ્મિત સમો,
સ્તવંતાં લાજું ના, મુખરપણું છે ધીટ જ અહો ! ૯

મહા તેજોરાશિ ! તુજ બળતણું માપ કરવા,
ગયા યત્ને ઊંચે, વિધિ, હરિ નીચે, નિષ્ફળ હવા;
પછી ભક્તિ–શ્રદ્ધા–ભર સ્તુતિ કરંતા પ્રતિ તમે,
સ્વયં દીધાં દર્શન, ગિરીશ ! તુજ સેવા શું ન ફળે ? ૧૦

કરી વૈરીહીણું, ત્રિભુવન દશાસ્યે સર કર્યું,
ધર્યું બાહુઓનું જૂથ લડતકેરી ચળ ભર્યું,
બલિદાને અર્પી, શિર–કમળ–માળા તુજ પદે,
પ્રભાવો ભક્તિના, ત્રિપુરહર ! તારી અચળ એ. ૧૧

પ્રભો ! તુંથી પામ્યો, સબળ ભુંજનાં વૃંદ ધરવા,
છતાં એ તો મંડ્યો ! તુજ ભુવન કૈલાસ હરવા;
તહાં અંગુષ્ઠાગ્રે, સહજ દબવ્યો એ સ્થિતિ થકી,
ન પત્તો પાતાળે ! ખચિત ખળ જાયે છત–છકી. ૧૨

ત્રણે લોકો બાણે, વરદ ! વશ લૈ સેવક ગણી,
ઘણી ઊંચી રિદ્ધિ પણ નીચી કરી વાસવતણી;
નવાઈ શી એમાં ! તુજ ચરણ તેની નતિ હતી,
ન કોની તું પ્રત્યે, શિર–અવનતિ ઉન્નતિ થતી. ૧૩

અચિંત્યો બ્રહ્માણ્ડ–ક્ષય સમજી, દેવાસુર ડર્યા,
દયાભાવે ત્યારે, ત્રિનયન ! તમે તે વિષ હર્યાં;
ન શોભે શું કંઠે ! અતિશ–વિષ–કાળાશ તમને,
કલંકે શોભંતું ! ભુવન–ભય–ભંગ–વ્યસનીને. ૧૪

પડંતાં પાછાં ના, શર સ્મરતણાં નિત્ય વિજયી,
ફળ્યા ન્હોણાં વિશ્વે, સુર–અસુર કે માનવ મહીં;
તને તે દેવેશો, ગણ્યો ઈશ ! થયો ભસ્મ તુજથી,
જિતાત્માની નિશ્ચે હિતકર અવજ્ઞા ન બનતી. ૧૫

પદાઘાતે પૃથ્વી, પડતી સહસા સંશય મહીં,
છળ્યાં નક્ષત્રોયે, ભુજ–પરિઘ વેગે નભ જહીં;
ડગંતું દ્યૌ છુટ્ટી, લટ–તટ જટાની વીંઝવતાં,
જગતત્રાણે–નાચ્યો કપરી, બનતી આપ–વિભુતા. ૧૬

નભે છાયું ખ્હોળું, ગ્રહગણ ફૂંણ્યે ફીણ ફળિયું,
વિયત્–ગંગા–વારિ, તુજ શિર વિષે બિંદુ બનિયું;
બન્યું દ્વીપાકારે, જગત જળમાં ધોધથકી જે,
જશે કલ્પ્યું એથી, વપુ વિપુલ ને દિવ્ય તુજ તે. ૧૭

રથે પૃથ્વી, ચક્રે રવિ–શશી, શરે માધવ ધરી,
હિમાદ્રી કોદંડે, શતધૃતિ ધર્યા સારથિ કરી;
દહંતાં કીધો તેં, ત્રિપુર–તૃણ આડંબર શું આ ?
સ્વ–ચીજે ખેલંતી, પ્રભુમતિ પરાધીન થતી ના. ૧૮

સહસ્રાબ્જે તારાં ચરણ પૂજતાં એક જ ઘટ્યું,
તહાં શ્રીવિષ્ણુએ, નિજ–નયન–નીલાબ્બુજ ધર્યું;
પરા ભક્તિ આ તો પરિણત થઈ ચક્ર રૂપમાં;
ત્રિલોકી–રક્ષાર્થે, ત્રિપુરહર ! જાગે જગતમાં. ૧૯

ક્રતુ-સ્વામીને તું, ક્રતુ સૂઈ ગયે જાગી ફળ દે,
ખડેલાં કર્મો તો ઈશપૂજન વ્હોણાં કયમ ફળે ?
તને તેથી યજ્ઞે, ફળ-વિષય જામીન સરજી,
ધર શ્રદ્ધા ધારી શ્રુતિવિહિત કર્મો જન સજી. ૨૦

ક્રિયા-જ્ઞાતા દક્ષ, ક્રતુ પતિ હતા પ્રાણી-પતિ જ્યાં,
ઋષિઓ, ઋત્વિજો, શરણદ ! હતા સભ્ય સુર ત્યાં;
ક્રતુ તૂટ્યો કિંતુ ક્રતુ-ફલ-વિધાયી તુજ થકી,
અશ્રદ્ધાના યજ્ઞો, અહહ ! અભિચારાર્થ જ નકી. ૨૧

મૃગીભૂતા પુત્રી, પ્રતિ મૃગ બની રંગ રમવા,
હઠે ધાયો ધાતા, પણ નભ પડ્યો નાથ બચવા;
ધનુર્ધારી તુંથી, શર-ત્રસત થૈ ઘાયલ ગતિ,
હજીયે આકાશે, તુજ શર પળે છે મૃગ પ્રતિ. ૨૨

ઉમા-લાવણ્યેથી, ધનુષ ધરી આવેલ સ્મર જે,
ગણી બાળેલો તે, તૃણ સમ ઉમા આગળ તમે;
છતાં અર્ધાંગે રૂહે, યમનિરત જો સ્રૈણ સમજે,
તમોને દેવી તો, વરદ ! વનિતાઓ મૂઢ ખરે ! ૨૩

સ્મશાને ક્રીડા ને, સ્મરહર ! સખા પ્રેત-ગણ છે,
ચિતાભસ્મો છે ને, નર-ખપરની માળ પણ છે;
ભલે ને ! તારું એ, ચરિત સઘળુંયે અશુભ છે,
છતાં ભક્તો કેરું, વરદ ! સઘળુંયે તું શુભ છે. ૨૪

ધરી પ્રત્યક્-ચિત્તે, મન સવિધ વાયુ વશ લઈ,
વહાવી હર્ષાશ્રુ, નયનભર રોમાંચિત થઈ;
વિલોકી વસ્તુ કે અમૃત-હ્રદમાં મજ્જિત સમો,
મજા માણે યોગી, હૃદયમહીં તે તત્ત્વ જ તમો. ૨૫

શશી તું ભાનુ તું શિવ! સલિલ તું ગંધવહ તું,
ધરા તું આત્મા તું, ભવ! અનલ તું વ્યોમ પણ તું;
ભલે એવી તુંમાં, પરિમિત ગિરા સુજ્ઞ વદતા;
ન શી વસ્તુ? તે, નવ અહીં અમે તો સમજતા. ૨૬

ત્રિવેદો ત્રિદેવો ત્રિભુવન, અવસ્થા ત્રયતણું,
અકારાદિ વર્ણે, કથન કરી જે બોધક થતું;
ધ્વનિ માત્રાર્ધે લૈ, તુજ તરીય અવ્યાકૃત પદે,
સમગ્રે પ્રત્યંગે, શરણદ! તને ૐપદ વદે. ૨૭

ભવઃ શર્વઃ રુદ્રઃ પશુપતિ ઈશાનઃ સહમહાન્,
તથા ભીમઃ ઉગ્રઃ મળી બનતું નામાષ્ટક મહાન્;
વસે નામે નામે, શ્રુતિ પણ મહાદેવ! તુજ એ,
નમસ્કારો મારા, શરણરૂપ! પ્રેમાસ્પદ! તને. ૨૮

નમું સૌથી પાસે, પ્રિયદવ! નમું સૌથી દૂર તું,
નમું સૌથી મોટા, સ્મરહર! નમું સૌથી તનુ તું;
નમું સૌથી વૃદ્ધ, ત્રિનયન! નમું સૌથી યુવ તું,
નમું એ તું આ, તું સકલરૂપ! સર્વાત્મક! નમું. ૨૯

હરિણી

અધિક–રજસે, સૃષ્ટિકર્તા ભવસ્વરૂપે નમું,
અધિક–તમસે, સૃષ્ટિહર્તા હરસ્વરૂપે નમું;
જનસુખ કરા, સત્ત્વાધિક્યે મૃડસ્વરૂપે નમું,
ત્રિગુણરહિતે, તેજઃપુંજે શિવસ્વરૂપે નમું. ૩૦

માલિની

મતિ લવ–પરિપાકી, ક્લેશ–આધીન હું ક્યાં ?
અનહદ ગુણ–રિદ્ધિ, શાશ્વતી આપની ક્યાં ?
ચલિત ચકિત થાતાં, ભક્તિ ધૈર્યે ધપાવે,
વરદ ! ચરણ તારાં, વાક્ય–પુષ્પે પૂજાવે. ૩૧

નીલગિરિ સમ શાહી, લેઈને સિંધુ–પાત્રે,
સુરતરુતણી શાખા, લેખની પૃથ્વી–પત્રે;
નિશદિન લખશે જો, શારદા એકતાર,
તદપિ તુજ ગુણોનો ઈશ ! પામે ન પાર. ૩૨

અસુર–સુર–મુનીંદ્રે, ચંદ્રમૌલિ પૂજ્યા જે,
નિરગુણ ઈશ ગાયા ગુણ–મ્હેમા ખચી જે;
સકલ ગુણ વિષે જે, શ્રેષ્ઠ તે પુષ્પદંતે,
સ્તવન રુચિર એવું, આ રચ્યું દીર્ઘવૃત્તે. ૩૩

પ્રતિદિન પઢતો જે, સ્તોત્ર આ શંભુ કેરું,
મનુજ પરમ ભાવે, શુદ્ધ ચિત્તે અનેરું;

શિવ સમ બની સે'જે, જાય કૈલાસ ધામે,
અતિ સુત, ધન, આયુ, કીર્તિ તે અત્ર પામે. ૩૪

અનુષ્ટુપ

શંભુથી પર ના દેવ, મ્હેમાથી પર ના સ્તુતિ,
અઘોર મંત્રથીયે ના, ગુરુથી પર તત્ત્વ ના. ૩૫

દીક્ષા, દાન, તપસ્, તીર્થ, જ્ઞાન ને કર્મકાંડ જ્યાં,
મહિમ્નઃ સ્તોત્ર કેરી ના, સોળમીયે કળા જ ત્યાં. ૩૬

માલિની

કુસુમ-દશન નામે, સર્વ-ગંધર્વ-રાજ,
શિશુ-શશિ-ધર ભોળાનાથનો દાસ ખાસ;
પતન બળતણું તે, પામી, સ્વામી ખિજાતાં,
સ્તવન-કવન કીધું, દિવ્ય મ્હેમાતણું આ. ૩૭

સુર-મુનિવર પૂજે, સ્વર્ગદા મોક્ષદા જે,
સ્તવન ફળવતું આ પુષ્પદંતે રચ્યું તે;
જન યદિ કર જોડી, એક ચિત્તે ભણે તો,
શિવ-સમીપ જ જાયે, કિન્નરોથી ગવાતો. ૩૮

અનુષ્ટુપ

સમાપ્ત આ થયું સ્તોત્ર, ગંધર્વોક્ત પવિત્ર ને;
અનુપમ મનોહારિ, મંગલ શિવ-કીર્તને. ૩૯

વાણી વડે કરેલી આ પૂજા શંભુ-પદે હજો;
અર્પું એમ મહાદેવ, પ્રસન્ન મુજને થજો. ૪૦

તમે કેવા મહાદેવ? તત્ત્વ જાણું ન હું જરી;
જેવા હો આપ તેવાને, નમસ્કાર ફરીફરી. ૪૧

એક કાળે દ્વિકાળે વા, ત્રિકાળે ભણનાર જે;
મુકાઈ સર્વ પાપોથી, પૂજાયે શિવલોક તે. ૪૨

વસંતતિલકા

શ્રીપુષ્પદંત-મુખ-પંકજથી ખરેલ,
આ સ્તોત્ર પાપ-હર છે હરને ગમેલ;
એનો જિતાત્મ મુખપાઠ કરે હમેશ,
તો તુષ્ટ થાય અતિ ભૂતપતિ મહેશ. ૪૩

★

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

અન્ય ઉપયોગી પુસ્તકો

ધર્મગ્રંથો–પુરાણો

સ્કંદમહાપુરાણ ભા. ૧	૧૫—૦૦
સ્કંદમહાપુરાણ ભા. ૨	૨૦—૦૦
સ્કંદમહાપુરાણ ભા.૩	૩૦—૦૦
કૂર્મમહાપુરાણ	૧૨—૦૦
લિંગમહાપુરાણ	૧૨—૫૦
બ્રહ્મવૈવર્તપુરાણ ભા. ૧—૨	૨૪—૦૦
શ્રીમદ્ ભાગવત બે ગ્રંથોમાં	૩૦—૦૦
દેવીભાગવત	૨૪—૦૦

વેદાંત–તત્ત્વજ્ઞાન

પંચીકરણ	૪—૦૦
અમૃતાનુભવ	૨—૫૦
ષટ્પદી	૦—૭૫
વિચારસૂર્યોદય	૦—૭૫
કપિલ ને દેવહૂતિ	૨—૦૦
હિન્દુધર્મની બાળપોથી	૧—૫૦
શાંડિલ્યભક્તિસૂત્ર	૧—૦૦
હિંદુધર્મ (મોટું)	૨—૫૦

રામાયણ–મહાભારત

હરિવંશ અથવા ઉત્તર મહાભારત	૨૫—૦૦
મહાભારત—શાંતિપર્વ	૧૫—૦૦

બાળસાહિત્ય

શિશુસાથી—૧	૦—૫૦
શિશુસાથી—૨	૦—૫૦
પ્રૌઢ વાચનપૂર્તિ	૦—૭૫
એક હતાં શેઠાણી	૧—૫૦
પ્રેમપંથ ભાગ—૧	૦—૧૯
બાળકોની વાતો	૧—૨૫
બાળકોનો આનંદ	૦—૫૦

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–અમદાવાદ

સ્તોત્રો—પ્રાર્થના—માહાત્મ્ય

વૈદિક વિનય (ત્રણ ખંડોમાં) ૭—૫૦

વેદોમાંના કેટલાક ચૂંટેલા ઉત્તમ મંત્રો, દેશકાળને અનુરૂપ પ્રાર્થનારૂપે સરળ ભાષાંતર સાથે.

ષોડશ ગ્રંથો ૨—૫૦

શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત સોળ ગ્રંથો મૂળ શ્લોકો, અન્વય, અર્થ, ભાવાર્થ ને વિવેચન સા[થે].

સ્વાધ્યાયસુધા ૬—૦૦

ચૂંટેલા મંત્રો, સુભાષિતો અને સૂક્તિઓનો સ્વાધ્યાય કરવા યોગ્ય ઉપયોગી સંગ્રહ અર્થ સાથે.

ચંડીપાઠ ૬—૦૦

ગુજરાતી ભાષાંતર સાથે મૂળ પાઠ ઉપરાંત બીજા ભગવતીનાં ઉપયોગી સ્તોત્રો સાથે.

રુદ્રાષ્ટાધ્યાયી ૩—૦૦

મૂળ મંત્રો, પદચ્છેદ, શબ્દાર્થો અને અનુવાદ ટિપ્પણો સાથે.

સ્તોત્રસંગ્રહ ૫—૦૦

ભક્તિનાં ૨૪ તથા વેદાંતનાં ૧૭ સ્તોત્રો મળી કુલ ૪૧ સ્તોત્રોનું મૂળ સાથે ભાષાંતર.

જપજી ૨—૦૦

શીખ ધર્મના મહાન ગુરુ નાનકદેવ વિરચિત મુમુક્ષુઓને ઉપયોગી ગ્રંથનું મૂળ ભાષાંતર.

હરિપાઠ ૦—૫૦

શ્રી જ્ઞાનદેવરચિત મૂળ સાથે ભાષાંતર.

ગંગામાતા ૦—૭૫

ગંગાજીને લગતી માહિતી અને સ્તોત્રો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ